بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**

# બરકાતે ખ્વાજા *(માસિક)*


**તા. ૦૧-એપ્રિલ-૨૦૦૯**

**રબીઉલ આખર-જમાદીઉલ અવ્વલ**

**હિજરી સન : ૧૪૩૦**

**વર્ષ : ૦૬, અંક : ૦૪, સળંગ અંક : ૬૪**



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨ મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Web. :www.barkatekhwaja.net**

**Email : anjuman2006@hotmail.com**


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૨૦/- |
| વિદેશ માટે | £ | 15/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૩૦૦/- |
| આજીવન | રૂા. | ૩૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | £ | 150/- |
| વિદેશ માટે આજીવન | £ | 250/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | ગૌષ પાકની ન્યાઝ કરનારાઓને શરીઅતનો સંદેશ ! | ૦૨ |
| ૦૨ | **વર્તમાનકાળમાં આડેધડ થતી તલાક઼ો અને તેનું નિવારણ...** | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૫ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૭ |
| ૦૫ | ફત્વા વિભાગ : તલાક઼ સંબંધી મસાઈલ | ૧૮ |
| ૦૬ | હઝરત ખ્વાજા ક઼ાઝી મહમૂદ દરિયાઈ દુલ્હાની કરામતોની એક ઝલક ! | ૧૯ |
| ૦૭ | "યા સૈયદના શૈખ અબ્દલ ક઼ાદિર જીલાની શૈઅન લિલ્લાહ !" જાઈઝ હોવા સંબંધે તેહક઼ીક઼ી ચર્ચા | ૨૨ |
| ૦૮ | પતિ પત્નીના પ્રશ્નો સંબંધી જાણવા જેવા મસાઈલ | ૨૫ |
| ૦૯ | દેવબંદના પ્રિન્ટ લેવલ પર ક઼ાદયાનીનો મહેલ !! | ૩૩ |
| ૧૦ | નઅતની મેહફિલો અને આપણી વાસ્તવિક સ્થિતિ | ૪૧ |
| ૧૧ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૭ |


### મન્ક઼બત દર શાને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ

અઝ : ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

તૂ હે વો ગ઼ૌષ કિ હર ગ઼ૌષ હે શૈદા તેરા
તૂ હે વો ગૈષ કિ હર ગૈષ હે પ્યાસા તેરા
સૂરજ અગલોં કે ચમકતે થે ચમક કર ડૂબે
ઉફ઼ુક઼ે નૂર પે હે મેહ્ર હમેશા તેરા
જો વલી ક઼બ્લ થે યા બાદ હૂએ યા હોંગે
સબ અદબ રખતે હૈં દિલમેં મેરે આક઼ા તેરા
સારે અક઼તાબ જહાં કરતે હૈં ક઼અબેકા તવાફ
કા'બા કરતા હે તવાફે દરેવાલા તેરા
ઔર પરવાનેં હૈં જો હોતે હૈં કા'બે પે નિષાર
બાગકે સાઝોં મેં બજતા હે તરાના તેરા
કિસ ગુલિસ્તાં કો નહીં ફસ્લે બહારીસે નિયાઝ
કૌન સે સિલસિલા મેં ફૈઝ ન આયા તેરા
નહીં કિસ ચાંદ કી મંઝિલમેં તેરા જલ્વએ નૂર
નહીં કિસ આઈના કે ઘરમેં ઉજાલા તેરા
રાજ કિસ શહરમેં કરતે નહીં તેરે ખુદ્દામ
બાજ કિસ નહ્રસે લેતા નહીં દરયા તેરા
મઝરએ ચિશ્તો બુખારા વ ઈરાકો અજમેર
કૌનસી કિશ્ત પર બરસા નહીં ઝાલા તેરા
દિલે અઅ્દાકો **"રઝા"** તેઝ નમક કી ધૂન હે
ઈક ઝરા ઔર છિડકતા રહે ખામા તેરા

# ગૌષ પાક رضی اللہ عنہની ન્યાઝ કરનારાઓને શરીઅતનો સંદેશ ! કાર્યાલય

સુલ્તાનુલ્ અવલિયા, ગૌષુષ્ષકૃલૈન, પીરાને પીર, દસ્તગીર, હઝરત સૈયદ મુહયુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની મહોબ્બતનો ચિરાગ દરેક ખુશઅકીદા સુન્નીના દિલમાં ઝગમગી રહ્યો હોય છે. ગૌષ પાક رضی اللہ عنہની જાહેરી જિંદગીમાં આપનો નિયમ હતો કે દર મહિનાની ૧૧મી ઈસ્લામી તારીખે આપ સરકારે દો જહાં ﷺની બારગાહમાં નઝરાણારૂપે મેહફિલે મીલાદ સજાવી ન્યાઝ બનાવી મુસલમાનોને જમાડતા હતા. એ જ મામૂલને કારણે આપના રબીઉલ આખર માસમાં વિસાલ બાદ સુન્ની મુસલમાનો ૧૧મી શરીફની ન્યાઝ ખાસ કરીને ૧૧–રબીઉલ આખર શરીફમાં કરીને ગૌષ પાક رضی اللہ عنہની બારગાહમાં નઝર કરે છે, એ શરીઅતમાં જાઈઝ છે. પણ અત્રે કેટલીક સાવચેતીઓ તથા સૂચનો એના સંબંધે કરીએ છીએ :–

★ ન્યાઝ માટે હલાલ કમાઈની રકમ તથા અનાજ વગેરે પેશ કરશો. અને કોઈની પાસેથી બળજબરીથી ન્યાઝ કરવા રકમ લેશો નહીં, દેવું બાકી હોય તે ચૂકવ્યા વિના અથવા દેવું કરીને ન્યાઝ કરવી જરૂરી નથી.

★ જે લોકો ન્યાઝ કરે તેઓ અલ્લાહ جل جلاله તથા રસૂલ ﷺને રાજી કરવાની નિખાલસ નિય્યતથી કરે, જો ભપકો પાડવા, વાહ વાહ કરાવવા કે પોતાનો ડંકો વગાડવા ન્યાઝ કરશે તો સવાબના બદલે ગુનો મળશે.

★ ન્યાઝ ખાનારા અદબપૂર્વક તથા બની શકે તો બાવુઝૂ અને માથે અવશ્ય ટોપી રાખીને જમે જમાડે કે ઉઘાડા માથે ખાવું પીવું મકરૂહ છે. ખાતા પહેલાં **બિસ્મિલ્લાહ**થી શરૂ કરે અને અંતમાં **અલ્હમ્દુલિલ્લાહ** કહે તથા દુઆ પઢે. ખાતી વેળા નાજાઈઝ કે બિભત્સ તથા નિરર્થક વાતો ન કરે. ન્યાઝને જમીન પર ન ફેંકે અને પગો નીચે ન કચડે, બલ્કે ખૂબ અદબ જાળવે.

★ બહેનો બાપર્દા ન્યાઝ જમવા આવે, કમસે કમ આખી બાંયોવાળો, ગળુ સીનો વગેરે આખુ શરીર ઢંકાયેલ હોય તેવો પોશાક, મોટી ઓઢણી કે પર્દાની સાથે આવે. ખુલ્લા ગળે, ઉઘાડે માથે, મસલ્સ તથા હાથો સાથે અન્ય શરીરનું પ્રદર્શન કરતી ન આવે.

★ સ્ત્રી પુરૂષોની ભેળસેળ ન થાય તેવી વ્યવસ્થા રાખવી એ શરીઅતમાં જરૂરી છે. જેથી સ્ત્રીઓ માટે અલગ બેઠક વ્યવસ્થા કરે તે પણ **પુરૂષોની નજર ન પડે માટે પાર્ટીશન કરી તેમને જમાડે.** ક્યાંક એવી રીતે ન્યાઝ જમાડાય છે કે જાણે **ગૈર કૌમની શાદી !** સૌ મિક્સ તથા સાથે સાથે જમે છે ! તો આ **હરામ** છે, ખૂબ જ બુરી વાત છે, આનાથી **ગૌષ પાકની રૂહ નારાજ થશે.**

★ સ્ત્રીઓમાં જમવાનું વહેંચનારી ફક્ત બહેનો જ હોય અથવા ૧૦–૧૨ વરસના કે એથી ઓછી વયના નાબાલિગ છોકરા જ વહેંચે. યુવાનો હરગિઝ હરગિઝ ન વહેંચે કે ગૈર ઔરતોમાં નામહરમે જવું **હરામ** છે. ગૌષ પાકની રૂહને રાજી રાખવા ચાહતા હોય તો શરીઅતના આ કાનૂનનો ખાસ લેહાજ રાખશો.

★ ન્યાઝ માટે મટનને **ઝબહ કરનાર, લાવનાર, રાંધનાર, વહેંચનાર સૌ સુન્ની જ હોય** અન્ય ફિર્કાવાળા ઝબહ કરશે તો **હરામ** (ગોશ્ત મુરદાર) છે. *(વધુ માટે ફિકહની કિતાબો વાંચશો.)*

**ખાસ ચેતવણી** : "સુન્નીઓ" સિવાય અન્ય બાતિલ ફિર્કાવાળા વહાબી, દેવબંદી જમાતી, ગૈર મુકલ્લિદ અહલે હદીષ, મૌદૂદી કહેવાતા જમાઅતે ઈસ્લામી, શીઆ...વગેરેને આમ પણ ખવડાવવું "હરામ" છે, તો એમાંના કોઈને ન્યાઝ જમાડવી "અધિક હરામ" ગણાશે, અને એ ન્યાઝની બેઅદબી તથા ન્યાઝવાળાની રૂહને નારાજ કરવું છે. જેથી આમ એલાન કરે તો સર્વ લોકોને નહીં પણ **"સુન્નીઓ ગૌષ પાક رضی اللہ عنہના ચાહકોને દા'વતે આમ આપવામાં આવે છે."** એવું એલાન કરે. અન્ય ફિર્કાવાળા આવે તો નિયમ સમજાવીને પાછા કાઢે. કુર્આન શરીફમાં છે : (અર્થ) : અને જો ક્યાંક તને શૈતાન ભૂલવી દે તો યાદ આવતાં જાલિમો પાસે ન બેસ. *(સૂ. અન્આમ, આ. ૬૮)* અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત વધુ પેજ નં. ૧૬.....પર

## વર્તમાનકાળમાં આડેધડ થતી

# તલાક઼ો અને તેનું નિવારણ.........

તંત્રી લેખ

'નિકાહ' એ અજનબી પુરૂષ તથા અજનબી સ્ત્રીને જોડી દેનાર તથા એકબીજા વચ્ચે અતૂટ મહોબ્બત પેદા કરનાર એવું પવિત્ર બંધન છે જે બંનેને દુનિયા તથા આખેરતમાં સુકૂન અર્પણ કરે છે. **ઈજાબ** તથા **કુબૂલ** વેળા **સ્ત્રીની રજા** અને પુરૂષનું કહેવું કે **'મૈંને કુબૂલ કિયા'** આ શબ્દો અતિ મહત્વ ધરાવે છે. આ શબ્દોથી તેમના પર એવી જિમ્મેદારી આવી પડે છે કે એકબીજાના સર્વ હક્કોનું પાલન કરવા તેઓ શરીઅતની રૂએ જિમ્મેદાર થઈ જાય છે, એકબીજાની મહોબ્બતમાં રહી એકબીજાનું માન, એકબીજાની ઈજ્જત આબરૂનું રક્ષણ તથા પતિ માટે પત્નીનું ભરણ પોષણ તથા અન્ય જરૂરતો તથા પત્ની પણ પતિનો માલ તથા માન મોભો ઈજ્જત સાચવવા કટીબદ્ધ થઈ જાય છે અને ઈસ્લામી શરીઅતને અનુસરીને જીવતાં વફાદાર દંપતિઓ એકબીજા સાથે સુખ દુઃખમાં પણ ચૈન સુકૂનથી જીવન જીવતાં હોય છે. નિકાહનો સંબંધ તેમના જીવનમાં ખુશીઓની બહાર ભરી આપે છે.

### ❁ વગર વિચાર્યી તલાક઼ જીવનનો ગોઝારો અકસ્માત ! ❁

સુખી જીવન માટે પતિએ પત્ની સાથે દરેક વાત પ્યાર મહોબ્બતથી કરવી જોઈએ, તેણીની વાત પણ સાંભળવી જોઈએ. અને ન ગમતી વાત બને તો સબ્રથી કામ લઈ બંનેએ વાતને સમજાવટથી પતાવવી જોઈએ. જીવનના સફરમાં ક્યારેક મુશ્કેલ વળાંકો આવી પડે છે, પતિ પત્ની વચ્ચે કોઈક વાતે ઘર્ષણ પણ થાય છે તો એવા સમયે શરીઅતના હુકમોને નજરો સમક્ષ રાખી સબ્રથી વાતનું નિરાકરણ કરવું. જો જીવન ખુશનુમા રાખવું હોય તો પતિની ભૂલ હોય તો તેને સ્વીકારી લઈ માફી માંગી લેવી જોઈએ અને પત્નીની ભૂલ હોય તો તેણે માફી માંગી લેવી અને દરેકે દરગુઝર કરીને માફી આપી દેવી જોઈએ અથવા માફી ન માંગે તો પણ દરગુઝર કરી દેવું. મહોબ્બત આપસમાં વધે તેવા પ્રયાસો કરવા જોઈએ. પતિ કે પત્નીએ ગુસ્સે થઈ તમાશા ન કરવા જોઈએ. આજે દીની જ્ઞાનથી વંચિત અને શરીઅતથી બેપરવા જીવન જીવતાં સ્ત્રી પુરૂષો વાત વાતમાં ઝઘડા કંકાસ કરતાં રહે છે અને ક્યારેક ન બનવાનું બની જાય છે. અને પતિ ક્યારેક અતિ ઉશ્કેરાટમાં આવી ધડાધડ પત્નીને **"તલાક ! તલાક઼ ! તલાક઼ !"** કહી આપે છે ! માનવ જીવનયાત્રાનો આ એવો ગોઝારો અકસ્માત છે કે જેવી રીતે ટ્રેન પાટા પરથી ઉતરી પડે તો કેવળ ડબ્બા જ નથી નીચે ઉતરતા બલ્કે કાંઈ કેટલીયે જિંદગીઓ તેમાં સફર કરી રહેલી હોમાય થઈ જાય છે, કેટલાંય અપંગ થઈ જાય છે, કેટલીયે સ્ત્રીઓ વિધવા અને બાળકો અનાથ થઈ જાય છે, મા બાપો પુત્ર પુત્રી વિયોગમાં સપડાય જાય છે અને અસંખ્ય મુસીબતો પબ્લિકને વેઠવાની આવે છે. એ જ પ્રમાણે માનવ જીવનની ગાડીનું છે કે પતિના "તલાક઼ ! તલાક઼ ! તલાક !"ના એકધારા થયેલ ફાયરિંગથી કેવળ પત્ની જ નિકાહથી નથી નીકળી જતી બલ્કે એનાં બાળકો રઝળી પડે છે, બંનેનાં કુટુંબીજનો પર દુઃખનું આભ તૂટી પડે છે, સમાજમાં આબરૂના કાંકરા થઈ જાય છે અને સૌની રાતની નિંદરો હરામ થઈ જાય છે. સૌનાં જીવનનાં અરમાનોનો જનાઝો નીકળી જાય છે અને આનંદ કિલ્લોલમાં જીવતાં પતિ–પત્ની બાળકો, કુટુંબીજનો સૌના ચહેરા પર ઉદાસીની કાળી મેશ જામી જાય છે અને જીવન જીવવું મુશ્કેલ બની જાય છે.

આવું ત્યારે જ બને છે કે જ્યારે પતિ "તલાક઼"ના હક્કનો નાજાઈઝ રીતે ઉપયોગ કરી ધડાધડ ત્રણ તલાક઼ો એક સાથે આપી દે છે. જ્યારે કે આ રીતે તલાક઼ આપવી **હરામ** છે અને આવી રીતે તલાક઼ આપનાર ગુનેહગાર છે, **પણ તલાક઼ તો થઈ જાય છે.** *(મિર્ક઼ાત, અન્વારુલ્ હદીષ)*

**❁ અચાનક ત્રણ તલાક઼ આપવાના ભયાનક પ્રત્યાઘાત ! ❁**

આજકાલ મુસ્લિમ સમાજમાં હાલતાં ચાલતાં તલાક઼ો થતી જોવા મળે છે. આવું પણ બને છે કે પતિ પત્ની વરસોથી સુખેથી જીવી રહ્યાં છે, પાંચ સાત છોકરા છોકરીઓ છે, સૌ યુવાન તથા કેટલાંક પરણિત છે અને આવા સંજોગોમાં પણ કદીક પતિ પત્નીમાં ચડભડ થઈ, જીદે ચઢયાં ને ભાઈએ સંતુલન ગુમાવી ગુસ્સામાં એકી ઝટકે કહી દીધું કે "તને ત્રણ તલાક઼ !" અને પછી ?! જાણે બોમ્બ ફૂટયા બાદ સન્નાટો ! હવે ભાઈ પણ પસ્તાય છે અને બહેન પણ ! જવાન જવાન છોકરાં ઘરમાં છે તેમની હાલત ખરાબ થઈ જાય છે, સાસરે રહેલી પુત્રી વાત સાંભળી પરેશાન પરેશાન થઈ જાય છે ! સમાજમાં બેઈજ્જતીની ચર્ચાઓ થાય છે, કુટુંબીજનો અતિ મુંઝવણમાં મૂકાઈ જાય છે. સમાજમાં લોકો તે પતિથી ધૃણા કરે છે કે આટલી ઉંમરે કેવી મૂર્ખામી કરી બેઠો ! હવે શું ?!

તો વળી કેટલાંક ઓછી ઉમરનાં જોડાંમાં પણ આવું બને છે કે કોઈ વાતે વાંકુ પડતાં ધડાધડ એકી ઝટકે તલાક઼ો બોલી નાખે છે અથવા લખી મોકલે છે અને પછી પસ્તાયને રસ્તા શોધે છે. ક્યાંક કહે છે કે અમારી વચ્ચે ખૂબ જ મહોબ્બત છે ! "મને તો ગુસ્સામાં ભાન ન રહ્યું અને બોલી નાખ્યું !" તો ક્યાંક જૂઠી રજૂઆતો કરી મુફ્તી સાહબો પાસેથી તલાક઼ નથી પડી તેવા માર્ગો શોધવામાં આવે છે. અને વળી કેટલાક તો થોડોક સમય અલગ રહે છે પછી વાતને ભૂલાવી દઈ પતિ પત્ની જેમ સાથે રહેવા લાગે છે ! તો વળી ક્યાંક એવું પણ જોયું કે જાહિલ બાપુને વચ્ચે ફેંકી સમાધાન કરાવી "હલાલા" વિના પતિ પત્ની જેમ સાથે રહેવા લાગે છે ! અને **શરીઅતને અવગણી જીવનભર વ્યભિચારમાં પડી જહન્નમના અઝાબને નોંતરે છે.** આવાં કેટલાંય દૃષ્ટાંતો સમાજમાં જોવા મળે છે.

**❁ એક ઝટકે ત્રણ તલાક઼ આપ્યાનું સાંભળી નબી ﷺ ગુસ્સામાં ઊભા થઈ ગયા !! ❁**

નસાઈએ મહમૂદ ઈબ્ને લબીદ رضی اللہ عنہથી રિવાયત કરી કે, રસૂલુલ્લાહ ﷺને એ ખબર પહોંચી કે એક શખ્સે પોતાની પત્નીને ત્રણ તલાક઼ો એકી સાથે આપી દીધી. એ સાંભળીને આપ ગુસ્સામાં ઊભા થઈ ગયા અને ફર્માવ્યું કે, **અલ્લાહની કિતાબ સાથે ખેલ કરે છે !** જ્યારે તમારી વચ્ચે હું હજી મૌજૂદ છું ! *(બહારે શરીઅત, ૮/૪)*

**હે મુસલમાનો !** ખબરદાર ! એક સાથે ત્રણ તલાક઼ો કદાપિ ન આપશો ! વિચારો ! એક ઝટકે ત્રણ તલાક઼ આપ્યાનું સાંભળી અલ્લાહના રસૂલ ﷺ ગુસ્સાના આવેશમાં ઊભા થઈ ગયા અને ફર્માવ્યું કે, **કિતાબુલ્લાહ સાથે રમત રમો છો ?! જો તમે આશિક઼े રસૂલ છો અને જો તમારામાં ઈમાની ગૈરત બાકી હોય તો કોઈપણ સંજોગોમાં એક સાથે ત્રણ તલાક઼ો આપશો નહીં,** નહીં તો અલ્લાહના રસૂલ ﷺ જે રીતે જાહેરી હયાતમાં તડપી ઉઠયા તેમ ક઼બ્રે અન્વરમાં પણ આપ ﷺ તમારા અમલો જોઈ રહ્યા છે તો **ત્યાં પણ આપની રૂહ તડપી ઉઠશે !** અને આપ ﷺ નારાજ થશે, અને રસૂલે પાક ﷺ નારાજ થશે તો અલ્લાહ ﷻ પણ નારાજ થશે, તો કયા મોઢે તમે દુનિયાની ભલાઈ તથા આખેરતમાં શફાઅતની ઉમ્મીદ રાખી શકો છો ?! માટે બહુ જુસ્સામાં ન આવશો અને એક સાથે ત્રણ તલાક઼ો કદી બોલશો કે લખી દેશો નહીં.

## ❀ એક ઝટકે ત્રણ તલાક઼ ! એટલે અલ્લાહની આયતો સાથે ઠઠ્ઠા કરવું ! ❀

ઈમામ માલિક મુઅત્તામાં રિવાયત કરે છે કે એક શખ્સે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہને કહ્યું, મેં મારી પત્નીને ૧૦૦ તલાક઼ો આપી દીધી, તમે શું હુકમ ફર્માવો છો ? ફર્માવ્યું કે, તારી પત્ની ત્રણ તલાક઼ોથી "બાઈન" થઈ (નિકાહથી નીકળી) ગઈ અને ૯૭ તલાક઼ો થકી તેં અલ્લાહની આયતો સાથે ઠઠ્ઠા (મશ્કરી) કરી. *(બહારે શરીઅત, ૮/૫)*

હે મુસલમાનો ! અલ્લાહની આયતોથી મશ્કરી કરીને શું ભલાઈ પામશો ?! વિચારો ! બહુ ટેશમાં ન આવી જાવ ! નહીં તો આ જીભના એક જ ઝટકે તમો જહન્નમમાં પહોંચી જશો ! જીભને ક઼ાબૂમાં રાખો ! કોઈપણ કામ કરતાં પહેલાં શાંત ચિત્તે વિચારો કે એનાં પરિણામો શું શું આવશે ?! નહીં તો ન દીનના રહેશો ન દુનિયામાં ચૈન પામશો અને બંને જહાનમાં બેઈજ્જતીના શિકાર બની જશો. માટે કોઈ વાતથી તમને ગુસ્સો આવી જાય તો ઊભા હોઉ તો બેસી જાવ, બેઠા હોઉ તો સૂઈ જાવ, પાણી પી લો, વુઝૂ કરો.... વગેરે ગુસ્સાને દૂર કરવાના તરીક઼ા છે તે અપનાવો, ઘરથી બહાર નીકળી જાવ, પણ અલ્લાહની આયતો જોડે ઠઠ્ઠા કરી દુનિયા તથા આખેરતને બર્બાદ ન કરો.

## ❀ તલાક઼ ખુદાની નજીક ખૂબ જ નાપસંદીદા ચીજ ! ❀

હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે મઆઝ ! કોઈ ચીજ અલ્લાહે ગુલામ આઝાદ કરવાથી અધિક પસંદીદા પૃથ્વીના પટ પર પેદા નથી કરી અને કોઈ ચીજ પૃથ્વીના પટ પર તલાક઼થી અધિક નાપસંદીદા પેદા નથી કરી. *(દારકુત્ની મઆઝ رضی اللہથી રાવી, હવાલો : બહારે શરીઅત, ૮/૩)*

અબૂ દાઊદે ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તમામ હલાલ ચીજોમાં ખુદાની નજીક નાપસંદીદા ચીજ તલાક઼ છે. *(બહારે શરીઅત, ૮/૩)*

હે મુસલમાનો ! "તલાક઼ !" આપવી જાઈઝ તથા હલાલ છે પણ એ ત્યારે જ જ્યારે પતિ પત્નીનું સાથે જીવવું ખરેખર અસહ્ય તથા અતિમુશ્કેલ થઈ જાય, અને "તલાક" આપવાનો પણ શરીઅતનો દર્શાવેલ હિકમતપૂર્ણ તરીક઼ો છે તેના પ્રમાણે જ તલાક઼ આપવામાં આવે તો કોઈ મુસીબત ઊભી થશે નહીં.

માટે પ્રથમ તો એ વિચારો કે જો તલાક઼ વિના થોડીક સબ્રથી કામ ચાલી જશે તો સબ્ર કરી લો, ન તલાક આપો ન માંગો, કારણ કે ખુદાની એ સૌથી નાપસંદીદા ચીજ છે. બીજું કે તલાક઼ આપવી જ પડે તો શરીઅતના ક઼ાનૂન પ્રમાણેની પદ્ધતિને જ અનુસરો (જે આગળ જતાં વર્ણન થશે.) તો શક્ય છે ભંગાણ પામતા સંબંધો ફરી જોડાઈ પણ જાય અને ફરી તેમાં મીઠાશ પેદા થાય. પણ એક જ ઝટકે ત્રણ તલાક઼ો આપશો તો સંભલી જવાની કે તલાક઼ પાછી ખેંચીને સંબંધમાં સુધારો કરવાનો કોઈ અવકાશ રહેશે નહીં, અને પછી પસ્તાવા સિવાય કાંઈ હાથ આવશે નહીં. ઘણા બનાવો એવા બને છે કે બંને પક્ષે તલાક઼ લેવા આપવા તલપાપડ થતાં જોડાં સમજાવટથી સાથે રહેવા માની જતાં હોય છે અને પછી સુખેથી તેમનાં જીવનો ગુજરતાં જાય છે. જેથી અકડાપણુ તથા ઉતાવળ ન કરવી કે એ શૈતાનનું કામ છે.

## ❀ પતિ પત્નીને એકબીજાની ખિદમતનો મહાન બદલો ! ❀

વર્તમાનકાળમાં સામાન્યતઃ સ્ત્રીઓ પતિના ત્યાં સહુલતો શોધે છે તથા પતિના માં બાપ તથા કબીલાથી, તેમના કામકાજના ભારથી અળગી થઈ આઝાદીથી અલગ રહેવાની માંગમાં તકરારો કરતી રહે છે, છેવટે નોબત તલાક઼ સુધી પહોંચી જાય છે. જો શક્ય હોય તો અલગ રહે તેમાં વાંધો નથી, પણ શક્ય ન

હોય તો હઠ ન પકડે. જો બહેનો ઈમાન તથા ઈસ્લામની ઈજ્જત કદર સમજતી હોય તો સબ્રથી મુક્ત મને ખુશમિજાઝ રહી પતિની તથા કુટુંબીજનોની સેવામાં દિવસો ગુજારે તો ઘરનું વાતાવરણ ખુશનુમા રહેશે, સૌમાં તે સ્ત્રી પ્યારી પણ થઈ જશે અને સૌમાં મહોબ્બત પણ રહેશે અને આ ખિદમતનો રબ તઆલા તરફથી આખેરતમાં પણ મહાન બદલો મળશે. સાંભળો !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત થયેલ છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, **"પત્ની જ્યારે પોતાના પતિનો લિબાસ સાફ કરે છે તો અલ્લાહ તઆલા તેના અમાલનામામાં બે હજાર નેકીઓ લખવાનો હુકમ ફર્માવે છે અને તેણીના બે હજાર ગુનાહ માફ ફર્માવી આપે છે અને તે જે ચીજો પર સૂરજનાં કિરણો ફેંકે છે તે સૌ તે સ્ત્રીના માટે મગફેરતની દુઆ કરે છે, તેમજ તેણીના બે હજાર દરજા વધારી દેવામાં આવે છે.** *(નુઝહતુલ મજાલિસ, ૨/૮૧)*

હઝરત ઉમ્મુલ મુઅ્મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે, ચરખા (રેંટીયા)નો અવાજ તકબીર કહેવા સમાન છે, અને અલ્લાહ રબ્બુલ આલમીનની રઝા તથા ખુશ્નુદી માટે તકબીર (અલ્લાહુ અકબર) કહેવું જમીન તથા આસ્માનના વજનથી પણ ભારે છે. **જે સ્ત્રી પોતાના હાથ વડે તૈયાર કરેલ સૂતર વડે પતિનો લિબાસ તૈયાર કરીને પહેરાવે છે તો અલ્લાહ તઆલા તેને દરેક દોરાના બદલામાં એક એક લાખ નેકીઓ અતા ફર્માવે છે.**

હઝરત અબૂ કતાદા رضی اللہ عنہથી રિવાયત છે કે સ્ત્રીના ચરખાનો અવાજ તથા કુર્આનની તિલાવત અલ્લાહ તઆલાની નજીક સરખા છે અને સ્ત્રીનો જેહાદ ચરખો કાંતવું છે. *(હવાલો ઉપર મુજબ)*

સારાંશ કે પતિના માટે ઉઠાવેલી સર્વ પ્રકારની તકલીફો પત્નીના ગુનાહોનો કફ્ફારો બને છે તથા આખેરતમાં નેકીઓ તથા જન્નતમાં ઉચ્ચ દરજ્જા પામવાનો સબબ બને છે જેથી આ હદીષો ધ્યાનમાં રાખી સબ્ર તથા સુકૂનથી ઘરના કામકાજ તથા ઘરના સભ્યો વગેરેમાં પ્રેમપૂર્વક પરોવાયેલા રહેવું જોઈએ અને ઘરના માહોલને ખુશ્નુમા રાખવો જોઈએ જેથી તકરાર કંકાસ પેદા ન થાય અને તલાક સુધી વાત ન પહોંચે.

### ❁ તે પતિના સિત્તેર વરસના ગુનાહ માફ ! ❁

એ જ પ્રમાણે પતિએ પણ પત્નીનો તથા ઘરવાળાંનો ખયાલ કરીને તેમની જરૂરતો માટે સાવધાન રહી જાતે સમય કાઢી તેણીને તથા કુટુંબીજનોને સહાયરૂપ થવું જોઈએ, ઘરમાં સૌનો પ્રેમ જીતવો જોઈએ. નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, કયામતના દિવસે 'મીઝાન'માં સૌ પ્રથમ તે ભરણ પોષણની ચીજો રાખવામાં આવશે જે પતિ પોતાની પત્નીને આપતો હતો. તેમજ ફર્માવ્યું, **જે શખ્સ પોતાનાં બીવી બચ્ચાં માટે માલ સામાન ખરીદીને જાતે પોતે ઘરે લાવે છે તેના સિત્તેર વરસના ગુનાહ માફ કરી દેવામાં આવે છે.** જેમ કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ બજારથી કોઈ ચીજ લીધી અને જાતે પોતે ઉઠાવીને ઘરે લાવી રહ્યા હતા. તો માર્ગમાં કોઈ સહાબીએ આપની પાસેથી લેવા ચાહ્યું (કે પોતે ઉઠાવી લે) તો આપ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેનો બોજ છે તે જ ઉઠાવીને ચાલવાનો અધિક હક્કદાર છે. *(હવાલો ઉપર મુજબ)*

જે શખ્સ બજારથી જરૂરી માલ સામાન ખરીદીને **ઔરતોની તકલીફો દૂર કરે છે તેના પર અલ્લાહ તઆલા રહમતની નજર ફર્માવે છે. અને જેના પર અલ્લાહ તઆલાની રહમતની નજર થશે તે કદી અઝાબનો મુસ્તહિક થશે નહીં.** હદીષ શરીફમાં છે : **પોતાની પત્નીને ખુશ રાખવું એવું છે જેમ કે ખુદાના ડરથી રડવું.** અને જે ખુદાના ડરથી રડે તેના શરીરને અલ્લાહ તઆલા **જહન્નમ માટે હરામ** કરી આપે છે. *(હવાલો ઉપર મુજબ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત પામેલ છે કે, **જે શખ્સ પત્નીને ખુશહાલ રાખે છે તેને અલ્લાહ તઆલા ક્યામતના દિવસે રંજ તથા તકલીફમાં સપડાવશે નહીં, બલ્કે તે એ દિવસે ખુશી તથા આનંદમાં હશે.** *(નુઝહતુલ મજાલિસ, ૨/૮૨, ૮૩)*

## ❁ નબી ﷺ ની દૃષ્ટિએ શ્રેષ્ઠ માણસ કોણ ? ❁

રસૂલે મક્બૂલ ﷺએ ફર્માવ્યું : "તમારામાં સૌથી અધિક સારો તે છે જે પોતાની પત્નીના માટે સારો હોય, અને હું મારી પત્નીઓ માટે તમારા સૌથી શ્રેષ્ઠ છું." *(કીમીયાએ સઆદત–૨૬૨)*

આજકાલ માણસ પરાયા લોકો, મિત્રો, પોતાના પીરો વગેરે સાથે સારો વહેવાર રાખીને તેમનામાં પ્રિય બની જતા હોય છે, પણ ઘરે આવીને તીસમારખાં, તેજ દિમાગવાળા બનીને ભવાં ચઢાવી અકડુ બનીને રહેતા હોય છે ! ન પત્ની કે બાળકો સાથે પ્રેમપૂર્વક વર્તે છે ન માં બાપ, બહેનોના દિલમાં ઘર કરે છે. તો આવા લોકોએ રસૂલે પાક ﷺના ઉપરોક્ત ફર્માન પર ચિંતન મનન કરી પ્રથમ પોતાનાં માં બાપ, ઘરવાળાં પત્ની, બાળકો વગેરેનાં દિલ જીતી લેવાં જોઈએ પછી લોકોના વહાલા બનવા નીકળવું જોઈએ. તમે સારા માણસ છો કે નહીં ?! એનું સર્ટિફિકેટ ઘરવાળાં જ આપી શકે છે. હિંદુઓમાં કહેવત છે કે, "મહાદેવના ગુણ પૂજારી જાણે !" તેમ ઘરના માણસો જ પતિને નજીકથી જાણતા હોય છે. સાચે જ સભ્ય તથા શાણો માણસ તે જ છે જે પત્ની તથા ઘરવાળા સાથે સભ્ય તથા પ્રેમાળ વર્તાવ રાખતો હોય. અને જો પત્ની તથા ઘરવાળાંને ખુશ રાખશો તો લડાઈ ઝઘડા રહેશે જ નહીં, જેથી તલાકની નહૂસત નડશે નહીં અને જીવન ખુશ્નુમા બની રહેશે.

## ❁ હઝરત ઐયૂબ علیہ السلام જેટલો સવાબ મળશે ! ❁

કેટલીકવાર પતિઓ ફરિયાદ કરે છે કે, "મારી પત્ની ખૂબ જ ટેઢી છે ! ગમે તેમ કરીએ તોય ટેઢી જ જાય છે !" તો સાંભળો ! રસૂલે ખુદા ﷺની હદીષે મુબારકા છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, "સ્ત્રી પાંસળીની જેમ છે, જો તમે તેને સીધી કરશો તો તોડી નાખશો. તેણી સાથે તેના વાંકાપણાની સાથે જ ફાયદો ઉઠાવવામાં આવી શકે છે." *(ઈબ્ને માજહ, ૧૩૩, બહવાલા : બરકાતે શરીઅત)*

જેથી પત્નીના ટેઢાપણાથી ગભરાવું કે અકળાવું નહીં ! બલ્કે સબ્રથી, સમજાવટથી, હિકમતથી વર્તીને જીવન નૈયાને ખુશહાલ રાહે દોડાવતા ચાલવું જોઈએ. અને જુઓ તમે પત્નીના કટુ સ્વભાવ કે અયોગ્ય વર્તાવ પર સબ્ર કરશો તો રસૂલે પાક ﷺ તમને શું ખુશખબરી આપે છે તે સાંભળો ! રસૂલે પાક ﷺએ ફર્માવ્યું :–

"જે શખ્સ પોતાની પત્નીના કટુ સ્વભાવ પર સબ્ર કરે તેને એટલો સવાબ મળશે જેટલો હઝરત ઐયૂબ علیہ السلامને તેમની મુસીબત પર મળ્યો." *(કીમીયાએ સઆદત–૨૬૨)*

ભાઈઓ ! આપણે શું ચીજ છીએ, ખલીફા ફારૂકે આ'ઝમ હઝરત ઉમર رضی اللہ عنہ સાથે તેમનાં પત્ની સાહેબાએ ઊંચા અવાજે વાત કરી. કોઈકે સાંભળી જતાં પ્રશ્ન કર્યો કે સર્વ જગત આપના પ્રભાવથી ધ્રુજે છે અને ઘરમાં આવું શાથી ?! તો આપે જવાબ આપ્યો, "ભાઈ ! એ તેણીનો હક્ક છે ! કેમ કે એ એક જ સમયે મારી રસોયણ પણ છે, ધોબણ પણ છે, મારા બાળકોની સારસંભાળ રાખનાર પણ છે અને આ તેણી મારી તથા જહન્નમની વચ્ચે આડ છે." તો આવી ઉદાર દિલી તથા વિશાળતાવાળી વિચારધારા રાખવી જોઈએ.

## ❁ પત્નીના દુર્વ્યવહાર પર સબ્રથી વિલાયત મળી ! ❁

એ જ પ્રમાણે એક વલીનો બનાવ છે કે, એક શખ્સ એક વલીને ત્યાં તેમની મુલાકાતે જાય છે તો તે વલી વિશે પૂછતાં ખૂબ જ કડક ભાષામાં ઘરમાંથી જવાબ મળે છે કે, ''જંગલમાં ક્યાંક ભટકતા હશે, લાકડાં કાપતા હશે !'' તો તે શખ્સ જંગલ તરફ જાય છે અને તે વલીને પૂછે છે કે આપના પત્ની સાહેબા ખૂબ જ સખ્ત સ્વભાવનાં છે ! તો તે વલી જવાબ આપે છે કે **મને જે વિલાયત રબ તરફથી મળી છે તે એના જ પ્રતાપે છે કે હું મારી પત્નીના દુર્વ્યહાર પર સબ્ર કરતો રહ્યો છું !''**

હે મુસલમાનો ! પત્નીના સાથે સબ્રથી વર્તો અને વાત વાતમાં ગુસ્સે થઈને એકી ઝટકે તલાક઼ો આપવા ઉશ્કેરાઈ ન જાવ ! કે પાછળથી પસ્તાવુ પડે. સાંભળો ! કુર્આને પાકમાં રબનું ફર્માન છે :–

وَعَاشِرُوْهُنَّ بِالْمَعْرُوْفِ ۚ فَاِنْ كَرِهْتُمُوْهُنَّ فَعَسٰٓى اَنْ تَكْرَهُوْا شَيْـًٔا وَّيَجْعَلَ اللّٰهُ فِيْهِ خَيْرًا كَثِيْرًا

**(અર્થ)** : ''તમારી પત્નીઓ સાથે નેકી તથા ભલાઈપૂર્વક જીવન વિતાવો, શક્ય છે કે તમે કોઈ વાતને નાપસંદ કરો, અને તેમાં અલ્લાહે અઢળક ભલાઈ રાખી હોય.'' *(સૂરેઅ નિસાઅ–૧૯)* સાંભળો ! તમે જો અલ્લાહ તથા રસૂલ પર ઈમાન રાખો છો તો તેમનાં ફર્માનોને લક્ષમાં રાખો, રસૂલે પાક ﷺ તથા સહાબા તથા અવલિયાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَ પોતાની પત્નીઓ સાથે કઈ રીતે રહેતા હતા તેનો અભ્યાસ કરો અને સબ્રથી તેમના નક્શે ક઼દમ પર ચાલીને તમારી દુનિયા તથા આખેરતને ખુશ્નુમા બનાવો.

## ❁ અલ્લાહની નજરમાં નેક સ્ત્રી કોણ ?! ❁

મારી બહેનો ! સમજો ! તમે જે અલ્લાહ પર ઈમાન ધરાવો છો તે આપણો ખાલિક઼ માલિક ફર્માવે છે : اَلرِّجَالُ قَوَّامُوْنَ عَلَى النِّسَاءِ ''મર્દ ઔરતો પર હાકિમ છે.'' તો જ્યારે અલ્લાહે જ તેને હાકિમ બનાવ્યો છે તો તેના પર તમે જબરદસ્તી હુકૂમત ચલાવવા ન જશો, બલ્કે પતિના આજ્ઞાપાલનને પોતાની ખુશનસીબી સમજશો. સાંભળો ! રબ તઆલા બીજે ઠેકાણે ફર્માવે છે :–

ÖÉ´v æfh ÓÒl Ä´vGl ÆÅluwÓÒ$. **(અર્થ)** : ''નેક સ્ત્રી (પતિનું) આજ્ઞાપાલન કરે છે અને પતિની ગેરહાજરીમાં (તેના માલ તથા ઈજ્જતની) રક્ષા કરે છે જે રીતે અલ્લાહ તઆલાએ રક્ષા કરવાનો હુકમ આપ્યો છે.'' *(સૂ. નિસાઅ–૩૪)*

સારાંશ કે રબની નજરમાં ''નેક સ્ત્રી'' બનવું હોય તો આ વાતોને ગંભીરતાથી લઈને પતિની આજ્ઞાંક્તિ પત્ની બની જાવ, તેની ખુશીમાં ખુશ રહો પછી જુઓ રબની રહમતો તમારા જીવનને કેવું ખુશ્નુમા બનાવી આપે છે.

## ❁ સુખ સગવડો માટે પતિ પણ દબાણ ન કરો ! ❁

એકવાર બની કુરૈઝાને ફતહ કર્યા બાદ માલે ગનીમત મુસલમાનોના હાથ લાગતાં નબી કરીમ ﷺની પાક બીવીઓએ પણ અધિક ખર્ચાની માંગણી કરી. આપ ﷺને એ પસંદ ન પડયું તો એક મહિનો બીવીઓથી અલગ રહેવાની ક઼સમ ખાધી. મહિનાને અંતે આ આયત નાઝિલ થઈ :–

''હે નબી ! પોતાની બીવીઓને કહી આપો, જો તમે દુનિયાની જિંદગી અને તેનો શણગાર ચાહો છો, તો આવો ! હું તમને માલ આપુ છું અને સારી રીતે છોડી (છૂટી કરી) આપું. અને જો તમે અલ્લાહ અને એના રસૂલ અને આખેરતનું ઘર (જન્નત) ચાહો છો તો બેશક ! તમારામાંથી નેકીઓવાળીઓ માટે

મહાન બદલો તૈયાર કરી રાખ્યો છે." *(સૂ. અહઝાબ, ૨૮, ૨૯)*

આ બનાવ મુસ્લિમ સ્ત્રીઓના સબક માટે છે કે તેણીઓએ પતિ સાથે દુનિયાની જાહોજલાલી માટે દબાણ કે કંકાસ ન કરવો, તેણીઓ જો દુનિયામાં સબ્રથી સાદાઈથી રહેશે તો તેને આખેરતમાં અલ્લાહ, રસૂલ તથા જન્નત મળશે. નેક સ્ત્રીઓ માટે આ મહાન બદલો છે.

## ❋ પતિની નાફર્માનીની ભયાનક સજાઓ ! ❋

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મને જહન્નમની આગ દેખાડવામાં આવી. **જહન્નમમાં તે સ્ત્રીઓની સંખ્યા અધિક હતી જેઓ નાશુક્રી કરે છે.** પૂછવામાં આવ્યું, શું અલ્લાહની નાશુક્રી કરે છે ? ફર્માવ્યું, **પતિની નાફર્માની કરે છે અને તેના એહસાનોનો શુક્ર અદા નથી કરતી.** જો તમે આખુ જીવન તેણી સાથે એહસાન કરતા રહો અને જો કેવળ એક દિવસ તેણી તમારાથી કોઈ નાપસંદ વાત જુએ તો કહે છે કે મને તમારાથી કોઈ ભલાઈ મળી નથી." *(બુખારી, ૧/૯)*

હદીષમાં છે : પતિએ પત્નીને બોલાવી, તેણીએ ના પાડી અને પતિએ ગુસ્સામાં રાત પસાર કરી તો **સવાર સુધી તે સ્ત્રી પર ફરિશ્તા લઅનત** મોકલતા રહે છે. બીજી રિવાયતમાં છે : જ્યાં સુધી પતિ તેણીથી રાજી ન થાય ત્યાં સુધી **અલ્લાહ તે સ્ત્રીથી નારાજ** રહે છે. એક હદીષમાં છે : તેણીની કોઈ **નમાઝ** તથા **ઈબાદત કબૂલ નથી થતી.**

બીજી હદીષમાં છે : હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "પત્ની પર પતિનો હક્ક એ છે કે જ્યારે પતિ તેણીને (નિકટતા માટે) બોલાવે તો તુરત આવી જાય ભલે તેણી તે વખતે સફર માટે ઊંટની પીઠ પર હોય, તેની રજા વિના નફ્લ રોઝા ન રાખે અને જો રાખશે તો કબૂલ નહીં થાય, તે કેવળ ભૂખ તથા તરસ છે અને ઘરેથી તેની રજા વિના ન નીકળે, જો ગઈ તો આસ્માનના ફરિશ્તા, રહ્મતના ફરિશ્તા તથા અઝાબના ફરિશ્તા સૌ તેણી પર લઅનત કરશે જ્યાં સુધી તેણી પાછી નથી આવી જતી." *(મજમઉઝ્ ઝવાઈદ, ૪/૩૦૭, બરકાતે શરીઅત)*

'લઅનત' એટલે અલ્લાહથી રહ્મતથી વંચિત થઈ જવું ! તો જે રબની રહ્મતથી વંચિત થઈ જાય તેનો શો અંજામ થશે ?! અને હદીષે પાકમાં છે કે, "જો હું કોઈને સિજદો કરવાનો હુકમ આપત તો જરૂર સ્ત્રીઓને હુકમ આપત કે તેઓ પોતાના પતિઓને સિજદો કરે ! અને જો કોઈ શખ્સ પોતાની પત્નીને હુકમ આપે કે લાલ પહાડને કાળો અને કાળાને લાલ કરી આપે, તો સ્ત્રી પર એ હક્ક બને છે કે તેણી એવું કરે." *(ઈબ્ને માજહ-૧૩૩, બરકાતે શરીઅત)*

હે પ્યારી બહેનો ! જો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللہُ عَلَیْہِ وَسَلَّمَથી મહોબ્બત છે તો આ હદીષોને વારંવાર વાંચો અને સમજી લો કે **તમારી બંને જહાનમાં ભલાઈ પતિના આજ્ઞાપાલનમાં જ છે.** સાંભળો ! એક હદીષમાં નબી કરીમ ﷺએ ફર્માવ્યું : "કસમ છે તે જાતની જેની કુદરતના તાબા હેઠળ મારી જાન છે ! સ્ત્રી ખુદાનો હક્ક ત્યાં સુધી અદા નથી કરી શકતી જ્યાં સુધી પોતાના પતિનો હક્ક અદા નથી કરતી." *(ઈબ્ને માજહ-૧૩૩, બરકાતે શરીઅત)*

હે પ્યારી બહેનો ! સાંભળો ! જો તમે પતિની આજ્ઞાંક્તિ બની જશો તો અલ્લાહના રસૂલ ફર્માવે છે કે, "સ્ત્રી જ્યારે પાંચેવ નમાઝો પઢે અને રમઝાન માસના રોઝા રાખે અને પોતાની ઈજ્જતની હિફાઝત કરે અને પતિનું આજ્ઞાપાલન કરે તો તેણીને કહેવામાં આવશે કે **જન્નતના જે દરવાજેથી ઈચ્છે દાખલ**

**થઈ જા !"** *(મજમઉઝ્ ઝવાઈદ, ૪/૩૦૬, બરકાતે શરીઅત)*

હે પ્યારા દીની ભાઈઓ ! તથા બહેનો ! આપણે મુસલમાન છીએ અને **ભલાઈનો માર્ગ આપણે કુર્આન તથા હદીષ પરથી શીખવો જોઈએ, નહીં કે પિક્ચરના હીરો હીરોઈન કે ટી.વી સીરિયલના કલાકારો થકી ! એ સૌ બિકાઉ માલ છે, એઓ પૈસાના ખાતર સર્વ કાંઈ જિસ્મ તથા ઝમીર સર્વના સોદા કરી નાખે છે અને તેની સ્ટોરીઓ કાલ્પનિક તથા બનાવટી હોય છે.** માટે મુસલમાન ભાઈઓએ નબી કરીમ ﷺને પોતાના આઈડિયલ બનાવવા જોઈએ અને બહેનોએ નબી કરીમ ﷺની લાડલી બેટી હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہاને આઈડિયલ બનાવવાં જોઈએ કે કેટલી તકલીફોમાં હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا પતિને પણ રાજી રાખતાં હતાં તથા અલ્લાહની પુષ્કળ ઈબાદત પણ પાબંદીથી કરતાં અને બાળકોની પરવરિશ પણ કરતાં હતાં, પર્દો તથા શરીઅતનાં ચુસ્ત પાબંદ હતાં, બુઝુર્ગાને દીનનાં જીવન ચરિત્રોને, તેમના અખ્લાક઼ તથા અમલોને વાંચી આપણું જીવન તેમના નક઼્શે ક઼દમ પ્રમાણે ઢાળવામાં આવે તો કોઈ ફરિયાદ ઉઠશે નહીં અને દરેકનું જીવન ખુશ્નુમા તથા સંતોષકારક બની જશે.

### ❁ ઈસ્લામમાં તલાક઼ની જોગવાઈ શા માટે અને તેની પદ્ધતિ ❁

હા ! જ્યારે પતિ પત્ની વચ્ચે સર્વ પ્રયાસો સમજાવટો છતાં કોઈ કાળે મનમેળ થતો જ નથી, અને એક મેક સાથે રહેવા તૈયાર જ નથી થતાં તો હવે જબરદસ્તી તેમને સાથે રાખી ક્લેશયમ જીવન જીવાડવા કરતાં રાજીખુશીથી તેમના છૂટા પડવામાં જ ભલાઈ છે કે દરેક પોતાની આગલી મંઝિલ ભણી પ્રયાણ કરતાં ચાલે. અને એટલા માટે ઈસ્લામે તલાક઼ આપવાની જોગવાઈ રાખેલી છે. જો સ્ત્રીને જુલ્મ થતો હોય તેવા ઘરમાં રહેવા દેવામાં આવે અને તલાક઼ની જોગવાઈ જ ન હોય તો પછી એ તેણી પર અત્યાચાર નથી તો શું છે ? અન્ય ધર્મોમાં એકવાર લગ્ન પછી છૂટા પડવાની જોગવાઈ ન હોવાના કારણે અસંખ્ય સ્ત્રીઓએ આપઘાત કરેલા છે તથા સળગાવી દેવામાં આવી છે. અને ક્યાંક સ્ત્રી પણ જુલ્મ કરતી હોય તો ઘરવાળાનું સૌનું જીવન અશાંત થઈ જાય. પણ ઈસ્લામમાં આવા સંજોગોમાં તલાક઼ આપી પત્નીને છૂટી કરવાનો હુકમ છે. પણ તલાક઼ આપતાં પહેલાં અમુક ક્રિયા પ્રતિક્રિયા કરવામાં આવશે જેથી જો પતિ કે પત્નીને તલાક઼ પછીના સંજોગોની તકલીફોનો એહસાસ થાય તો શક્ય છે બંનેમાં સુધારો આવી જાય અને ફરી જીવનની ગાડી સારી રીતે દોડવા લાગે.

### ❁ તલાક઼ આપતાં પહેલાંનો કુર્આની હુકમ ❁

રબ તઆલા ફર્માવે છે :–

وَالّٰتِیۡ تَخَافُوۡنَ نُشُوۡزَهُنَّ فَعِظُوۡهُنَّ وَاهۡجُرُوۡهُنَّ فِی الۡمَضَاجِعِ وَاضۡرِبُوۡهُنَّ ۚ فَاِنۡ اَطَعۡنَكُمۡ فَلَا تَبۡغُوۡا عَلَيۡهِنَّ سَبِيۡلًا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيًّا كَبِيۡرًا ۔ وَاِنۡ خِفۡتُمۡ شِقَاقَ بَيۡنِهِمَا فَابۡعَثُوۡا حَكَمًا مِّنۡ اَهۡلِهٖ وَحَكَمًا مِّنۡ اَهۡلِهَا ۚ اِنۡ يُّرِيۡدَاۤ اِصۡلَاحًا يُّوَفِّقِ اللّٰهُ بَيۡنَهُمَا ؕ اِنَّ اللّٰهَ كَانَ عَلِيۡمًا خَبِيۡرًا ۔

**(તર્જુમો)** : "અને જે સ્ત્રીઓ બાબતે હુકમનું ઉલ્લંઘન કરવાનો તમને ભય હોય તો તેણીઓને સમજાવો અને એવી તેણીઓથી અલગ સૂઓ, અને એવી તેણીઓને મારો, પછી જો તેણીઓ તમારા કહ્યામાં આવી જાય તો તેણીઓ પર વધુ (પગલાં લેવા)નો કોઈ માર્ગ ન ઈચ્છો. બેશક ! અલ્લાહ ઉચ્ચ મહાન છે. અને જો તમને પતિ પત્નીની લડાઈની બીક હોય તો એક પંચ પુરૂષવાળાઓ તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાઓ તરફથી, આ બંનેવ જો સુલહ કરાવવા ઈચ્છશે તો અલ્લાહ તેમનામાં મેળ

કરી આપશે, બેશક ! અલ્લાહ જાણનાર ખબરદાર છે." *(સૂ. નિસાઅ, ૩૪, ૩૫)*

**તફસીર** : જો તમને તેણીઓની નાફર્માનીની સંપૂર્ણપણે જાણકારી થઈ જાય તો એકદમ જ ગુસ્સાથી બેકાબૂ બની અંતિમ પગલુ (ત્રણ તલાક) ન ભરો બલ્કે પહેલાં તેણીઓને નમ્રતાપૂર્વક સમજાવો, જો સમજાવટથી અસર ન થાય તો પછી તેણીથી બિસ્તર અલગ કરી દો અને પ્રેમપૂર્વકની વાતો કરવાનું ત્યજી દો. તે સ્ત્રી જેમાં શરાફતની હૂંફ હજી બચી હશે તો તે આટલાથી પોતાની સુધારણા કરી લેશે. પરંતુ જો આ તરીકો પણ લાભદાયી પુરવાર ન થાય તો પછી તમે તેણીને મારી પણ શકો છો, પરંતુ માર એટલો સખત ન હોય જેનાથી શરીર પર ચૌટ આવી જાય. (કુર્તબી) અને હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી તો સ્પષ્ટતા છે કે જો મારવાના સંજોગો આવી પડે તો મિસ્વાક અથવા એ પ્રકારની કોઈ હલકી ફુલકી ચીજ વડે મારે. આજકાલ જાહિલો પત્નીઓને ઢોર માર મારે છે એની ઈજાઝત ઈસ્લામમાં સદંતર નથી. અને જો સ્ત્રી પોતાનો વર્તાવ બદલી નાખે અને પતિની આજ્ઞાંકિત બની જાય તો પતિ પણ પોતાનું વર્તન બદલી નાખે અને તેના પર હાથ ઉઠાવવાથી એકદમ દૂર રહે. **આ હુકમ તે ખુદાનો છે જે સૌથી ઉચ્ચ અને સૌથી મહાન છે તેના હુકમની અવગણનાનાં પરિણામો ખૂબ જ દર્દનાક છે.**

પરંતુ જો આપસની કોશિશ સુધારણા માટેની લાભદાયી પુરવાર ન થાય અને એવી અસરો જણાય કે સંજોગો પર કાબૂ કરવામાં ન આવ્યો તો મામલો તલાક સુધી પહોંચી જશે તો એ વખતે ક્યાં તો પતિ પત્ની પોતપોતાના તરફથી એક એક પંચ નક્કી કરે જે એમની ફરિયાદ સાંભળીને તેનો આપસમાં નિવેડો લાવી આપે અથવા બંને કુટુંબો પંચ નક્કી કરે. અને જો મામલો અદાલત સુધી પહોંચી ગયો તો પછી હાકિમે જોઈએ કે ઉતાવળે નિર્ણય લઈ તેમનામાં જુદાઈ ન કરી આપે બલ્કે પંચ થકી તેમની સુધારણાની ભરપુર કોશિશ કરે અને જો પંચોએ નિખાલસ નિય્યતે સુધારણાની કોશિશ કરી તો અલ્લાહની તૌફીક જરૂર એમાં સામેલ થશે. *(ઝિયાઉલ કુર્આન, ભાગ–૧, પેજ–૩૪૩)*

### ❁ તલાક આપવાનો કુર્આની કાયદો ❁

પતિ પત્નીમાં મેળના સર્વ પ્રયત્ન નિષ્ફળ જાય અને જો સંબંધ કટ કર્યા વિના કોઈ ચારો ન રહે તો પતિ પોતાની પત્નીને જ્યારે તેણી માસિક સ્ત્રાવ (હૈઝ)થી ફારિગ થાય તો સંભોગ કરતા પહેલાં **એક તલાક આપે**. પછી જ્યારે બીજા મહિને તેણી હૈઝથી પાક થાય તો સંભોગ પહેલાં **બીજીવાર તલાક આપે**. હજી સુધી તે રુજૂઅ (તલાક પરત) કરી શકે છે. પછી ત્રીજા મહિને જ્યારે સ્ત્રી હૈઝથી પાક થાય તો સંભોગ પહેલાં **ત્રીજી તલાક આપે. હવે નિકાહનો સંબંધ હમેશાંના માટે તૂટી ગયા.** પુરૂષને આટલી મોહલત જે આપવામાં આવી તો તેનું કારણ એ છે કે **પુરૂષ પોતાના તે ફેંસલા પર એકવાર નહીં, વારંવાર વિચાર કરે અને જો પોતાના એ ફેંસલાને પરત લેવા ચાહે તો બે વાર સુધી પાછો લઈ શકે છે,** પરંતુ જો તેણે ત્રીજીવાર પણ તલાક આપી દીધી તો જાણે તેણે એ એલાન કરી આપ્યું કે તે આ સ્ત્રીને કોઈ પણ ભોગે પોતાની સાથે રાખવા નથી ચાહતો. એના પછી એને એ હક્ક નથી કે ફરી રુજૂઅ કરે, (પરત લે). *(હવાલો ઉપર મુજબ)*

### ❁ તલાકના પ્રકારો તથા ઈદ્દત તેમજ હલાલા વિશે સમજૂતી ❁

તલાકના ત્રણ પ્રકાર છે : (૧) રજઈ (૨) બાઈન અને (૩) મુગલ્લઝહ

૦૧. **રજઈ** : ઉપરોક્ત લખાણમાં પ્રથમ જે દર્શાવી તે રજઈ **(એકવારની) તલાક** છે તેનો મતલબ એ છે કે **પતિ ઈદ્દતની અંદર રજઅત કરી શકે (તલાક પાછી ખેંચી શકે)** છે, ભલે સ્ત્રી રાજી

હોય કે ન હોય. અને **ઈદ્દત જતી રહે તો સ્ત્રીની મરજીથી નિકાહ કરી શકે** છે. "હલાલા"ની જરૂરત નથી.

૦૨. **બાઈન** : (બીજી વારની તલાક઼) આ તલાક઼નો મતલબ એ છે કે **સ્ત્રીની મરજીથી પતિ ઈદ્દતની અંદર નિકાહ કરી શકે છે કે ઈદ્દત પછી પણ "હલાલા"ની જરૂરત નથી.**

૦૩. **મુગલ્લઝા** : (ત્રીજી તલાક઼) આ તલાક઼નો મતલબ એ છે કે **પત્ની "હલાલા" વિના પ્રથમ પતિ માટે જાઈઝ થશે નહીં.**

### ❃ મૂળ પતિના નિકાહમાં ફરી આવવા હલાલાની રીત ❃

હલાલાની રીત એ છે કે તલાક઼ જો સ્ત્રી મદખૂલા (પતિથી સંભોગ પામેલી) છે તો ઈદ્દત પૂરી થયા બાદ બીજા સાથે નિકાહ કરે, તેની સાથે સંભોગ કરે. (કમસે કમ પુરૂષના ગુપ્તાંગનો સોપારી જેવો ભાગ સ્ત્રીના ગુપ્તાંગમાં પ્રવેશ પામે એટલું તો થવું જ જોઈએ) હવે એ બીજા પતિના મૃત્યુથી કે તલાક઼ આપવાથી ફરી ઈદ્દત પૂર્ણ થયા બાદ પ્રથમ પતિ સાથે નિકાહ કરી શકે છે. અને જો પ્રથમ પતિથી તલાક઼ પામેલ સ્ત્રી મદખૂલા (પતિથી સંભોગ પામેલ) નથી તો પ્રથમ પતિના તલાક઼ આપ્યા બાદ તરત જ બીજા સાથે નિકાહ કરી શકે છે, એટલા માટે કે નિકાહ પછી જો પતિથી સંભોગ નથી કર્યો તેવી સ્ત્રી (ગૈર મદખૂલા) માટે "ઈદ્દત" નથી. *(આલમગીરી, બહારે શરીઅત વગેરે)*

**ચેતવણી** : ઘણા લોકો વગર વિચાર્યે તલાક઼ આપી દે છે પછી ક઼ાયદા મુજબ હલાલો કરાવ્યા વિના જ તે તલાક઼વાળી સાથે પતિ પત્ની જેમ રહે છે તેઓ જહન્નમના અઝાબને વહોરી રહ્યાં છે એ ન ભૂલે. કારણ કે **તલાક઼વાળી સાથે પતિ પત્ની જેમ રહેવું, સંભોગ વગેરે કરવું હરામ તથા ઝિના** છે. માટે ઉપર દર્શાવ્યા મુજબ તલાક઼વાળી સ્ત્રી **હલાલો કરે તો જ મૂળ પતિ સાથે ફરી ઘર કરી શકે** છે.

**ઈદ્દત** : એટલે એ સ્ત્રીનો સમયગાળો જેમાં તેણી નિકાહ નથી કરી શકતી, ન તેનો પયગામ આપી શકાય છે, એ સર્વ **હરામ** છે. તલાક઼ પામેલી કે પતિ મૃત્યુ પામે તેવી **સગર્ભા પત્નીની ઈદ્દત સુવાવડ થતા સુધી** છે. અને **વિધવા** જો સગર્ભા ન હોય તો તેની **ઈદ્દત ચાર મહિના દસ દિવસ** છે. અને જો તલાક઼વાળી મદખૂલા (પતિથી સંભોગ પામેલી) સ્ત્રી જો **પંચાવન વરસ**ની હોય અથવા **નાબાલિગ** હોય તો **તેની ઈદ્દત ત્રણ મહિના** છે. અને **તલાક઼વાળી** સ્ત્રી જો સગર્ભા, નાબાલિગ કે ૫૫ વરસની ન હોય એટલે કે **હૈઝવાળી (માસિકવાળી) હોય** તો તેની **ઈદ્દત ત્રણ હૈઝ** છે, ભલે આ ત્રણ હૈઝ ત્રણ મહિના કે ત્રણ સાલ કે એથી અધિકમાં આવે.

### ❃ તલાક઼ આપતા પહેલાં ખૂબ વિચારજો ! ❃

તો આ સર્વ હતી તલાક઼ તથા તેના પછી મૂળ પતિ સાથે ફરી નિકાહ માટે હલાલો કરવાની તથા ઈદ્દત વિશેની માહિતી. પણ માણસે શાંતચિત્તે દરેક વસ્તુનો વિચાર કરવો જોઈએ અને વાત વાતમાં ઉશ્કેરાઈને ગુસ્સાભેર ધડાધડ "તલાક઼ ! તલાક઼ ! તલાક઼ ! ની ગોળીઓ છોડવી ન જોઈએ, નહીં તો સમાજમાં પણ ફજેતી થશે અને જે અસહ્ય માનસિક વિટંબણાઓ પોતાને, પત્નીને, કુટુંબીજનોને વેઠવી પડશે તે અલગ છે.

બીજું એ વિચારો કે **તમારી બહેન કોઈને ત્યાં પરણાવી છે તેને છોકરાં છે અથવા નથી, તો એને જો તલાક઼ આપી દેવામાં આવે અને તેણીની જિંદગી દિશાશૂન્ય અંધકારમય થઈ જાય અને એ તમારા ઘરે પિયરમાં તલાક઼ પામીને પાછી આવે તો તમારા પર શું ગુજરશે ?!** તમારાં માંબાપ પોતાની પુત્રીને તલાક઼ પામેલી નિરાશ વદને ઘરમાં આવેલી જોઈને **કેટલાં ચિંતિત થશે !**

તેમની વૃદ્ધાવસ્થા હાલતમાં પુત્રીનું દુઃખ જોઈને શી હાલત થશે તે વિચારો ! બસ ! તો **જેવી તમારી બહેન તેવી તમારી પત્ની પણ કોઈની બહેન કે દીકરી જ છે !** તો તેને તલાક઼ આપીને કાઢશો તો તેમના પર શું ગુજરશે તેને ગંભીર પણ વિચારશો. જેથી કોઈ આકરૂ પગલુ ભરતાં પહેલાં થોભશો ને વિચારશો. અને તલાક઼ આપવી જ પડે તેમ હોય તો એકી ધડાકે નહીં, પણ એક એક તહર (પાકીના દિવસો)માં એક આપશો જેવું કે ઉપર દર્શાવ્યું, તો એમાં સંજોગો સુધરે અથવા **તમારો વિચાર ફરે તો તલાક઼ પાછી લઈ શકાય,** પણ **ત્રણ સાથે આપશો તો શરીઅતની રૂએ તમે બહુ જ મોટા જાલિમ ઠરશો, અને એ તલાક઼ો પાછી લઈ શકાતી નથી,** પછી પસ્તાશો તો કાંઈ હાથ લાગશે નહીં, માટે કોઈ પણ પગલુ ભરો તો અત્યંત સંયમ રાખશો.

### ❀ આપસમાં પ્રેમથી વર્તી ઘરને ગુલશન બનાવો ! ❀

ઘણીવાર એવું બને છે કે ઘરમાં આર્થિક રીતે કોઈ કમી નથી હોતી. ઘરની આવક, ધંધો સર્વ સારાં હોય છે, ઘરનો આદમી સર્વ સુખ સગવડો ઘરની સાચવતો હોય છે પણ સાસુ, વહુ, નણંદ તથા ભાભીના ઝઘડા તથા કંકાસની વચ્ચે આદમી પીસાતો હોય છે. આખો દિવસ ધંધાની નોકરીની ભાંજગડમાં થાકીને કંટાળીને માણસ ઘરે આવે છે તો સૌનાં તેવરો જોઈને ઔર હતાશ થઈ જાય છે, કોઈ સરખી વાત કરતું નથી, ગમે તે બહાને ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ કટુ વાણી માં બહેન કે પત્ની તરફથી સાંભળવા મળે છે. વળી ક્યારેક તેની હાજરીમાં જ ઝઘડા શરૂ થઈ જાય છે અને આવા સંજોગોમાં તે આદમી દિમાગ ગુમાવી ગુસ્સામાં ન કરવાનું કરી બેસે છે.

ઘણે ઠેકાણે વધારે પડતું એવું બને છે કે પુત્રને પરણાવવા માટે તથા વહુને ઘરે લાવવા માં તથા બહેનો તલપાપડ હોય છે, ખૂબ ધામધૂમથી ખુશીભેર પરણાવે છે, વહુ ઘરે આવે છે તેને થોડો સમય તો ખૂબ જ લાડ પ્યારથી રખાય છે પણ સમય જતાં પછી ન જાણે પતિ પત્ની સુખેથી હસી મજાક વાતો કરતાં હોય છે તો સાસુ તથા નણંદોને જાણે અદેખાઈ થાય છે કે, "હવે બૈરીનો થઈ ગયો ! અમને ગણતો નથી !" વળી ક્યાંક સાસુ તથા નણંદો ભાભીમાં ખામીઓ કાઢી કાઢી ભાઈને ચઢાવે છે અને ઘરમાં કંકાસ શરૂ થાય છે. ક્યાંક પત્ની ફરિયાદ કરે કે, "માવડીયો છે, મને ગણતો નથી !" આ ટક ટક બંને તરફની ચાલુ રહે છે, છેવટે ભાઈ ઉશ્કેરાય છે અને ક્યારેક આવી રીતે તલાક઼ો પણ થઈ જાય છે.

તો આવી જગ્યાએ નણંદો તથા સાસુઓએ વિચારવું જોઈએ કે વહુ સાથે અમે નાહક્ક઼ ઝઘડીશું, તેની ઈર્ષા કરીશું, તેને હેરાન કરીશું તો અમારા જ વહાલા ભાઈ તથા પુત્રને તકલીફ થશે, તેને દુઃખ થશે, તે ટેન્શનમાં આવી જશે, તેના કામકાજમાં દખલ થશે અને તે જીવનથી હતાશ થઈ જશે, માટે નાહક્ક઼ વહુ સાથે ઝઘડા ન કરવા. એ જ પ્રમાણે વહુએ પણ સાસુ તથા નણંદો સાથે એવું વર્તન ન કરવું જોઈએ જેનાથી પતિ પણ પરેશાન થાય. બલ્કે સારા વ્યવહારથી સૌનું દિલ જીતી લે અને તે એમ સમજીને કે મારા પ્રિય જીવનસાથીને અમારા ઝઘડા કંકાસથી તકલીફ પહોંચશે જેથી ગમે તે થાય મારે ઘરમાં વાતાવરણ ખુશનુમા રહે તે રીતે જ જીવવું. આ રીતે જો બંને પક્ષે વિચારવામાં આવશે તો ઘર ગુલશન બની જશે અને સૌ હસી ખુશી જીવન વિતાવશે.

### ❀ દરેક ઝઘડાનું મૂળ અહંમ તથા ઘમંડ છે ! ❀

સામાન્યતઃ મોટાભાગના ઝઘડા એકબીજાના અહંમ તથા ઘમંડના ટકરાવને કારણે થાય છે. પતિને બોસ હોવાનો અહંમ તથા ઘમંડ હોય છે, સાસુને ઉપરી હોવાનો, નણંદને કાંઈ જુદો તો વહુને કાંઈ જુદી

ટાઈપનો ઘમંડ કે અહંમ હોય છે અને કોઈ નીચુ જ ન નમે તો મુસીબતોના પહાડ ઉદ્‌ભવ પામે છે. પણ આ ઘમંડ કેટલી મહાન બુરાઈ છે તે વિશે જાણો અને તેને ત્યજી દો.

ફર્માને નબવી છે : **કંજૂસ, ઘમંડી અને મોટાઈની આદતવાળો** જન્નતમાં જશે નહીં. ઘમંડીને હદીષમાં **ઘણો જ બુરો બંદો** કહ્યું છે. અને ખૂબ જ ભયાનક અઝાબો ઘમંડી માટે દર્શાવાયા છે. *(મુકાશફતુલ કુલૂબ)*

વળી આપણે મુસલમાન છીએ તો **ખુદાના ડર સાથે જીવવું જોઈએ** અને આપણા પ્યારા નબી ﷺનું ફર્માન ધ્યાનમાં રાખવું જોઈએ કે ઘરમાં જ નહીં, રસૂલે પાક ﷺએ તો પડોશી માટે કહ્યું કે, **"તે શખ્સ જન્નતમાં જશે નહીં જેનો પડોશી તેની આફતોથી મેહફૂઝ નથી."** *(મુસ્લિમ શરીફ, બહવાલા અન્વારુલ હદીષ)*

જ્યારે પડોશીને સતાવનાર જન્નતથી વંચિત થઈ જાય ! તો પછી ઘરમાં જ એકબીજાને રંજાડનારનો શો અંજામ આવશે ! કારણ કે પડોશીનો તો ફક્ત એક જ હક્ક છે, જ્યારે ઘરમાં સગાઈનો હક્ક, મુસલમાન તરીકેનો હક્ક વગેરે અનેક હક્ક નિભાવવાના હોય છે.

બીજી હદીષમાં છે : "જે અમારા **નાનાઓ પર રહમ** ન કરે, અમારા **મોટાઈઓની ઈજ્જત** ન કરે, નેકીનો હુકમ ન આપે અને બુરાઈથી ન રોકે **તે અમારાથી નથી."** *(તિર્મિઝી, અન્વારુલ હદીષ)*

વિચારો ! રસૂલે ખુદા જ્યારે નાનાઓ પર રહમ ન કરનાર તથા મોટાંઓની ઈજ્જત ન કરનારને તે અમારાથી નથી ! એવું કહે છે, તો આપણે જો આપસમાં નાહક્ક ઝઘડીએ તો આપણને પણ આ હુકમ લાગુ પડશે અને નબી પાક ﷺની નારાજગી વહોરીને આપણે ક્યાંયના રહીશું નહીં, અલ્લાહની નારાજગી વહોરીને બંને દુનિયાની તબાહી જ હાથ આવશે. માટે સર્વ ઘરના સભ્યોએ એકબીજા સાથે ઈસ્લામી જીવન પદ્ધતિ અપનાવી દિલી લાગણી પેદા કરી રહેવું જોઈએ તો મહોબ્બતની સુવાસથી ઘર મઘમઘી ઉઠશે અને ઘરનાં દરેક સભ્ય એકબીજા પર જાન નિછાવર કરી દેશે અને તમારું ઘર જન્નત સમાન બની જશે જ્યાં ચૈન સુકૂન હશે.

### ❀ સૌમાં ઈજ્જત તથા મર્તબો શાથી વધે ? ❀

હે મુસલમાનભાઈઓ ! બહેનો ! તમે નમ્ર બનશો, પ્રેમાળ બનશો તો રબ્બે કરીમ તમારાથી રાજી થશે. જુઓ સરકારે દો આલમ ﷺ ફર્માવે છે :–

"શું હું તમને એ ચીજની ખબર ન આપું જેનાથી અલ્લાહ તઆલા ઈજ્જત આપે છે, દરજ્જા બુલંદ કરે છે ? સહાબાએ અર્ઝ કરી, જરૂર બતાવો, યા રસૂલલ્લાહ ! (ﷺ) આપે ફર્માવ્યું, **"જે તમારાથી મોઢું ફેરવે તેનાથી દરગુઝર કરો, જેણે તમારા પર જુલ્મ કર્યો તેને માફ કરી દો, જેણે તમને વંચિત રાખ્યા તેને આપો, અને જેણે સંબંધ કાપ્યા તેની સાથે સંબંધ જોડો."** *(તબ્રાની–સુન્ની ફઝાઈલે આમાલ, પેજ–૭૮૧)*

મુસલમાનો ! ઘરમાં પણ આપસમાં આ હદીષ પર અમલ કરો ! અને વિચારો કે અલ્લાહ જેને ઈજ્જત આપે તેને કોણ ઝલીલ કરી શકે ! માટે આપણે મુસલમાન છીએ તો આવી અલ્લાહ વ રસૂલની વાતો પર અમલ કરીએ તો બંને જહાનની ભલાઈઓ ખુશીઓ આપણા કદમોમાં આવીને પડશે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં આપણને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માનો પર અમલ કરવા તથા સંપૂર્ણપણે ઈસ્લામી ઢબથી જીવન જીવવાની તૌફીક અતા કરે અને અલ્લાહની નાપસંદીદા ચીજ તલાકની બલાથી મેહફૂઝ રાખે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ બકરહ્‌ની તફસીર

وَلَا جُنَاحَ عَلَيْكُمْ فِيمَا عَرَّضْتُمْ بِهِ مِنْ خِطْبَةِ النِّسَاءِ
أَوْ أَكْنَنْتُمْ فِي أَنْفُسِكُمْ ۚ عَلِمَ اللَّهُ أَنَّكُمْ سَتَذْكُرُونَهُنَّ وَلَٰكِنْ
لَا تُوَاعِدُوهُنَّ سِرًّا إِلَّا أَنْ تَقُولُوا قَوْلًا مَعْرُوفًا ۚ وَلَا تَعْزِمُوا
عُقْدَةَ النِّكَاحِ حَتَّىٰ يَبْلُغَ الْكِتَابُ أَجَلَهُ ۚ وَاعْلَمُوا أَنَّ اللَّهَ يَعْلَمُ
مَا فِي أَنْفُسِكُمْ فَاحْذَرُوهُ ۚ وَاعْلَمُوا أَنَّ اللَّهَ غَفُورٌ حَلِيمٌ ﴿٢٣٥﴾
لَا جُنَاحَ عَلَيْكُمْ إِنْ طَلَّقْتُمُ النِّسَاءَ مَا لَمْ تَمَسُّوهُنَّ أَوْ
تَفْرِضُوا لَهُنَّ فَرِيضَةً ۚ وَمَتِّعُوهُنَّ عَلَى الْمُوسِعِ قَدَرُهُ
وَعَلَى الْمُقْتِرِ قَدَرُهُ مَتَاعًا بِالْمَعْرُوفِ ۖ حَقًّا عَلَى الْمُحْسِنِينَ ﴿٢٣٦﴾
وَإِنْ طَلَّقْتُمُوهُنَّ مِنْ قَبْلِ أَنْ تَمَسُّوهُنَّ وَقَدْ فَرَضْتُمْ
لَهُنَّ فَرِيضَةً فَنِصْفُ مَا فَرَضْتُمْ إِلَّا أَنْ يَعْفُونَ أَوْ يَعْفُوَ
الَّذِي بِيَدِهِ عُقْدَةُ النِّكَاحِ ۚ وَأَنْ تَعْفُوا أَقْرَبُ لِلتَّقْوَىٰ ۚ وَ
لَا تَنْسَوُا الْفَضْلَ بَيْنَكُمْ ۚ إِنَّ اللَّهَ بِمَا تَعْمَلُونَ بَصِيرٌ ﴿٢٣٧﴾

### ત.....ર્જુ.....મો.....

"અને કોઈ ગુનોહ નથી તમારા પર એ વાતમાં કે ઈશારાથી નિકાહનો પયગામ આપો એ સ્ત્રીઓને અથવા જે છુપાવ્યું છે તમે તમારા દિલોમાં[306] જાણે છે અલ્લાહ તઆલા કે તમે જરૂર એનો ઉલ્લેખ કરશો, અલ્બત્ત ન વાયદો લેશો તેમનાથી છુપી રીતે પણ, પણ એ કહો (તેમનાથી) શરીઅતના મુજબની કોઈ વાત, અને ન પાકુ કરી લો નિકાહનું બંધન ત્યાં સુધી કે પહોંચી જાય ઈદ્દત પોતાના અંત સુધી, અને જાણી લો કે યક઼ીનન ! અલ્લાહ જાણે છે જે તમારાં દિલોમાં છે જેથી એનાથી ડરતા રહો. અને જાણી લો કે બેશક ! અલ્લાહ તઆલા ઘણો જ બખ્શનાર હિલમવાળો (સંયમી) છે. કોઈ વાંધો નથી તમારા પર જો તમે તલાક઼ આપી દો તે સ્ત્રીઓને જેમને તમે સ્પર્શ પણ નથી કયો[307]. અને નથી નિશ્ચિત કરી તમે તેમની મહેર અને ખર્ચો આપો તેમને, મક઼દૂરવાળા પર તેની હૈસિયતના પ્રમાણે અને ગરીબ પર તેની હૈસિયત પ્રમાણે. આ ખર્ચો યોગ્ય તરીક઼ા પ્રમાણે હોવો જોઈએ, આ ફર્ઝ છે નેકોકારો પર. અને જો તમે તલાક઼ આપો તેમને[307] એનાથી પહેલાં કે તમે તેણીઓને હાથ લગાડો અને નક્કી કરી ચૂક્યા હતા એમના માટે મહેર તો અડધી મહેર (અદા કરો) જે તમે નક્કી કરી છે. પણ એ કે તેણીઓ (પોતાનો હક્ક઼) માફ કરી આપે અથવા માફ કરી આપે તે જેના હાથમાં નિકાહની ગાંઠ છે. અને (હે પુરૂષો) જો તમે માફ કરી આપો તો એ ખૂબ જ નિકટ છે તક઼્વાથી અને ન ભૂલાવ્યા કરો[308] એહસાનને આપસ (ના લેણદેણ)માં. બેશક ! અલ્લાહ તઆલા જે કાંઈ તમે કરો છો તેને સારી પેઠે જોનાર છે.

### તફસીર...............

**૩૦૬.** મુસલમાનોને હુકમ આપવામાં આવી રહ્યો છે કે મરનાર પતિની ઈદ્દત પસાર કરનારી સ્ત્રીને સ્પષ્ટપણે નિકાહ કરવાની ચર્ચા ન કરવામાં આવે. ગમ તથા રંજની આ ઘડીઓમાં જ્યારે કે એક ઘરનો

ચિરાગ બુઝાઈ ગયો છે, એમાં તમારું શાદીના જશ્ન મનાવવાની વાત નાખવું કેટલું ઐબદાર છે અને તે મર્હૂમ સાથે કેટલો અન્યાય છે કે હજી તેનું કફન પણ મેલુ નથી થયું અને તમે તેની પત્નીનો શાદીનો પયગામ આપવા માંડયા છો ! હા, જો ગુપ્ત રીતે જો તમે તમારો ઈરાદો પ્રદર્શિત કરી આપો (ઈન્ડાયરેક્ટલી) તો એમાં કોઈ વાંધો નથી. બેહતર તો એ છે કે એ વાત તમારા દિલોમાં જ રહે અને જીભ પર ન આવવા પામે.

**૩૦૭.** અહીં એ સ્ત્રીની તલાક઼નો હુકમ બયાન થયો જેની સાથે નિકાહ તો થઈ ગયા પરંતુ મહેરની કોઈ માત્રા નક્કી ન થઈ અને પુરૂષે તેણી સાથે સંભોગ કે સહીહ એકાંત નથી માણ્યું. દર્શાવ્યું કે આવી સ્ત્રીને તલાક઼ આપવામાં કોઈ ગુનોહ નથી, પરંતુ એવી સ્ત્રીને ખર્ચ માટે કાંઈક આપી દો જેથી તેણીના દિલને સાંત્વન થઈ જાય. ફક઼ીહોએ ત્રણ જોડ કપડાં મુરાદ લીધેલ છે. એ પણ દર્શાવી આપ્યું કે પતિ એમાં સંકૂચિતપણે પણ કામ ન લે અને ફ઼ુઝૂલખર્ચી પણ ન કરે, બલ્કે પોતાની શક્તિ અનુસાર જે આપવા ચાહે આપે. હક઼ીક઼તમાં એ સ્પષ્ટતા કરી આપવું જરૂરી છે.

**૩૦૮.** અહીં તે સ્ત્રીનો હુકમ વર્ણન થઈ રહ્યો છે કે નિકાહના સમયે જેની મહેર તો નક્કી થઈ ચૂકી પરંતુ સંભોગ તથા સહીહ એકાંતથી પહેલાં તલાક઼ આપી દેવામાં આવી. ફર્માવ્યું, આ સંજોગોમાં પતિ અડધી મહેર પત્નીને આપે. હા, જો સ્ત્રી પોતાની મરજીથી એ પણ માફ કરી આપે અથવા પતિ પૂરી મહેર આપવા તૈયાર થઈ જાય અને અડધી મહેર ન આપવાની જે છૂટ તેને આપવામાં આવી હતી તે છૂટને તે માફ કરી આપે, તો જુદી વાત છે. الذی بیدہٖ عقدۃ النکاحથી મુરાદ પતિ છે, કેમ કે નિકાહના બંધનને બાંધવા તથા ખોલવાનો હક્ક઼ તેને જ આપવામાં આવ્યો છે. અને اَنْ تَعْفُوْاથી એ બાબત તરફ નિર્દેશ છે કે માફી તથા ઉદારદિલીના અધિક મુસ્તહિક઼ પુરૂષો છે.

**૩૦૯.** એ સમયે એહસાન તથા મુરવ્વતની હિદાયત કરવામાં આવી રહી છે જ્યારે કે સંજોગો એટલા પ્રમાણમાં સંગીન થઈ ગયા છે કે તલાક઼ આપવાની નોબત આવી ચૂકી છે. પરંતુ કુર્આન પોતાને માનનારાઓને સૂચન કરે છે કે આ બગડેલા સંજોગોમાં પણ સારી સભ્યતા પ્રદર્શિત કરો. અને જો સામો પક્ષ તમારી આ સુસભ્યતા અને મહેરબાનીનો સ્વીકાર અને ક઼દર પણ ન કરે તો શું થયું ? તમારો રબ તો તમને જોઈ રહ્યો છે. જો તે રાજી થઈ ગયો તો પછી તમારે બીજું શું જોઈએ.

પેજ નં. ૦૨ નું ચાલુ...

થયેલ છે કે સરકારે દો જહાં ﷺએ ફર્માવ્યું, (અર્થ) : "બદ્‌મઝહબ જો બીમાર પડે તો તેની ખબર પૂછવા ન જાવ, મરી જાય તો તેની જનાઝાની નમાઝમાં શરીક ન થાવ, તેમની સાથે ભેટો થાય તો તેમને સલામ ન કરો, તેમની પાસે ન બેસો, તેમની સાથે પાણી ન પીઓ, તેમની સાથે ખાવા ન ખાવ, તેમની સાથે શાદી વિવાહ ન કરો, તેમના જનાઝાની નમાઝ ન પઢો અને તેમની સાથે મળીને નમાઝ ન પઢો. *(મુસ્લિમ શરીફ)* આ હદીષને અબૂ દાઊદે હઝરત ઈબ્ને ઉમરથી અને ઈબ્ને માજહએ હઝરત જાબિરથી અને અક઼ીબ તથા ઈબ્ને હ઼બ્બાને હઝરત અનસથી પણ રિવાયત કરી. رضوان اللہ تعالیٰ علیہم اجمعین
*(ફતાવા ફયૂઝુર્રસૂલ, ૧/૭૦, ૭૧)*

**હે ગ઼ૌષ પાક رضی اللہ عنہના ચાહકો !** અલ્લાહ ﷻ વ રસૂલલ્લાહ ﷺના હુકમ સામે તમારા ગજવાની દલીલો ન ચલાવશો ! જુઓ, ઉપરોક્ત હદીષ વારંવાર વાંચો અને તમારા પોતાના અમલો પર મનન કરો ! જો તમે એના પર અમલ કરો છો તો તમને મુબારકબાદ છે ! અને જો નથી કરતા ! તો ગંભીરતાથી આખેરતની ભલાઈ તથા સુન્નિયતની મજબૂતીના માટે વિચારી સાવધાન થઈ જાવ. અને આ હદીષમાં તો બદ્‌મઝહબ એટલે ગુસ્તાખે રસૂલ નહીં ! બલ્કે જેના અક઼ીદામાં કાંઈક ખરાબી હોય તેના વિશે હુકમ દર્શાવે છે તો જેઓ નબી વલીના ગુસ્તાખો છે અથવા એવા લોકોને પણ મુસલમાન સમજતા હોય કે જેઓ નબીના ઉઘાડા ગુસ્તાખ છે તેમનાથી તો કેટલા અંશે બચવું જોઈએ ! માટે જો અલ્લાહ વ રસૂલને રાજી કરવા ન્યાઝ જમાડતા હોઉ, ગ઼ૌષ પાક رضی اللہ عنہની રૂહને ખુશ કરવા કરતા હોઉ તો ઉપરોક્ત સૂચનાઓ પર અમલ કરશો. અલ્લાહ તઆલા તેના હબીબે પાક ﷺના સદક઼ામાં સૌને નેક હિદાયત આપે. (આમીન)

દર્સે હદીસે પાક

# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

# એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان

## હદીષ ૭૨

અસ્મા બિન્તે અબૂબક્ર[૧] رَضِیَ اللهُ عَنْهَا થી રિવાયત છે, ફર્માવે છે કે નબી કરીમ ﷺ વઅઝના માટે ઊભા થયા[૨] તો આપે ક઼બ્રના ફિત્નાનો ઉલ્લેખ કર્યો જેમાં માણસ સપડાતો હોય છે[૩]. તો જ્યારે આ વર્ણન કર્યું તો મુસલમાનો ચીસ પાડી ઉઠયા[૪]. (બુખારી શરીફ) અને નિસાઈએ આ અધિક ઉમેર્યું કે તેમના વચ્ચે ચીસ આડી આવી (કહ્યું) જેથી હુઝૂર ﷺની વાત સમજી ન શકી. જ્યારે શોર થંભી ગયો તો મેં મારા નિકટવર્તી માણસને કહ્યું[૫] કે અલ્લાહ તને બરકતો આપે, હુઝૂર ﷺએ આખરી કલામશરીફ (વાત)માં શું કહ્યું ? તે બોલ્યા કે હુઝૂરે એવું ફર્માવ્યું કે, મને વહી થઈ છે કે તમે પોતાની ક઼બ્રમાં દજ્જાલના ફિત્નાની જેવા ફિત્નામાં સપડાવવામાં આવશો[૬]. હઝરત જાબિર رَضِیَ اللهُ عَنْهُ થી રિવાયત છે. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે મૈયત ક઼બ્રમાં દાખલ કરવામાં આવે છે તો તેને સૂરજ ડૂબતો માલૂમ પડે છે[૭]. તો તે આંખો ચોળતો બેઠો થાય છે અને કહે છે, મને છોડો ! હું નમાઝ પઢી લઉં[૮]. (ઈબ્ને માજહ)

### :::: સ....મ....જૂ....તી.... ::::

**૧.** આપનો લક઼બ 'ઝાતુન્નાક઼તૈન' છે. હઝરત આઈશા સિદ્દીક઼ા رَضِیَ اللهُ عَنْهَا નાં મોટાં બહેન, ઝુબૈર ઈબ્ને અવ્વામના પત્ની, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરનાં વાલિદા, હઝરત અબૂબક્રનાં સાહબઝાદી છે. આપ અઢારમાં મુસલમાન છે. મક્કા મોઅઝ્ઝમામાં ઈમાન લાવ્યાં. આઈશા સિદ્દીક઼ા رَضِیَ اللهُ عَنْهَا થી દસ વરસ મોટાં હતાં. આપના સાહબઝાદા અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈરને હજ્જાઝ ઈબ્ને યૂસુફે સૂળી પર ચઢાવ્યા હતા. ફાંસીના માંચડેથી આપની લાશ ઉતાર્યા પછી દસ દિવસ બાદ હઝરત અસ્માનો ઈન્તેકાલ થયો. મક્કા મોઅઝ્ઝમામાં દફન થયાં. આ બનાવ હિ.સ. ૭૩માં બન્યો.

**૨.** મસ્જિદે નબવી શરીફમાં જ્યાં પુરૂષો તથા સ્ત્રીઓ જમા થયેલ હતી. પુરૂષો આગળ હતા, સ્ત્રીઓ પર્દા સાથે પાછળ હતી જેવું કે એ સમયે સામાન્ય રિવાજ હતો બલ્કે સ્ત્રીઓને હુકમ હતો કે વઅઝની મજલિસમાં હાજર થતી રહે જેથી તેણીઓને અહકામ તથા મસાઈલની જાણ થાય. યાદ રાખશો કે ખુત્બો તથા વઅઝ ઊભા રહીને કહેવું સુન્નત છે. શામીમાં છે કે નિકાહનો ખુત્બો પણ ઊભા રહીને પઢવામાં આવે.

**૩.** ક઼બ્રના ફિત્નાથી મુરાદ ત્યાંની પરીક્ષા છે. اَلْمَرْءُ થી જાણવા મળ્યું કે ક઼બ્રનો હિસાબ કેવળ માનવો માટે છે, જિન્નાત કે જાનવરોથી નથી, કેમ કે તેમના માટે ન જન્નત છે ન ત્યાંની નેઅમતો. કાફિર જિન્નો માટે કેવળ જહન્નમ છે. જાનવરોના માટે બંનેમાંથી કાંઈ નથી, બલ્કે જુલ્મોનો બદલો કરાવીને તેમને માટી બનાવી દેવામાં આવશે. તેની તેહક઼ીક઼ અમારા ફત્વામાં જુઓ.

**૪.** ભયથી ગભરાયને રડી પડયા અને આપોઆપ ચીસ નીકળી ગઈ. એમાં રિયા (બાહ્ય આંડબર)ની ગુંજાઈશ ન હતી. યાદ રાખશો કે ખૌફે ઈલાહીમાં કેવળ દિલથી રડવું બેહતર છે. રબ તઆલા ફર્માવે છે : تَرٰى اَعْيُنَهُمْ تَفِيْضُ مِنَ الدَّمْعِ પરંતુ જો આપોઆપ લોકો સમક્ષ ચીસ નીકળી જાય તે પણ ઈબાદત છે.

**૫.** એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે સ્ત્રી અજનબી પુરૂષથી જરૂરતના સમયે પર્દામાં રહીને વાત કરી શકે છે, શરત એ કે સાદી

વાતચીત કરે, અવાજમાં મીઠાશ તથા લચક ન હોય. રબ ફર્માવે છે : وَإِذَا سَأَلْتُمُوهُنَّ مَتَاعًا فَاسْأَلُوهُنَّ مِن وَرَاءِ حِجَابٍ અને ફર્માવે છે : فَلَا تَخْضَعْنَ بِالْقَوْلِ બીજુ એ કે દુઆઓ આપીને કોઈ વાત પૂછવી બેહતર છે જેથી જેને સંબોધન થાય તેને ખુશી થાય. મો'મિનને ખુશ કરવું પણ ઈબાદત છે. ત્રીજુ એ કે દીની વાતોમાં એકની ખબર પણ સ્વીકાર્ય છે, ગવાહોની જરૂરત નથી.

**૬.** એટલો કે ક઼બ્રનો ફિત્નો દજ્જાલના ફિત્નાની જેમ ઘણો જ ખતરનાક છે જેમ કે **દજ્જાલની બુરાઈથી તે જ બચશે જેને અલ્લાહ બચાવે, એવી જ રીતે ક઼બ્રના હિસાબમાં તે જ કામયાબ થશે જેને અલ્લાહ કામયાબ કરે.** આ બંનેવ જગાએ અડગ રહેવું આપણી બહાદુરી પર નથી. દજ્જાલ ખુદાઈનો દાવો કરશે અને ઘણા લોકો એનો સ્વીકાર કરી લેશે. ક઼બ્રમાં શૈતાન સામે આવી જાય છે અને કહે છે કે, "હું તારો રબ છું, મને રબ માની લે કામયાબ થઈ જઈશ ! તેની પ્રજા મૈયતના મૃત્યુ પામેલાં સગાંઓના રૂપમાં આવીને કહે છે કે, બેટા ! એને ખુદા માની લે !" જુઓ ! આ'લા હઝરત કુદ્દેસ સિર્રહુની કિતાબ *ઈઝાનુલ અજર* અને અમારી કિતાબ *જાઅલ હક઼્ક઼*. એટલા માટે ક઼બ્ર પર અઝાન કહી દેવામાં આવે છે જેથી શૈતાનો દૂર થઈ જાય.

**૭.** આ એહસાસ મુન્કર નકીરના જગાડવાથી થાય છે, ભલે દફન ગમે તે સમયે થાય, કેમ કે અસરની નમાઝની અધિક તાકીદ છે અને સૂર્યનું ડૂબવું એનો સમય જતો રહેવાની દલીલ છે એટલા માટે એ સમય દેખાડવામાં આવે છે.

**૮.** એટલે, હે ફરિશ્તાઓ ! સવાલો બાદમાં કરજો, અસ્રનો સમય જઈ રહ્યો છે જેથી મને નમાઝ પઢી લેવા દો. આ તે જ કહેશે જે દુનિયામાં અસરની નમાઝનો પાબંદ હતો, અલ્લાહ નસીબ કરે. એટલા માટે રબ ફર્માવે છે : حَافِظُوا عَلَى الصَّلَوَاتِ وَالصَّلَاةِ الْوُسْطَىٰ "તમામ નમાઝોની, ખાસ અસરની ખૂબ જ કાળજી રાખો." સૂફિયાએ કિરામ ફર્માવે છે : જેવું જીવશો તેવું જ મરશો, અને જેવું મરશો તેવું જ ઉઠશો. યાદ રાખશો કે મો'મિનને તે સમયે એવું જણાશે જાણે કે હું ઊંઘીને ઉઠયો છું. નઝઅ વગેરે સર્વ ભૂલી જશે. શક્ય છે કે આ અર્ઝ કરવાથી સવાલ જવાબ જ ન થાય અને થાય તો ખૂબ જ આસાન થાય, કેમ કે તેની આ વાતચીત સર્વ સવાલોનો જવાબ થઈ ચૂકી.

ફત્વા વિભાગ

## તલાક઼ સંબંધી મસાઈલ

કા...ર્યા...લ...ય

શું ફર્માવે છે ઉલમાએ દીન તથા ઈસ્લામના મુફતીઓ આ બે મસ્અલાના બારામાં કે : (૧) ઝયદે આ પ્રમાણે લખી તલાક઼ આપી કે, "હું ફલાણો", "ફલાણી"નો પતિ અક્કલ અને હોશ સાથે લખી રહ્યો છું કે "હું મારી પત્ની "ફલાણી"ને તલાક઼ આપુ છું. (૨) પતિએ Email કર્યો કે મારે તને તલાક઼ આપવી છે ફોન ઉપાડ ! મારે તને કહેવું છે, તલાક઼ ! તલાક઼ ! તલાક઼ ! ખલાસ. *પ્રશ્નકર્તા :* ***માસૂમ હાજી-દયાદરા***

بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ **જવાબ : (૧)** "ઝયદે" જે વખતે એવું લખ્યું કે, "હું મારી પત્ની ફલાણીને તલાક઼ આપુ છું" એ જ સમયથી તેની પત્ની પર એક તલાક઼ રજઈ લાગુ થઈ ગઈ. જો "ઝયદ" તે તેણીને ફરીથી પત્ની તરીકે રાખવા ચાહતો હોય તો "ઈદ્દત"ની અંદર "રજઅત" કરી (તલાક઼ પરત ખેંચી) શકે છે. "રજઅત" (પરત લેવાનો) મસ્નૂન તરીક઼ો એ છે કે કમસે કમ બેગવાહો સમક્ષ "ઝયદ" એવું કહે કે, "મેં ફલાણી (પત્નીનું નામ)ને મારા નિકાહમાં પાછી લીધી." અથવા કહે, "તેનાથી રજઅત કરી. જો "ઈદ્દત" પૂરી થઈ ગઈ હોય તો નવેસરથી નિકાહ કરી લે. કુર્આનમાં ઈર્શાદ છે : اَلطَّلَاقُ مَرَّتٰنِ فَاِمْسَاكٌۢ بِمَعْرُوْفٍ اَوْ تَسْرِيْحٌۢ بِاِحْسَانٍ અલ્લાહ બેહતર જાણનાર છે.

**જવાબ : (૨)** સવાલમાં જે શબ્દો વર્ણન થયા છે કે પતિનું એ લખવું કે, "મારે તલાક઼ આપવી છે.ક્ષ્ક્ષણ..મારે તલાક઼ કહેવી છે તલાક઼ ! તલાક઼ ! તલાક઼ !" આ શબ્દો તલાક઼ના શબ્દો નથી, બલ્કે તલાક઼ આપવાની ધમકી છે, એટલા માટે આ શબ્દોથી એ શખ્સની પત્ની પર કોઈ તલાક઼ પડી નથી. આ સ્ત્રી દસ્તૂર મુજબ પોતાના પતિના નિકાહમાં જ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

**લખનાર** : (મુફતી) મુહમ્મદ નસીમ

**અલ્ જવાબ સહીહ** : (સદર મુફતી) મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી *(જામિઆ અશરફિયા મુબારકપુર, ૧૦-રબીઉલ અવ્વલ હિ.સ. ૧૪૩૦)*

બઝ્મે અવલિયા

# હઝરત ખ્વાજા કાઝી મહમૂદ દરિયાઈ દુલ્હા રહમતુલ્લાહ અલૈહની

## કરામતોની એક ઝલક !

-::: રજૂકર્તા :::-
હઝરત પીર સૈયદ
સફીયુલ્લાહબાવા દરિયાઈ
(સજ્જાદાનશીન દરિયાઈ ખાનકાહ બીરપુર)

હઝરત ખ્વાજા મહમૂદશાહ દરિયાઈ દુલ્હા રહમતુલ્લાહ અલૈહ એક મહાન વલી થઈ ગયા જેમનો મઝાર મુબારક બીરપુર શરીફ (તા. બાલાસીનોર, જિ. ખેડા) મુકામે ફયૂઝના દરિયા લૂટાવે છે અને અસંખ્ય લોકો ત્યાંથી પોતાની મુરાદો પામે છે અને તેમની બલા, મુસીબતો, બીમારોથી મુક્તિ પામે છે. આપ હઝરતની અમુક કરામતો અત્રે રજૂ કરીએ છીએ :–

### હઝરત મુશ્કિલકુશા ખ્વાજા દરિયાઈ સાહેબની દુઆની અસર

અમદાવાદ શહેરમાં એક મુરાદખાન નામનો માણસ રહેતો હતો, તેમનો બારેક વરસનો એક છોકરો હતો, તેના ખોવાઈ જવાથી મુરાદખાન હમેશાં ઉદાસ રહેતો હતો.

એક દિવસ મુરાદખાનના દોસ્તે સારી સલાહ આપતાં કહ્યું કે તમો ખ્વાજા ફખરેઝમાં, કુત્બે રબ્બાની, પીરેલાષાની હઝરત પીર દરિયાઈ સાહેબ પાસે બીરપુર જાવ અને ત્યાં જઈને તેમની પાસે તમારું દુઃખ કહેજો. અમને આશા છે કે, ''અલ્લાહના હુકમથી'' તમારા દુઃખનો અંત જરૂર આવશે.

મુરાદખાન ગરજના માર્યે અમદાવાદથી બીરપુર શરીફ સફર કરીને હઝરત ખ્વાજા દરિયાઈ સાહેબના દરબારમાં હાજર થયો. હઝરતને સલામ અર્ઝ કરીને પોતાના ઉપર જે મુસીબત હતી તે હઝરત દરિયાઈ સાહેબને કહી સંભળાવી કે, ''મારો એકનો એક પુત્ર જે બાર વરસનો હતો તે ખોવાઈ ગયો છે, તે મને એટલો વહાલો છે કે મારી આંખની કીકી સમાન છે. તેના વગર મને ઉંઘ પણ આવતી નથી, મારું ખાધું પીધું બળીને ખાક થઈ જાય છે, માટે આપને મારી વિનંતિ છે કે આપ કંઈ કરો.''

સુલ્તાનુલ્ અવલિયા દરિયાઈ સાહેબને મુરાદખાન ઉપર દયા આવી, હઝરત દરિયાઈ સાહેબ વજદમાં આવી ગયા, અલ્લાહની તરફ ધ્યાન લગાવ્યું અને કહ્યું કે, ''કાંગરૂ દેશમાં એક સ્ત્રી'' જે તમારા પુત્ર ઉપર મોહીત થઈ ગઈ છે તેણે તમારા પુત્રને છુપાવી રાખ્યો છે. પછી હઝરતે ફર્માવ્યું કે તમો ફિકર કરશો નહીં, હું હમણાં તેને બોલાવું છું.

કુત્બે રબ્બાની હઝરત દરિયાઈ સાહબે આટલું ફર્માવી બંને હાથ મુબારક ફેલાવી દુઆ કરી ત્યાં તો તેમની નજીકમાં જ એક ઘેટું એકાએક ગેબથી આવીને ઊભું રહ્યું. હઝરત કાઝી મહમૂદ દરિયાઈ સાહબે તેમનો હાથ મુબારક તે ઘેટાની ઉપર ફેરવ્યો ત્યાં તો ઘેટામાંથી બાર વર્ષનું બાળક બની ગયું.

મુરાદખાન તરત જ તેને ભેટી પડે છે, તે નિર્દોષ બાળક તો આ બધું જોતો જ રહ્યો, મુરાદખાને તેના એકના એક પુત્રને ઘણા જ પ્યારા અને ચુંબનો કર્યા, આંસૂની ધારા વહેવા લાગી. સલામો પર સલામો ભરતો મુરાદખાન હસતા મુખે પોતાના ઘર તરફ રવાના થયો.

### ખ્વાજા મહમૂદ દરિયાઈ સાહબને કાઝીનો ખિતાબ મળવાનું વર્ણન

બે માણસો અહમદાબાદના રહેવાસી હતા. તેઓ ભાગીદારીમાં વેપાર કરતા હતા. એક દિવસ બંને જણ દક્ષિણના એક શહેરમાં ગયા. ભાગીદારીના ધંધા વેપારમાં ખૂબ જ નફો થયો. છ મહિના પછી તે બંને વેપારીઓમાંથી એક જણે વતન જવાનો ઈરાદો કર્યો. બીજો વેપારી તેને વિદાય આપવા માટે કેટલાક અંતર સુધી સાથે ગયો. વહેલી સવારે તે બંને નીકળ્યા અને ઝવાલના સમયે એક જગ્યાએ બેઠા જ્યાં (૧) લીમડાનું ઝાડ (૨) કૂવો (૩) એક શહીદ વલીની કબ્ર હતી. જ્યારે ભૂખ લાગી તો રોટલી તથા માછલી જે સફરના માટે સાથે લીધી હતી ખાધી. માછલીના કાંટા તે કૂવામાં નાખ્યા. વિદાય આપવા આવનારે કહ્યું, હે અઝીઝ પુરતમીઝ ! તને ખુદાને હવાલે કરું છું, હું છ મહિના

બાદ ઘરે આવીશ. આ છ હજાર રૂપિયા અનામતરૂપે તને સોપું છું જેને મારે ઘરે જઈને આપી દેજે. મારી ખૈરિયતના સમાચાર કહેજે. આમ કહીને રૂપિયાની થેલી તેને સોંપી દીધી તે પછી બંને જણ વિખૂટા પડયા.

થોડા દિવસો બાદ જ્યારે તે વેપારી સહી સલામત વતન પહોંચી ગયો તો તેના કુટુંબીજનો ખૂબ ખુશ થયાં. તેના ભાગીદાર વેપારીની પત્ની પોતાના પતિની ખબર પૂછવા આવી. તેણીએ પૂછયું કે તમે આવ્યા અને તમારા ભાઈ કેમ નથી આવ્યા ?! તે બદ્ઝાત, અમાનતમાં ખયાનત કરનારે જવાબ આપ્યો, મને ખબર નથી, કેમ કે ઘણા સમયથી અમે બંને અલગ થયા છીએ. ખુદાને ખબર તે ક્યાં ગયો છે ! આ ભયજનક સમાચાર સાંભળી તે ગરીબ સ્ત્રી ખૂબ જ ગમગીન તથા ચિંતાતુર બની ગઈ. લાચાર બનીને સબ્ર રાખી, તેણીએ આ આયત પ્રમાણે ખુદા તઆલા પર ભરોસો કર્યો કે, (અર્થ) : ''સબ્ર કરનારાઓ સાથે અલ્લાહ છે.'' જ્યારે તે સ્ત્રીથી ભૂખ તથા ફાકા કરવાની હિંમત ન રહી તો ઘરને એક વેપારીને વેચી નાખ્યું. તે વપારી ભલો માણસ હતો. તે દુઃખી સ્ત્રીને તેણે પોતાની પાસે રહેવા માટે જગ્યા આપી. તે સ્ત્રી મહેનત તથા ગરીબીમાં ગુજારો કરતી હતી.

બાર વરસો બાદ તેનો પતિ આવ્યો. તેણે પોતાના ઘરને જુદી ઢબનું જોયું તો તેણે વિચાર્યું કે અંદર જઈને જોઉં કે શું હાલ છે ? જ્યારે ઘરની અંદર પ્રવેશ્યો તો આવનારને પેલો (ઘર ખરીદનાર) વેપારી ઓળખી ગયો. બાજુમાંથી તેની સ્ત્રીને બોલાવીને કહ્યું, હે નેકબખ્ત ! આજે તારી કિસ્મત જાગી છે કે તારો પતિ આવી ગયો છે. સ્ત્રીએ પોતાના પતિને ઓળખ્યો. અને પોતાના રહેઠાણે લઈ ગઈ. પતિએ પત્નીને કહ્યું કે તેં આ શી હાલત બનાવી રાખી છે ? આટલી તકલીફમાં કેમ જીવે છે ? મેં મારા ભાગીદાર સાથે રૂપિયા મોકલ્યા હતા તેનું શું કર્યું ? દુઃખી પત્નીએ બનેલ સર્વ ઘટના કહી સંભળાવી અને કહ્યું, કે બાર વરસો બાદ આવ્યા છો ઉપરથી મારા પર છ હજાર રૂપિયાની તોહમત લગાડો છો ! તમને શરમ નથી આવતી ? પતિએ કહ્યું, તું જે કહે છે તેનાથી મને આશ્ચર્ય થાય છે. તે પત્નીની સાથે ચર્ચા કરીને તેના ભાગીદાર વેપારીને ત્યાં ગયો. તેને મળીને કહ્યું ! હે ભાઈ ! તેં સારું કર્યું કે કમઅક્કલ સ્ત્રીને મારી અમાનત સોંપી નહીં. આટલું સાંભળીને તે ફિત્નાખોરે બેહૂદા બકવાસ શરૂ કર્યો અને તેની સાથે ઝઘડો કરી બેહૂદા શોર મચાવવા લાગ્યો કે, હે મારા દોસ્તો ! મારા મદદગારો ! મારી મદદ કરો ! કે આ માણસ મારા ઉપર છ હજાર રૂપિયાની તોહમત લગાડે છે ! મતલબ કે બંને જણ વચ્ચે ખૂબ જ ઝઘડો થયો.

આખરે તે ઝઘડો સુલ્તાન તથા કાઝી અહમદાબાદના રઈસોની પાસે પહોંચ્યો. પરંતુ કોઈનાથી તે ઝઘડાનો ફેંસલો ન થઈ શક્યો. દરેકે ગવાહની માંગણી કરી. અમાનતદાર નેક કિરદાર વાદીએ તે નાદાર (વેપારી)ને કહ્યું, બીરપુર ઉર્ફે મહમૂદનગરમાં હઝરત શાહ હમીદુદ્દીનના વંશજ જેમનું ઈસ્મ શરીફ ખ્વાજા મહમૂદ મહબૂબુલ્લાહ છે આપ મુકદ્દમાનો વગર ગવાહે ફેંસલો કરે છે જો તું કહે તો તે રોશનઝમીર વલી અલ્લાહની પાસે જઈએ. અંતે તે બંને જણ અહમદાબાદથી બીરપુર પૂરનૂરમાં ગૌષએ અકબર દરિયાઈ સાહબની ખિદમતમાં આવ્યા.

બીરપુર આવ્યા અને જોયું કે કેટલાક નાની વયના છોકરાઓ રમત રમી રહ્યા છે. હઝરત દરિયાઈ સાહબ પણ એક તરફ ઉભા હતા. તેમણે અર્ઝ કરી, હે શાહઝાદા ! મિયાં મહમૂદ ક્યાં છે ? આપે તે સાંભળીને ફર્માવ્યું, જો મિયાં મહમૂદને શોધતા હોય તો તેમને હું નથી ઓળખતો પણ મિસ્કીન મહમૂદને મળવું હોય તો હું હાજર છું ! બોલો આપ લોકોને શું કામ છે ? તો બંને જણા આપની નાની વય જોઈને આશ્ચર્યમાં પડી ગયા. દરિયાઈ સાહબે રોશન ઝમીરીથી ઓળખી લઈને ફર્માવ્યું આપ અહમદાબાદથી એક મુશ્કેલ મુકદ્દમાનો ફેંસલો કરાવવા માટે આવ્યા છો ? મને જોઈને આશ્ચર્યમાં પડી ગયા છો ! બંનેમાંથી એક જણે કહ્યું, હઝરત ! આપ ઉંમરમાં નાના છો તેથી અમે આપને શું પૂછીએ ? આપે ફર્માવ્યું, પૂછો મારી નાની વયનો ખયાલ છોડી દો ! આપે ત્રણ વખતે એ પ્રમાણે કહ્યું. અંતે બંને જણે તેમની હકીકત તથા પરિસ્થિતિ વર્ણવી, આપે ફર્માવ્યું, હે અઝીઝો ! કોઈ ગવાહ છે તમારી પાસે ? તે માણસ (વાદી) આ દુઃખદાયક વાત સાંભળીને રડવા લાગ્યો. કહેવા લાગ્યો, આપ એવું શા માટે ફર્માવો છો ? હાય અફસોસ ! મારા રૂપિયા આ ખયાનત કરનારે પચાવી પાડયા છે, તે કદાપિ મને આપશે નહીં. રડી કકડીને દરિયાઈ સાહબને અર્ઝ કરી, હે હઝરત ! જો ગવાહ હોત તો આપની પાસે શા માટે આવત ? હઝરત

દરિયાઈ સાહબે આ સાંભળીને ગૈરતનાક થઈને ફર્માવ્યું, જો ગવાહ નથી તો જે જગાએ અમાનત સોંપી હતી તે જગા યાદ છે ? તેણે કહ્યું, હા ! મને યાદ છે, ત્યાં (૧) લીમડાનું ઝાડ (૨) કૂવો (૩) શહીદની કબ્ર છે. લીમડાના છાંયડામાં શહીદની કબ્ર નજીક બેસીને રોટલી તથા માછલી ખાઈને અમાનત સોંપી હતી. મહબૂબુલ્લાહે તેને સાંત્વન આપી ફર્માવ્યું, હે અઝીઝ ! તું જરા પણ ગભરાટ ન રાખ, કેમ કે તારા ચાર ગવાહ છે ! આમ કહીને આપે બંને જણની આંખો બંધ કરાવી. જ્યારે આંખો ખોલી તો જ્યાં શહીદની કબ્ર હતી ત્યાં પોતાને ઉભેલો જોયો જ્યાં અમાનતની સોંપણી થઈ હતી તે માણસે જોયું તો યકીને કામિલ થઈ ગયું.

હઝરત મહબૂબુલ્લાહે શહીદની કબ્ર પાસે જઈને ફર્માવ્યું, *કુમબિ ઈઝનિલ્લાહિ તઆલા.* તે શહીદ ગૌષુલમજીદના ફર્માનથી જીવંત થઈ ગયા. કબ્રમાંથી ઉઠીને ગવાહી આપી કે, હે ખયાનત કરનાર મર્દ ! તું શા માટે છ હજારની રકમ આ ગરીબ મિસ્કીનને આપી નથી દેતો ? મારી કબ્રની પાસે બેસીને તને અનામત સોંપવામાં આવી છે ! લીમડાના ઝાડે પણ અને માછલીઓએ પણ હઝરતના હુકમથી જીવંત થઈને ગવાહી દીધી. કૂવાના પાણીમાંથી પણ અવાજ આવ્યો કે મારું પાણી પીને આ માણસે તેને અમાનત સોંપી હતી તેની હું ગવાહી આપું છું. હવે હઝરત મહબૂબુલ્લાહે તે ખયાનત કરનાર માણસને ફર્માવ્યું, તેં અમાનતની રકમ તારા ઘરની ફલાણી જગાએ જમીનમાં દાટી છે, ત્યાંથી કાઢીને આ દાવેદારને આપી દે, નહીં તો તારો હાથ પકડીને પહાડોમાં ફેંકી દઈશ. તે મુન્કિરે કબૂલ કર્યું.

આપ હઝરતે તેઓની આંખો બંધ કરાવી. આંખો ખોલી તો પળવારમાં હવે તેઓ તે ખયાનત કરનાર મુન્કિરના ઘરે અહમદાબાદમાં હતા. તેણે તે અમાનત તેના અસલ માલિકને સુપરત કરી દીધી. હવે આપ બીરપુરમાં આવીને બાળકોની સાથે ખેલમાં મશ્ગૂલ થઈ ગયા. હઝરત મહબૂબુલ્લાહના વાલિદ સાહબને ગૈબથી અવાજ આવ્યો, હે શાહે ચાએ લદાહ ! આપના ફરઝંદને કાઝીયુલ કુઝા કાઝી મહમૂદનો ખિતાબ આપ્યો છે. દીનની કઝાઈયત (દીની ફેંસલો) ફર્માવશે. જયારે હઝરત દરિયાઈ સાહબ ઘરે આવ્યા તો વલીની નેઅમતની ખિદમતથી મુશર્રફ થયા. વાલિદ સાહબે મુબારકબાદ આપી, ફર્માવ્યું કે કાઝી મહમૂદ ! આવો ત્યારથી આપ કાઝી મહમૂદના નામથી મશ્હૂર થયા.

## હઝરત સૈયદના શાહ પીર દરિયાઈ સાહેબે એક નજર કરી અને હાડપિંજરમાંથી....!!!

એક દિવસ હઝરત ખ્વાજા પીરમિયાં મહમૂદ દરિયાઈ رحمۃ اللہ علیہ દાદા સાહબ અને તેમના મિત્રો ગુજરાત સલ્તનતના બાદશાહ, વજીર, ઈમાદુલમુલ્ક કોહે અલત (પ્રેમ–ગલી વીરપુરનો પર્વત) પર ચઢવા માટે નીકળ્યા. ડુંગર ઉપર ચઢતી વખતે રસ્તામાં કોઈ પ્રાણીના હાડપિંજરના હાડકાં પડેલાં દેખાયાં. હાડપિંજર જોઈને ઈમાદુલમુલ્કે કહ્યું, ઘણા જ પયગંબર અને અવલિયાએ મૃત પામેલા પ્રાણીઓના અવશેષો ઉપરથી પ્રાણીઓને જીવંત કર્યાં છે, તો આ પ્રાણીઓને સજીવન કરો કેમ કે આપને પણ અલ્લાહે મહબૂબ તરીકે નવાજ્યા છે. આપે ગૌષ અને કુતુબનો પણ મર્તબો મેળવેલ છે માટે મારી આટલી અરજ સ્વીકારો. હઝરત કુત્બેઝમાં ખ્વાજા દરિયાઈ દાદા સાહબે સ્મિત વેરતાં જવાબ આપ્યો, આ હાડકાં એટલે હાડપિંજર વાઘનું છે, જીવતો થાય અને કદાચ તમને નુકસાન પણ કરે, માટે એ વાત જવા દો. ઈમાદુલ મુલ્કને તો વધારે જુસ્સો ચઢયો એટલે એમણે ફરીથી અર્ઝ કરી, આપ અમારી સાથે છો પછી અમને મૌતની પણ બીક રહેતી નથી. હઝરત શાહ દરિયાઈ દાદા સાહબે વુઝૂ કર્યું અને બે રકાત નમાઝે નફલ અદા કરી, દુઆ માંગી રહ્યા બાદ આપે એક નજર હાડપિંજર તરફ નાંખી હુકમ કર્યો, "કુમ બિઈઝનિલ્લાહ !" (અલ્લાહના હુકમથી ઉઠી જા !) હાડપિંજરમાંથી વાઘ તરત જ ઊભો થયો. હઝરત પીર દરિયાઈ સાહબ બેઠા હતા ત્યાં તેમની આગળ આવી પહોંચ્યો અને સલામ કરી અર્ઝ કરી માથુ નમાવ્યું અને ઊભો રહ્યો. આ દશ્ય જોઈને બધા જ દંગ રહી ગયા. હઝરત દરિયાઈ સાહેબે ફરીથી દુઆ માટે હાથ ફેલાવ્યા. દરિયાઈ સાહેબ ઘણા જ ખુશ થયા અને અલ્લાહ તઆલાથી દુઆ માંગી પછી જણાવ્યું કે, "અલ્લાહની રહમતથી આ વાઘ કયામત સુધી જીવતો રહેશે." પ્રેમ ગલી પહાડમાં જ્યાં હઝરત દરિયાઈ દાદા સાહેબ ઈબાદત કરતા હતા તે ગુફામાં આજે પણ ત્યાં વાઘ મૌજૂદ છે અને કોઈ કોઈવાર જોઈ શકાય છે. ઘણા જ લોકોએ આ વાઘને અવાર નવાર જોયો છે, તેના દાખલા મૌજૂદ છે.

વઝીફો

# "યા સૈયદના શૈખ અબ્દલ ક઼ાદિર જીલાની શૈઅન લિલ્લાહ !"

## જાઈઝ હોવા સંબંધે તેહક઼ીક઼ી ચર્ચા


લેખક :- રઈસુત્તહરીર હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ

અનુવાદક :- પટેલ શબ્બીર અલી રઝવી

(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)


નબી વલીની તૌહીન તથા અદાવત જેમનો રાત દિવસનો વઝીફો છે તે બદ્‌બખ્ત નવા ફિર્ક઼ા વહાબી દેવબંદીઓએ પોતાની કિતાબોમાં નબી વલીના અતાઈ ઈલ્મે ગૈબ તથા કોઈને મદદ કરવા વિશે ઈન્કાર કરેલા છે જેનો આગલા 'બરકાતે ખ્વાજા' માસિકના અંકોમાં પણ આપણે રદિયો આપેલો છે. અહીં વાંચો દેવબંદી મૌલ્વી થાનવીએ લખ્યું છે કે :–

"યા શૈખ અબ્દલ ક઼ાદિર" અને "યા શૈખ સુલૈમાન"નો વઝીફો પઢવું જેમ કે સામાન્ય મુસ્લિમોનો અક઼ીદો છે, તેમ કરવાથી ઈસ્લામથી ખારિજ થઈ જાય છે. *(ફતાવા ઈમ્દાદિયા, ભાગ–૪, પેજ–૫૬, અઝ : અશ્રફ અલી થાનવી બહવાલા ઝલ્ઝલા)*

એના અનુસંધાનમાં તેમની બદ્‌અક઼ીદગીનાં કાળાં વાદળોના ઓળા દૂર કરવા અત્રે **મોઅતબર હદીષો** તથા **બુઝુર્ગોના કથનો** એટલે સુધી કે જેમને માનવાનો દાવો દેવબંદીઓ પણ કરે છે તે બુઝુર્ગોનાં કથનો પણ રજૂ કરીએ છીએ :–

આ અરબી શબ્દનો ઉર્દૂ તર્જુમો છે, "હે અમારા આક઼ા શૈખ અબ્દલ ક઼ાદિર જીલાની ખુદાના માટે કાંઈક અર્પણ કરો !" અરબીનું આ વાક્ય તદ્દન એવું જ છે જેમ કે સામાન્ય બોલીમાં આપણે કહ્યા કરીએ છીએ, "અલ્લાહને ખાતર મારી મદદ કરો !" એટલે "મારી મદદને માટે હું તમને અલ્લાહનો વાસ્તો આપુ છું." બોલીનો આ મુહાવરો આમ તથા ખાસ સૌમાં રિવાજ પામેલ છે છતાં આજ સુધી કોઈએ એનો વાંધો ન ઉઠાવ્યો. કદાચ તમે એવું કહેશો કે એમાં વાંધો ઉઠાવવાનો કોઈ પ્રશ્ન નથી ઊભો થતો, કેમ કે, "ખુદાને ખાતર મારી મદદ કરો !" એ વાક્ય બોલનાર જેને સંબોધન કરે છે તે સાંભળી પણ રહ્યો છે અને મદદ કરવા માટે શક્તિ પણ ધરાવે છે, પરંતુ "યા સૈયિદના શૈખ અબ્દલ ક઼ાદિર જીલાની શૈઅનલિલ્લાહ !"માં ન સંબોધ પામનાર સાંભળી રહેલ છે અને ન એની અંદર મદદ કરવાની શક્તિ છે !

તો હું જણાવીશ કે તમારી આ બંને વાતો અજ્ઞાનતા પર આધારિત છે, નહીં તો હક઼ીક઼ત એ છે કે સંબોધન પામનાર સાંભળી પણ રહ્યો છે અને મદદ કરવાની શક્તિ પણ ધરાવે છે. સંબોધન પામનારને તમે મુડદુ સમજો છો એટલા માટે આ ગલતફહમી થઈ ગઈ છે કે મુડદુ કેવી રીતે સાંભળી શકે છે ? અને મુડદાની અંદર મદદ કરવાની શક્તિ ક્યાંથી પેદા થઈ શકે છે ?! હવે આ બંનેવ ચર્ચાઓ દલીલોની સાથે સાંભળો :–

### ★ મુડદુ પણ સાંભળે છે ! ★

ઘણી બધી હદીષોથી સાબિત છે કે મુસલમાન મુડદાં પોતાની ક઼બ્રોમાં જીવંત છે, સાંભળે છે અને જુએ છે. જેમ કે ઈમામ બયહક઼ીએ તથા ઈબ્ને અસાકિરે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہની રિવાયત વર્ણન કરી છે. હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **"જ્યારે માણસ કોઈ એવા માણસની ક઼બ્ર પાસેથી પસાર થાય છે જેની સાથે દુનિયામાં ઓળખાણ હતી અને તે તેને સલામ કરે છે તો તે સલામનો જવાબ પણ આપે છે અને તેને ઓળખે પણ છે. અને જેની સાથે ઓળખાણ ન હતી તેને ઓળખતો તો નથી પરંતુ તેના સલામનો જવાબ આપે છે."**

અને બીજી હદીષ જેને ઈમામ અહમદ અબૂ દાઊદે હઝરત બરાઅ્ બિન આઝિબ رضی اللہ عنہથી રિવાયત કરી છે એમાં હુઝૂરે અન્વર ﷺ ઈર્શાદ ફર્માવે છે : "જ્યારે મૈયતને દફન કરીને લોકો પાછા ફરે છે તો **મુડદુ તેમના જોડાનો પગરવ સાંભળે છે."**

અને ઈમામ મુસ્લિમની રિવાયતમાં છે : "જ્યારે મૈયતને દફન કરીને લોકો પાછા ફરે છે તો મુડદુ તેમના જોડાઓનો પગરવ સાંભળે છે."

આ સર્વ હદીષોથી એ વાત સારી પેઠે સાબિત થઈ ગઈ કે સામાન્ય મુસલમાન પોતપોતાની કૂબ્રોમાં જીવતા છે, સાંભળે છે, ઓળખે છે અને સલામનો જવાબ આપે છે.

**★ મો'મિનની રૂહ આલમે બાલામાં રહે છે ★**

એની સાથે એ પણ સાંભળી લો કે રૂહ આલમે બાલામાં રહે છે, અને સલામ કરનાર તેની કૂબ્ર પર સલામ કરે છે અને તે ત્યાંથી એને સાંભળે છે અને જવાબ આપે છે. જેમ કે સુનને નિસાઈની શરહ ઝહરાલર્બીમાં છે :–

"રૂહની એક શાન એ પણ છે કે આલમે બાલામાં રહેવા છતાં શરીર સાથે તેનો સંબંધ જોડાયેલો રહે છે અને ત્યાંથી તે સલામનો અવાજ સાંભળે છે અને જવાબ પણ આપે છે."

જ્યારે સામાન્ય મુસલમાન મુડદાંઓની રૂહોની શ્રવણ શક્તિની આ હાલત છે કે તે આલમે બાલાથી સલામનો અવાજ સાંભળી લે છે, તો અવલિયાએ કિરામની પવિત્ર રૂહોની શક્તિ તથા પહોંચનો અંદાઝો કોણ લગાડી શકે છે ?! એમના બારામાં હઝરત અલ્લામા મુનાદી "તયસીર"માં અને હઝરત મુલ્લા અલી કારી મિર્કાત શરહે મિશ્કાતમાં જણાવે છે :–

"અવલિયાએ કિરામની પાક રૂહોનો સંબંધ જ્યારે પોતાના માટીના શરીરોથી તૂટે છે તો તે આલમે બાલાએ જઈને મળી જાય છે અને તે વખતે કોઈ પ્રકારનો કોઈ પર્દો તેમના પર આડ નથી રહેતો, બિલકુલ એવી રીતે તે દરેક ચીજને જુએ તથા દરેક અવાજને સાંભળે છે જેવું કે કોઈ સાંભળતું હોય છે.

**★ વિલાયતના મર્તબાની ગૌષ પાક વહેંચણી કરે છે ★**

ઉપર દર્શાવી એ શાન તો સામાન્ય અવલિયાની છે, હવે આવો ! અવલિયાના સરદાર હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہની મહાન રૂહાનિયતનો નઝારો જુઓ. હઝરત કાઝી ષનાઉલ્લાહ પાનીપતી પોતાની કિતાબ "સૈફુલ મલૂલ"માં લખે છે :–

"વિલાયતના કારખાનાના ફયૂઝો તથા બરકતો અને યોગ્ય દરજાઓ જે અલ્લાહ તઆલાની તરફ અવલિયાએ કિરામના માટે જમીન પર નાઝિલ થાય છે તે સીધા કુતબુલ ઈર્શાદ પર ઉતારવામાં આવે છે, તે લાયકાત પ્રમાણે વિલાયતના સ્થાનના સર્વ મર્તબાઓ તથા દરજાઓને જમીનની સર્વ દિશાઓમાં રહેતા અકતાબ, અવતાદ, અને નકૂબા તથા નજબા વગેરે વચ્ચે વહેંચણી કરે છે. હઝરત આદમ علیہ السلامના મુબારક યુગથી સૈયદના હઝરત અલી મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریمની રૂહ મુબારક આ સ્થાને બિરાજમાન હતી. પછી ક્રમે ક્રમે અહલે બયતે અત્હારના ઈમામો એક પછી એક આ મહાન સ્થાન પર બિરાજમાન થતા રહ્યા એટલે સુધી કે હઝરત ઈમામ અસ્કરી સુધી આ ક્રમ પહોંચ્યો. જ્યારે તેમની વફાત થઈ તો આલમે બરઝખમાં તેમની પાક રૂહ رضی اللہ عنہને આ હોદ્દા પર બિરાજમાન કરવામાં આવી."

ત્યારબાદ ઈર્શાદ ફર્માવે છે :–

"જ્યારે હઝરત ગૌષુષ્ષકૂલૈન પેદા થયા તો આ મહાન હોદ્દો એમને સુપ્રત કરી દેવામાં આવ્યો. અને હઝરત ઈમામ મેહદીના જાહેર થતાં સુધી આપની રૂહ આ સ્થાન પર બિરાજમાન રહેશે."

વિલાયતના મર્તબાની વહેંચણીની આ સર્વ વિગત કાઝી ષનાઉલ્લાહ સાહબે ઈમામે રબ્બાની હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رضی اللہ عنہના મક્તૂબાત, ભાગ–૩થી હાંસલ કરી છે. જેમાં તેમણે ખૂબ જ

સ્પષ્ટતાપૂર્વક આ હોદ્દા પર હુઝૂર ગ઼ૌષુષ્ષક઼લૈનને બિરાજમાન કરવા વિશે વર્ણન કરેલ છે. અંતમાં ખુલાસો પણ કર્યો છે કે હઝરત ગ઼ૌષુષ્ષક઼લૈનના નાયબપણામાં આ હોદ્દો મને પણ પ્રાપ્ત થયેલ છે તેમના શબ્દો આ પ્રમાણે છે :–

''મુજદ્દિદ અલ્ફેષાની આ મુક઼ામમાં હઝરત શૈખના નાઈબ છે અને હઝરત શૈખના નાયબપણામાં આ હોદ્દા સાથે એને પણ સંબંધ છે. જેમ કે કહેવામાં આવ્યું છે કે ચાંદની રોશની સૂર્યની રોશનીનું પ્રતિબિંબ છે. આ સ્થિતિમાં હઝરત ગ઼ૌષુષ્ષક઼લૈનના એકાકીપણા તથા વિશિષ્ટ હોવામાં કોઈ અસર નથી પડતી.

આ મહાન હોદ્દાનો તકાઝો છે ત્યાં સુધી પૂરો નથી થઈ શકતો જ્યાં સુધી કે હઝરત ગ઼ૌષુષ્ષક઼લૈનના માટે એક સીમિત પહોંચ શક્તિ સ્વીકારી લેવામાં ન આવે કે તે આલમે કુદ્સથી નાઝિલ થનાર સર્વ ફયૂઝો તથા બરકતોને પણ નિહારી રહ્યા છે અને પૃથ્વીના પટ પર રહેનારા અવલિયાએ કિરામના સર્વ તબક઼ાની વિગતથી પણ માહિતગાર છે. જ્યારે તેમની રૂહાની પહોંચ શક્તિ આખા જગતને ઘેરી ચૂકેલ છે તો પૃથ્વીના કોઈપણ ભાગ પરથી પોકારનારનો અવાજ સાંભળવો એમના માટે શું મુશ્કેલ છે !

### ★ હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલની ગ઼ૌષપાકથી મુલાકાત ! ★

હઝરત ગ઼ૌષપાક رضی اللہ عنہની મહાન રૂહાનિયતનો એક અધિક આશ્ચર્યજનક બનાવ સાંભળો જેને ''બેહજતુલ અસ્રાર, પેજ–૩૬૪ પર નકલ કર્યો છે :–

''આ પ્રસંગના રાવી હઝરત અબુલ હસન અલી બિન હયતી رضی اللہ عنہ છે. તે બયાન કરે છે કે એક દિવસ હઝરત ગ઼ૌષુષ્ષક઼લૈન, હઝરત ઈમામ અહમદ બિન હંબલ رضی اللہ عنہના મઝાર મુબારકની ઝિયારતના માટે તશરીફ લઈ ગયા. હું તથા શૈખ બક઼ા પણ સાથે હતા. જેવા ગ઼ૌષ પાકના મઝાર મુબારકમાં પ્રવેશ્યા તેવી જ હઝરત ઈમામ હંબલની મુબારક ક઼બ્ર ફાટી ગઈ અને તે જીવતાની જેમ બહાર આવ્યા અને ગ઼ૌષ પાકને પોતાના સીનાથી લગાડયા અને તેમને ખિલ્અતે ફાખિરા (શાનવાળો લિબાસ) પહેરાવ્યો અને ઈર્શાદ ફર્માવ્યો કે, શરીઅતના તથા તરીક઼તના ઈલ્મમાં હું તમારો મોહતાજ છું.''

આ પ્રસંગથી એ વાત સ્પષ્ટપણે જાહેર થઈ જાય છે કે હઝરત ગ઼ૌષુષ્ષક઼લૈનનું માટીમય શરીર પણ રૂહની જેમ લતીફ હતું કે એક રૂહે મુજર્રદ (અભૌતિક રૂહ)ની મુલાક઼ાતમાં તે કોઈ રીતે આડ ન બન્યું.

### ★ ગ઼ૌષપાકની રૂહાની કુવ્વત તથા તસર્રુફ ★

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી 'હમ્આત'માં લખે છે. (આ દેવબંદીઓના પેશ્વાઓના પીર સાહબ છે તે લખે છે !)

''ઉમ્મતના સર્વ અવલિયા અને સર્વ સિલસિલાના બુઝુર્ગોમાં જેમની રૂહાનિયતનો મક઼ામ સૌથી ઉચ્ચ છે અને જેમની નિસ્બતની શક્તિ સૌથી ઉચ્ચ છે તે હઝરત શૈખ મુહયુદ્દીન અબ્દુલક઼ાદિર જીલાની છે જેમના બારામાં બુઝુર્ગોએ ઈર્શાદ ફર્માવ્યો છે કે તે પોતાની ક઼બ્ર મુબારકમાં જીવતાંઓની જેમ તસર્રુફ ફર્માવે છે.''

એ જ કિતાબના પેજ નં. ૨૯૨ પર ગ઼ૌષ પાક رضی اللہ عنہનું ફર્માન નક઼લ થયેલ છે :–

''જો મારા મુરીદનો પર્દો પૂર્વમાં ખુલી જાય અને હું પશ્ચિમમાં હોઉં તો ત્યાંથી હું તેને ઢાંકી આપુ છું.''

**હવે વહાબી દેવબંદીઓ જણાવે કે યા શૈખ અબ્દુલ ક઼ાદિર ! પઢવાને જાઈઝ કહેનાર ઉપરોક્ત બુઝુર્ગો ક઼ાઝી ષનાઉલ્લાહ પાનીપતી, હઝરત મુજદ્દિદ અલ્ફેષાની, શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી..... વગેરે શું ઈસ્લામથી ખારિજ છે ? જો નહીં ! તો પોતાના ગલત અક઼ીદાથી તૌબા કરો અને ગલત અક઼ીદાનો ક઼ાદવ ઉછાળીને મુસ્લિમોમાં ફાટફૂટ પડાવવાનું બંધ કરો.** આ વિષયમાં સમુદ્રની જેમ ઉછળતી દલીલોનો નઝારો કરવો હોય તો આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની ''હયાતુલ્ મવાત ફી બયાનિ સમાઉલ્ અમ્વાત''ના અભ્યાસ કરો.

## પતિ પત્નીના પ્રશ્નો સંબંધી જાણવા જેવા મસાઈલ

કાર્યાલય

કેટલીક વાર એવું થાય છે કે સ્ત્રી હજી કોઈના નિકાહમાં છે અથવા પતિએ તલાક્ નથી આપી, અથવા પતિના તલાક્ આપવાથી ઈદ્દતમાં છે અને હજી ઈદ્દત પૂરી થઈ નથી. વળી ક્યાંક બને છે કે પત્ની પતિથી રિસાઈને વરસ બે વરસથી પિયર નાસી આવી છે અને તેની તલાક્ હાલ થઈ તો ઈદ્દત પહેલાં જ શાદીની ગોઠવણ થાય છે અને ઈદ્દત પહેલાં જ નિકાહ પઢાવી દેવામાં આવે છે, એમ સમજીને કે બે વરસથી પતિથી દૂર જ છે ! વળી ક્યાંક તો મસ્અલો બતાવવા છતાં નથી માનતા ! તેના સંબંધી શરીઅતનો હુકમ જુઓ :–

### ★ નિકાહવાળી તથા ઈદ્દતવાળીના બીજે નિકાહ હરામ ! ★

''જ્યારે સ્ત્રી કોઈના નિકાહ અથવા ઈદ્દતમાં હોય તો તે તેણીના નિકાહ કોઈ જાણી જોઈને બીજા સાથે પઢવા જાઈઝ નથી. જેથી નિકાહવાળી કે ઈદ્દતવાળીના નિકાહ બીજા સાથે પઢી આપ્યા તો **એ નિકાહ હરામ** છે અને ઝિનાનો દરવાજો ખોલવું છે. તેણી તથા બીજા નિકાહ પઢનાર પતિ માટે અનિવાર્ય છે કે એકબીજાથી તરત જ અલગ થઈ જાય અને જાહેરમાં તૌબા વ ઈસ્તિગફાર કરે અને **નિકાહ પઢાવનારો** સખત ગુનેહગાર, જહન્નમના અઝાબનો હક્કદાર છે, તે તૌબા વ ઈસ્તિગફાર કરવા ઉપરાંત એ **નિકાહના નાજાઈઝ હોવાનું એલાન** કરે અને નિકાહની ઉઝરત પાછી આપી દે. જો એ લોકો એવું ન કરે તો મુસલમાનો તેમનો બહિષ્કાર કરે. એવા નિકાહ પઢાવનાર જાહેરમાં તૌબા ન કરે ત્યાં સુધી તેની પાછળ નમાઝ જાઈઝ નથી.'' *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧, પેજ–૬૬૩)*

હે મુસલમાનો ! અલ્લાહથી ડરશો અને કોઈપણ સંજોગોમાં શરીઅતની હદો ન તોડશો, નહીં તો જહન્નમનો અઝાબ વેઠવો એટલો આસાન નથી !

### ★ પાગલની પત્ની તલાક્ વિના બીજા નિકાહ ન કરી શકે ★

એક ઠેકાણે નિકાહ બાદ પતિ પાગલ થઈ ગયો તો તેનો ઘણો ઈલાજ કરાવ્યો પણ સારું ન થયું તો ગામવાળાઓથી લખાણ લઈ તેના વાલીએ તેણીના નિકાહ બીજે કરી આપ્યા. બાદમાં તે મૂળ પતિ સારો થઈ ગયો અને પત્નીને લેવા તેના પિતા પાસે ગયો તો તેણે ગામવાળાઓનું પોતે સારો થયો એ બાબતનું લખાણ માંગ્યું. તો આ બાબતે શરીઅત શું કહે છે ? જુઓ :–

''આ સંજાગોમાં તે સ્ત્રી શરીઅતની રૂએ મૂળ પતિની જ પત્ની છે, હરગિઝ હરગિઝ બીજા સાથે તેણીના નિકાહ થઈ શકતા નથી **ત્યાં સુધી કે મૂળ પતિ મૃત્યુ ન પામે** અથવા **સારો થઈને તલાક્ ન આપે.** (કારણ કે પાગલની આપેલી તલાક્ પડતી નથી) કેવળ પંચ કે ગ્રામ્યજનોના લખી આપવાથી કે વાલીની ઈજાઝતથી બીજે નિકાહ કદાપિ ન થઈ શકે. જેથી **તે સ્ત્રીના બીજે નિકાહ કરાવનારા, નિકાહ કરનાર, ગવાહો અને આ નિકાહથી રાજી રહેનારા સૌ જાહેરમાં તૌબા કરે** અને તેના વાલી પર તે સ્ત્રીને તેના મૂળ પતિને ત્યાં મોકલવી વાજિબ તથા અનિવાર્ય છે. જો તે એવું ન કરે તો સૌ મુસ્લિમો તેનો બોયકોટ કરે.'' *(ફતાવા ફયઝુરૂસૂલ, ૧/૬૬૯)*

### ★ સસરો વહુ સાથે ઝિના કરે તો ?! ★

વર્તમાન દૌરમાં ખરાબીઓ તેની ચરમ સીમાએ પહોંચી રહી છે અને એવા બનાવો બને છે કે અલ્લાહની પનાહ ! ''બાપ પોતાના પુત્રની પત્ની (વહુ) સાથે ઝિના કરે'' અથવા ''વાસના સાથે કેવળ હાથ જ પકડી લે'' જો એવું બને તો શું હુકમ છે તથા સસરો પોતાના દીકરાની વહુ સાથે નિકાહ કરી શકે ? તેના વિશે જાણી લો :–

"ઉપરોક્ત સંજોગોમાં તે "પુત્ર" પર તેની **પત્ની હમેશાં માટે હરામ થઈ ગઈ.** હવે તે પતિ પત્ની બંને માટે અનિવાર્ય છે કે તરત જ એકબીજાથી અલગ થઈ જાય અને આપસમાં પતિ પત્નીના સંબંધો કદાપિ ન રાખે. જો તેઓ અલગ ન થાય તો લોકો તેને ત્યાં ખાવું, પીવું, ઉઠવું, બેસવું અને દરેક પ્રકારના ઈસ્લામી સંબંધો બંધ કરી દે. તેમજ પોતાના પુત્રના તલાક઼ આપ્યા બાદ પણ તેની **વહુ સાથે તે સસરાએ નિકાહ કરવા હરામ** છે. જેમ કે કુર્આનમાં છે, "તમારા નસલી પુત્રોની પત્નીઓ તમારા પર હરામ છે." *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૫૬૯)*

### ★ પતિ પોતાની સાસુ સાથે ઝિના કરે તો ?! ★

"જો પતિ પોતાની સાસુ એટલે **પત્નીની સગી** માં સાથે ઝિનામાં પડી જાય (મઆઝલ્લાહ !) તો પતિ માટે તે સાસુની પુત્રી એટલે **પોતાની પત્ની હરામ થઈ ગઈ.** *(આલમગીરી, ૧/૨૫૬)* અને સાસુ સાથે પણ નિકાહ નથી કરી શકતો, એટલા માટે કે **પત્નીની માં સાથે નિકાહ હરામ** છે.

જેમ કે કુર્આન શરીફના પારા–૪ મુહર્રમાતની આયતમાં છે : وَ اُمَّهٰتُ نِسَآئِكُمْ ઝૈદ જાહેરમાં તૌબા તથા ઈસ્તિગફાર ન કરે તો સૌ મુસલમાન તેનો બોયકોટ કરે."

બીજે ઠેકાણે છે : "જે શખ્સ પોતાની સાસુ સાથે ઝિના કરે અથવા **વાસના સાથે ચુંબન કરે** તો તેની **પત્ની હમેશાં માટે હરામ** થઈ ગઈ." આ કેસોમાં પત્ની જો કે નિકાહથી નીકળી નથી જતી અને ન તલાક઼ પડશે, બલ્કે પતિ પર ફર્જ થશે કે તે પત્નીને છોડી આપે. એટલે કે પતિ તે પત્ની સાથે પત્ની તરીકેનો સંબંધ બાંધી શકતો નથી, પણ જો છૂટી કરવા ચાહે તો તલાક઼ આપવી પડશે. *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૫૮૨)* એ જ પ્રમાણે ફિક઼હની કિતાબોમાં છે કે પતિ અંધારામાં કે ભૂલથી પત્નીને બદલે પોતાની પુત્રીના શરીરને વાસના સાથે સ્પર્શ કરે તો તેની પત્ની તે પતિ માટે આ જ પ્રમાણે હરામ થઈ જાય છે.

### ★ એકની હયાતીમાં બીજી બહેન સાથે નિકાહ હરામ ★

આ દુનિયામાં એવા પણ દિલેર લોકો છે ખુદાનો ડર રાખતા નથી અને શરીઅતના ક઼ાનૂનોની પરવા કર્યા વિના પોતાની વાસનાઓ સંતોષવા એવું પણ કરે છે કે પત્ની નિકાહમાં હોવા છતાં તેની સગી બહેન સાથે વ્યભિચાર કરે છે અને ક્યાંક તો નિકાહ કરી ઘરમાં રાખે છે. તેના વિશે હુકમ જુઓ :–

"એક પુરૂષનું બે સગી બહેનોને એક સમયમાં રાખવું સખત નાજાઈઝ તથા હરામ છે. મુહર્રમાતની આયતમાં એ હુકમ છે. જેથી જેણે એવું કર્યું હોય તે બીજી બહેનને તાત્કાલિક અલગ કરી દે અને જાહેરમાં તૌબા કરે. જો એ એવું ન કરે તો મુસલમાનો તેનો બોયકોટ કરે. જો મુસલમાનો એવું નહીં કરે તો તેઓ પણ ગુનેહગાર થશે." તેમજ આ પણ છે કે, **"તલાક઼ આપેલી પત્નીની ઈદ્દત હજી ચાલુ હોય તે દરમ્યાન તેની જ બહેન સાથે તે તલાક઼ આપનાર પતિએ નિકાહ કરવા જાઈઝ નથી."** (ફતાવા આલમગીરી) જેથી જો તે પત્નીની ઈદ્દત પૂરી થતાં પહેલાં તેની બહેન સાથે નિકાહ કર્યા તો તે સખ્ત ગુનેહગાર થયો. તે તેણીથી અલગ થઈ જાય અને તૌબા તથા ઈસ્તિગફાર કરે. પછી પ્રથમ પત્નીની ઈદ્દત પૂરી થયા બાદ તેની બહેનને રાખવા ચાહે તો નવેસરથી નિકાહ કરે, તો હવે શરીઅતની રૂએ વાંધો નથી. હા ! સાળી સાથે ઝિના કર્યો તો સખત ગુનો કર્યો, જહન્નમમાં પડવાનો હક્ક઼દાર ઠર્યો, પણ પત્નીના નિકાહમાં વાંધો આવશે નહીં. *(ફતાવા ફયઝુર્રસૂલ, ભાગ–૧)*

### ★ શું નિકાહ પહેલાં દુલ્હાને કલ્મા પઢાવવા જરૂરી છે ? ★

"નિકાહ પહેલાં દુલ્હાને કલ્મા પઢાવવા જરૂરી નથી પણ દુલ્હા તથા દુલ્હને એને પઢવાથી ઈન્કાર કરવો ગલત છે, કેમ કે તેને પઢવું પઢાવવું **બરકત તથા રહ્‌મતના નુઝૂલનો સબબ** છે. હદીષમાં છે : તમારા મર્દોને **લાઈલાહ ઈલ્લલ્લાહ**

**મુહમ્મદુર્રસૂલુલ્લાહ**ની તલ્કીન કરો. એ જ પ્રમાણે અલ્લામા શામીએ દફન બાદ કલ્માની તલ્કીનનું હદીષથી દર્શાવ્યું. *(રદુલ મુહ્તાર, ૧/૫૭)* તેના ફાયદા પણ છે. અને નિકાહ વખતે ઘણા ફાયદાઓ સાથે એક ફાયદો એ પણ છે કે, **મુસલમાન તથા કાફિરોનો નિકાહ થતો નથી,** તો જો અજાણતામાં દુલ્હા કે દુલ્હન કોઈનાથી કુફ્ર થઈ ગયું હશે તો નિકાહ જ થશે નહીં અને **જીવનભર હરામકારી થતી રહેશે !** એટલા માટે પાછલા ઉલમાએ દુલ્હા દુલ્હનને નિકાહ પહેલાં કલમા પઢાવવાનું શરૂ કર્યું. એ જ પ્રમાણે શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ ફતાવા અઝીઝિયા, ૧/૨૮માં દર્શાવ્યું છે. ઉલમાએ એહલે સુન્નતનો દરેક અમલ હિકમતથી ભરપુર છે એના માટે જાહિલોએ ખોટી દલીલો ન કરવી. *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૫૪૮ પરથી)*

## ★ હાલની ક્રિશ્ચ્યન સ્ત્રી સાથે નિકાહ થશે નહીં ! ★

આપણા ઘણા યુવાનો ક્રિશ્ચ્યન (ઈસાઈ) સ્ત્રીઓ સાથે પ્રેમજાળમાં ફસાઈને લગ્ન કરવા તૈયાર થઈ જાય છે અને લગ્ન પછી પોતે જ બેદીન થઈ જાય છે, અથવા તે સ્ત્રી મુસ્લિમ થતી નથી છતાં તેઓ પતિ પત્ની તરીકે રહે છે એના વિશે હુકમ જાણો :–

''ઈસાઈ સ્ત્રી સાથે તેણીને મુસલમાન કર્યા વિના તેણી સાથે નિકાહ કરવો જાઈઝ છે. (ફતાવા આલમગીરી, પેજ–૨૬૩) પરંતુ ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ ન કરવા બેહતર છે કે એમાં ઘણી ખરાબીઓનો દરવાજો ખુલે છે. ફતાવા આલમગીરીના એ જ પેજ પર છે :–

.......અને **ઈસાઈ સ્ત્રી સાથે નિકાહ ત્યારે જ જાઈઝ છે જ્યારે કે તે પોતાના એ જ (અસલ) ઈસાઈ મઝહબ પર હોય,** અને જો **કેવળ નામ માત્રની ઈસાઈ હોય** અને વાસ્તવમાં **નેચરી** તથા **નાસ્તિક હોય** જેમ કે **હાલના સામાન્યતઃ ઈસાઈઓનો હાલ** છે, તો **તેમનાથી નિકાહ નથી થઈ શક્તા.''** *(ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૬૧૮)*

## ★ વહાબી, દેવબંદી, શીઆ વગેરે સાથે નિકાહ થતા જ નથી ! ★

આજકાલ ઘણા લોકો પોતે સુન્ની હોવા છતાં બદ્‌મઝહબો વહાબી, દેવબંદી વગેરે બાતિલ ફિર્કાવાળા સાથે પોતાના પુત્ર કે પુત્રીને પરણાવી દે છે તો તેઓ શરીઅતનો કાનૂન જાણી લે. આવા જ એક પ્રશ્નના જવાબમાં ''ફતાવા ફયઝુર્રસૂલ'' (ભાગ–૧)માં છે :–

**''દેવબંદી સાથે સુન્ની છોકરા કે છોકરીના નિકાહ થતા જ નથી.** આલમગીરી, ભાગ–૧, પેજ–૨૬૩માં છે : (અર્થ) : **મુર્તદના નિકાહ મુર્તદ્દા સ્ત્રી, મુસ્લિમ સ્ત્રી તથા અસલી કાફિરા સ્ત્રી સાથે જાઈઝ નથી, એવી જ રીતે મુર્તદ્દા સ્ત્રીનો નિકાહ મુર્તદ તથા મુસ્લિમ તથા અસલી કાફિર પુરૂષ સાથે જાઈઝ નથી.** એ જ પ્રમાણે મબસૂતમાં છે અને **વહાબિયત સ્પષ્ટ મુર્તદપણુ (ઈર્તેદાદ) છે,** જેથી જેના અકીદા વહાબી દેવબંદી મોલ્વીઓ જેવા હોય અથવા તેમના કુફ્રી અકીદા જાણવા છતાં તે મોલ્વીઓને મુસલમાન જાણે તેવા છોકરા કે છોકરીના નિકાહ કોઈની સાથે થતા નથી. જે થશે તે હરામકારી થશે. જો પાછળથી ખબર પડે અથવા સુન્ની હોય અને પછીથી છોકરી કે છોકરો વહાબી થઈ જાય તો તેનાથી અલગ થઈ જાય અને (સુન્ની) **છોકરી તલાક લીધા વિના બીજે નિકાહ કરી શકે છે,** કેમ કે નિકાહ થતા જ નથી અથવા કુફ્રી અકીદા અપનાવ્યા બાદ તૂટી ગયા, તો તલાક કેવી ? જેઓ શરીઅતના આ કાનૂનને ગંભીરપણે નથી લેતા તેઓ અઝાબે ઈલાહીના હક્કદાર છે. અને જાણવા છતાં આવા નિકાહ પઢાવનારા પણ ફાસિક છે કે તેઓ બે કોડીની રકમના બદલામાં જહન્નમ વહોરી રહ્યા છે.'' *(બહવાલા ફતાવા ફયઝુર્રસૂલ, ૧/૬૦૬, ૬૦૭)*

## ★ દુનિયાવી કોર્ટને માનો છો કે શરીઅતના કાનૂનને ?! ★

આજકાલ એવું બને છે કે પતિ પત્નીમાં તલાક

થતાં જ્યાં સુધી તે સ્ત્રી બીજે નિકાહ નથી કરતી ત્યાં સુધી ભરણ પોષણ માટે પતિ સમક્ષ કોર્ટમાં દાવો કરે છે. તો આ બાબતે જેઓ અલ્લાહ અને તેના હબીબ ﷺ પર તથા કબ્ર, કિયામત, અઝાબ, સવાબ પર ઈમાન રાખે છે તેમણે નીચે પ્રમાણે શરીઅતના કાનૂન પર અમલ કરવો જોઈએ.

"જે સ્ત્રીની તલાક થાય તેના રહેવા સહેવા ભરણ પોષણની જવાબદારી પતિના માથા પર 'ઈદ્દત'ની મુદ્દત સુધી જ છે." *(બહારે શરીઅત)* ઈદ્દત પૂર્ણ થયા બાદ તે સ્ત્રીની જવાબદારી તેના માં બાપ કે વાલી વારસો, ભાઈઓ, સગાંઓની છે અને કોઈ ન હોય તો ધાર્મિક સંસ્થાઓની છે કે તેઓ તેને નિભાવે કે અન્ય ઠેકાણે પરણાવી આપે.

કેટલીક જગાએ વરસો વરસ સુધી સ્ત્રી શાદી કરતી નથી અને ગૈર કૌમની કોર્ટોમાં જાય છે અને પતિ પાસેથી જબરદસ્તી રકમ મેળવે છે અથવા તે રકમ ન આપે તો તેને જેલની સજા ખવડાવે છે. તો **આ ઈસ્લામમાં જાઈઝ નથી.** અને તેણીઓ ઈદ્દત પછી જબરદસ્તી **જે ખાય છે તે હરામ ખાય છે** અને જે માલ મેળવે છે તે **હરામ મેળવે છે.** વળી ક્યાંક તલાક થતાં કોર્ટમાં ન જવા સોદો થાય છે કે આટલા હજાર આપી દો ! તો એ **સૌ સોદાબાજી હરામ** છે. મુસલમાનો ! શું શરીઅતના કાનૂનોથી તમને સંતોષ નથી ? આવું તમારું ઈમાન છે ?! હા ! જો કોઈપણ પ્રોબ્લેમ રજૂ કરવો હોય તો "ઈદારાએ શરઈય્યા" એટલે સુન્ની મુફતીઓ સમક્ષ રજૂ કરવો એમાં જ તમારી ભલાઈ છે.

**★ લાપતા પતિની વિવિધ સ્થિતિઓના હુકમો ★**

પતિ લાપતા થઈ જાય અને કોઈ રીતે એ ભાળ ન મળી શકે કે તે જીવતો છે કે મૃત્યુ પામ્યો, આ સંજોગોને પતિ લાપતા હોવું (ફુકદાને ઝવજ)અને એના પતિને મફકુદુલ ખબર (લાપતા)થી તાબીર કરવામાં આવે છે. જો કોઈ સ્ત્રી પર આ મુસીબત આવી પડે અને તે એકલાપણુ અને બેકસીની જિંદગી પસાર કરવા પર સબ્ર ન કરી શકે તો એવી તેણી માટે ઈસ્લામમાં કોઈ માર્ગ છે કે નહીં ?

એના અનુસંધાનમાં **જામિઆ અશ્રફિયા મુબારકપુર** થકી મુંબઈ યોજાયેલ **૧૧મા ફિક્હી સેમીનાર**માં ૧૯ સફર હિ.સ. ૧૪૨૬ની બીજી બેઠકમાં ઈસ્લામી ફિકહના જુઝઈય્યાતને લક્ષમાં રાખીને ખૂબ બહષો થઈ પછી આ ફૈસલા કરવામાં આવ્યા :–

ઈમામ માલિકની નજીક લાપતા પતિ (ઝવજે મફકુદુલ ખબર)ની પાંચ સ્થિતિઓ તથા તેના વિવિધ હુકમો છે તે આ મુજબ છે :–

**(अ)** પતિ ઈસ્લામી શહેરમાં વબા (પ્લેગ જેવા રોગચાળા)ના જમાના સિવાયના સમયમાં લાપતા થયો. એમાં સ્ત્રીએ **કાઝીને ત્યાં દાવો કરવાનો** છે. તે ત્યાર **પછી ચાર વરસ રાહ જોવાની** મોહલત આપશે. અને હાલ માલૂમ ન થતાં નિકાહ રદ થશે અને ઔરત **મૌતની ઈદ્દત** પસાર કરીને કોઈ અન્ય સાથે નિકાહ કરી શકશે.

**(ब)** ઈસ્લામી શહેરમાં વબાના સમયમાં લાપતા થયો. તેનો હુકમ ઈમામ માલિકને ત્યાં એ છે કે **વબા ખત્મ થતાં પત્ની મૌતની ઈદ્દત ગુજારે** પછી નિકાહ કરી લે.

**(क)** મુસલમાનોની આપસમાં ખૂનરેજીમાં શરીક થયો પછી પતો ન લાગ્યો. એ સંજોગોમાં તેમને ત્યાં એ હુકમ છે કે **જંગ બંધ થવાના દિવસથી વફાતની ઈદ્દત ગુજારે,** ત્યારબાદ નિકાહ કરી લે.

**(ड)** કાફિરોના શહેરમાં લાપતા થયો તો તેમને ત્યાં આ સંજોગોમાં હુકમ એ છે કે સ્ત્રી પતિની ઉમર **૭૦ વરસની થવાની રાહ જુએ** જ્યારે કે પતિના માલમાંથી તેનો ગુઝારો થવાની વ્યવસ્થા હોય.

**(च)** મુસલમાનો અને કાફિરોની વચ્ચે જંગ થઈ તેમાં શરીક થયો પછી પતો ન લાગ્યો. એ સંજોગોમાં હુકમ એ છે કે **કાઝીને ત્યાં હાલત દર્શાવીને**

**નિકાહની રજા માંગે.** તે તેને **એક વરસની મોહલત** આપે, જો એ દરમ્યાન પતિની ભાળ ન મળે તો તેણી **મૌતની ઈદ્દત પસાર કરીને** નિકાહ કરી લે.

એના પર સવાલ એ હતો કે આપણા (હનફી) ફુકહાએ કિરામ શરઈ જરૂરતના આધારે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના મઝહબથી વિમુખ થઈને ઈમામ માલિક رضی اللہ عنہ નો જે આ મઝહબ અપનાવ્યો છે કે લાપતા પતિની પત્ની કાઝીના નિશ્ચિત કરેલા નિયત સમય ચાર વરસો સુધી પતિની રાહ જોઈને કેટલીક મંઝિલોથી પસાર થયા બાદ નિકાહ કરે. શું તે વબાના (રોગચાળાના) જમાના સિવાયમાં ઈસ્લામી શહેરમાં લાપતા પતિ સાથે ખાસ છે ? જેમ કે એ જ જાહેર છે. અથવા નિકાહ તોડવાની પાંચેવ સ્થિતિઓ માટે સર્વ સામાન્ય છે ?

આ પ્રશ્નના જવાબમાં એવું નક્કી થયું કે લાપતા (મફકૂદ)ની આ વહેંચણી તથા પ્રકારોના અલગ અલગ હુકમો કેવળ ઈમામ માલિકના મઝહબમાં છે. હનફીઓની નજીક આ વહેંચણી તથા પ્રકારો નથી. બલ્કે સર્વ પ્રકારો લાપતા (મફકૂદ)ના માટે ઈન્કેરાઝે ઈકરાન અને પતિના જન્મથી લઈને ૭૦ વરસો સુધી ઈન્તેઝારનો હુકમ છે.

અને જરૂરતની હાલતમાં આપણા ફકીહોએ ઈમામ માલિકના મઝહબમાં પ્રથમ વર્ણવેલ સ્થિતિ અપનાવવાનો હુકમ આપ્યો છે. અમે એવું સમજીએ છીએ કે આ સ્થિતિથી દરેક રીતે લાપતા થનાર પતિની પત્ની માટે હલ નીકળી આવે છે. એટલા માટે લાપતા ગમે તે પ્રકારમાંનો હોય પલટાવાનું આ જ સ્થિતિ પ્રતિ થશે.

તો હુકમ એ છે કે લાપતા ગમે તે પ્રકારનો હોય તેની પત્ની જો સબ્ર નથી કરી શક્તી તો (શરઈ) કાઝીને ત્યાં દાવો દાખલ કરશે. કાઝી દાવો સત્ય સાબિત થતાં **ચાર વરસની મોહલત** આપશે અને એ મુદતમાં તેહકીક તથા તપાસ કરશે. મૌત તથા હયાત કાંઈ માલૂમ ન થતાં **સ્ત્રી ફરી કાઝી પાસે રજૂઅ કરશે** અને તે **મૌતની ઈદ્દત ગુજારવાનો હુકમ આપશે.** પછી સ્ત્રી મૌતની ઈદ્દત પસાર કરીને કોઈ અન્ય શખ્સ સાથે નિકાહ કરી શકશે. અલ્લાહ બેહતર જાણનાર છે.

### ★ ભરણપોષણ વગેરે જરૂરી હક્કોથી પત્નીનું વંચિત હોવા તથા લાચારીના સબબે નિકાહ તોડવાની ઈજાઝત ★

પતિ પત્નીને ખોરાક, પોશાક આપવાથી તદ્દન આજિઝ તથા લાચાર હોય તો તેને "તઅસ્સુરે નફકા" કહે છે. ક્યારેક એવું થાય છે કે કોઈ ચાલાક શખ્સ બનાવટી કારોબાર જાહેર કરીને નિકાહ કરી લે છે જો કે તેની પાસે કાંઈ જ નથી હોતું. અથવા શરૂમાં કાંઈક હોય છે અને બાદમાં તે તદ્દન મુફલિસ થઈ જાય છે.

અથવા પતિ લાપતા થઈ ગયો અને ઘરે પત્નીના જીવનનિર્વાહ માટે કાંઈ પણ નથી, અને ક્યારેક એવું થાય છે કે **પતિ મૌજૂદ છે અને ખુશહાલ પણ છે પણ બેરહમ છે, મામૂલી વાત પર પત્નીને એવી સજા આપે છે કે ભરણ પોષણ તથા પત્નીને તેના અન્ય હક્કોથી વંચિત કરી આપે છે અને તલાક પણ નથી આપતો કે તેણી આઝાદ થઈને પોતાનો કાંઈ બંદોબસ્ત કરી શકે.** તેણી દરેક રીતે લાચાર થઈને દારુલ ઈફતાનો સહારો લે છે કે આ મુસીબતથી છૂટકારાનો કોઈ માર્ગ બતાવવામાં આવે. ત્યાંથી નિરાશ થઈ પાછી ફરે છે તો કોર્ટનો દરવાજો ખટખટાવે છે. આ પ્રકારના પુષ્કળ કેસો કચેરીઓમાં પડેલા છે અને ત્યાં જે ફેંસલા બહાર પડે છે તેનો હાલ કોઈનાથી છુપો નથી. આ પ્રકારના ગંભીર કેસોમાં ધ્યાન કરવું સમયનો એક મહત્વનો મસ્અલો હતો. એટલા માટે ઉલમાએ કિરામે સામુહિક ચિંતન મનન કરીને આ વિષયમાં નીચે પ્રમાણેના ફેંસલા બહાર પાડયા :–

### ★ ભરણપોષણની મુશ્કેલીમાં નિકાહ તોડવા વિશે ★

**સવાલ :** પતિ ગરીબી તથા મુફલિસીના કારણે

ભરણપોષણની વ્યવસ્થા કરવાથી લાચાર છે અને પત્ની દુઃખ વેઠવા તૈયાર ન હોય તો શું તેને કાયમી હાજતના કારણે એ ઈજાઝત છે કે હનફી કાઝીને ત્યાં દરખાસ્ત આપે અને કાઝી તેહક઼ીક઼ કર્યા બાદ તેના નિકાહ રદ કરી આપે ?

**જવાબ** : મૂળ હનફી મઝહબ તો એ જ છે કે ભરણપોષણની મુશ્કેલીના આધારે નિકાહ રદ નથી થતા અને કાઝીને છૂટા પાડવાનો હક્ક઼ નથી. પરંતુ તકલીફ દૂર કરવાના માટે વર્તમાન સમયમાં સ્ત્રીને એ રજા છે કે હનફી કાઝીને ત્યાં પોતાની મુસીબત તથા પરેશાનીથી મુક્તિના માટે દરખાસ્ત આપે. પરંતુ ક઼ાઝી તરત જ નિકાહ રદ કરવાનો ફૈંસલો બહાર ન પાડે બલ્કે નીચે પ્રમાણે તબક્કાવાર કાર્યવાહી કરે :

**(अ)** પ્રથમ એ તેહક઼ીક઼ કરે કે ઔરત ખરેખર ભરણપોષણની મુશ્કેલીનો સતત શિકાર છે કે નહીં ? જો તેહક઼ીક઼થી સાબિત થાય કે વાસ્તવિક્તા એથી ઉલ્ટી છે, એટલે કે તેને ભરણપોષણની તકલીફ ટેમ્પરરી આવી છે, ક઼ાયમી હાજતની સ્થિતિ નથી, અથવા ભરણપોષણની મુશ્કેલી મુદ્દલે કોઈ સમસ્યા જ નથી, બલ્કે કોઈ અન્ય કારણે બંને વચ્ચે અણબનાવ પેદા થયેલો છે, તો ક઼ાઝી બંનેની ફરિયાદોનો નિકાલ લાવીને સુલેહ કરાવી આપશે. અને બંનેને સમજાવટથી એકબીજાના હક્ક઼ોની હિફાઝત કરવાની હિદાયત આપીને કેસ ખત્મ કરશે.

**(ब)** અને જો તેહક઼ીક઼થી એ સાબિત થઈ જાય કે સ્ત્રી સતત ભરણપોષણની મુશ્કેલીની પીડામાં સપડાયેલી છે અને પતિની સ્થિતિ લાચારીભર્યા છે અને પતિના હક્કમાં ક઼ાયમી હાજત તેહક઼ીક઼પૂર્ણ છે તો પતિને હુકમ આપે કે તે પોતાની પત્નીને તલાક આપીને મુક્ત કરી આપે જેથી તેના કારણે બીજી જિંદગી મુસીબતના વમળમાં ન ફસાયેલી રહે. રબ તઆલાનો ઈર્શાદ છે :–

**فامسکوھن بمعروف اوسر حوھن بمعروف**

*(સૂ. બકરહ, ૨૩૧)*

અને જો પતિ નરમીથી તલાક઼ ન આપે તો (કાઝી) તેની સાથે સખ્તી કરે, છતાં ન માને તો તેના બહિષ્કારનું ફર્માન જારી કરી આપે જેથી સામાજિક દબાણથી તંગ આવીને ઠેકાણે આવી જાય.

**(क)** પરંતુ પતિ જો કોઈ રીતે પણ તલાક઼ આપવા માટે તૈયાર ન થાય અને ઈન્કાર તથા નાફર્માની પર અડેલો રહે તો વર્તમાન સંજોગોમાં હવે નિકાહ રદ કરવા સિવાય ઉપાય નથી. જો તે ઈલાકામાં સુન્ની સહીહુલ અક઼ીદા શાફઈ ક઼ાઝી મૌજૂદ હોય જેમ કે કેરાલા વગેરે ઈલાકામાં છે, તો મુસ્તહસન એ છે કે હનફી ક઼ાઝી એ કેસ શાફઈ ક઼ાઝીને ત્યાં તબદીલ કરી આપે, અને શાફઈ ક઼ાઝી જરૂરી કાર્યવાહી કર્યા બાદ નિકાહ રદ કરીને પછી (કેસ) હનફી ક઼ાઝીને ત્યાં મોકલી આપે. હનફી ક઼ાઝી ફૈંસલાનો અભ્યાસ કર્યા બાદ તેને લાગુ પાડે, સાથોસાથ સ્પષ્ટતા કરી આપે કે ફરિયાદી સ્ત્રી ઈદ્દત ગુજારીને બીજી વ્યક્તિ સાથે નિકાહ કરી શકે છે.

**(ड)** અને જો તે ઈલાકામાં સુન્ની સહીહુલ અક઼ીદા શાફઈ ક઼ાઝી મૌજૂદ ન હોય જેમ કે સામાન્યતઃ હિંદ પાક.ના ભાગોમાં એ જ હાલ છે તો મહાન હર્જ તથા સખત તકલીફના નિવારણના માટે ઈજાઝત છે કે હવે હનફી કાઝી ડાયરેક્ટ એ નિકાહ રદ કરી આપે, જેમ કે આપણા અહલે સુન્નત અકાબિરે મફ઼કૂદુલ હાલ (લાપતા પતિ)ના વિષયમાં એ જ માર્ગ અપનાવ્યો કે માલિકી ક઼ાઝી ન મળવાના સબબે હનફી ક઼ાઝીને ડાયરેક્ટ નિકાહ રદ કરવાની ઈજાઝત આપી. અને આજે તમામ અહલે સુન્નતનો એના પર અમલ ચાલુ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

પતિ ગરીબી કે તંગદસ્તીનો શિકાર નથી પણ સ્ત્રી ભરણપોષણથી વંચિત છે. તો એની ચાર સ્થિતિઓ છે :–

૧. પતિ લાપતા છે એટલે એવો લાપતા છે કે જેની મૌત તથા હયાતની ભાળ ન મળી શકે. સાથોસાથ રકમ વગેરે પણ ન હોય જેનાથી પત્નીનો ગુજારો થઈ શકે.

૨. પતિ ગાયબ હોય અને એ ખબર ન હોય કે ક્યાં છે ? ક્યારે આવશે ? હા ! એવું માલૂમ હોય કે તે જીવતો છે, ભલે ક્યાંય પણ હોય, તો એને ફિક્હની બોલીમાં **"ગયબતિ મુન્કતઆ"** કહે છે.

૩. પતિ ગાયબ હોય પણ "ગયબતિ મુન્કતઆ"ન હોય, એટલે કે ખબર હોય કે ફલાણી જગાએ છે પણ આવતો નથી અને ન તો તેના થકી કોઈ રીતે ભરણપોષણ હાંસલ થઈ શકે છે.

૪. **પતિ મૌજૂદ છે પણ તેણે પત્નીને લટકાવી રાખી છે**, ન તલાક આપીને તેણીને આઝાદ કરે છે, ન તો તેના હક્કો, ભરણપોષણ વગેરે અદા કરે છે.

જાહેર છે કે આ સંજોગોમાં જેવી રીતે પત્ની ભરણપોષણથી વંચિત છે તેવી જ રીતે પત્નીત્વના હક્કોથી પણ વંચિત છે. જેના કારણે વર્તમાનકાળમાં મોટાભાગે અથવા ઘણી સ્ત્રીઓનું ગુનાહમાં પડવાનો મહાન ભય ખડો છે. આ ખૂદ એક સખત તકલીફ તથા મુસીબત છે.

**હુકમો** : **(૧)** પતિ લાપતા હોય જેના કારણે ભરણ પોષણની મુશ્કેલ સ્થિતિ પેદા થઈ ગઈ તેનો હુકમ ઈમામ માલિક તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہما ને ત્યાં એ છે કે નિકાહ રદ કરવો જાઈઝ છે. અને એ જ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો પણ કૌલ છે જેને મોટા પ્રમાણના શાફઈ ફકીહોએ અપનાવ્યો છે.

માલિકી ફિક્હની વિશ્વસનીય કિતાબ "મુખ્તસરુલ અલામીતિલ ખલીલ" અને તેની શરહ (ખુલાસો) "મિખ્લે જલીલ" (ભાગ–૪, પેજ–૨૦૩)માં આ લખાણ છે કે જો લાપતા થયેલ પતિએ ઘરે એટલો માલ છોડયો છે જેના થકી પત્ની પોતાના ભરણપોષણની વ્યવસ્થા કરતી રહે, સાથોસાથ વાસનાના પ્રભાવ હેઠળ ગુનાહમાં પડવાનો ભય ન હોય તો કાઝી પત્નીની માંગણી પર ચાર વરસ સુધી પતિની રાહ જોવાની મોહલત આપશે. અને જો તેના માટે પતિના માલની ભરણ પોષણની વ્યવસ્થા ન હોય તો ભરણ પોષણ ન હોવાને કારણે કાઝી ખરેખર તેહકીક કર્યા બાદ તેનો નિકાહ તરત રદ કરી આપશે. તે જ પ્રમાણે જો સ્ત્રીને વાસનાના પ્રભાવના કારણે ગુનાહમાં પડવાનો ભય હોય તો પણ કાઝી તેના નિકાહ કોઈ હદ નક્કી કર્યા વિના રદ કરી આપશે.

હનફી આલિમોએ લાપતા પતિની પત્નીના બારામાં ઈમામ માલિકની જે તકલીદ કરી છે અને પત્નીના માટે ચાર વરસની મુદ્દત નિશ્ચિત કરી છે તે એ જ શરતોની કાળજીની સાથે છે. જ્યારે શરઈ જરૂરતના કારણે પોતાના મઝહબ (મસ્લક)થી વિમુખ થઈને ચાર વરસની રાહ જોવી (તાજીલ) જાઈઝ છે તો ભરણ પોષણની કમી તથા ગુનાહના ડરની સ્થિતિમાં આ જ પ્રકારની શરઈ જરૂરતની બિના પર હવે રાહ જોયા વિના (બિલા તાજીલ) નિકાહ રદ કરવાની ઈજાઝત છે.

**(૨)** 'ગયબતે મુન્કતઆ'ની સ્થિતિમાં શૈખુલ ઈસ્લામે એ બયાન ફર્માવ્યું કે જે કાઝીના મઝહબમાં ભરણ પોષણની મજબૂરીના સબબે નિકાહ રદ કરવો જાઈઝ હોય, હનફી કાઝી તેને ત્યાં કેસ તબદીલ કરીને નિકાહ રદ કરાવી આપે. *(ફતાવા હિંદિયહ, ભા–૧, પેજ–૫૫૦, ૫૫૧)*

**(૩)** 'ગયબતે ગયર મુન્તકતઆ'ની સ્થિતિમાં જ્યારે ભરણ પોષણ પામવું મુશ્કેલ થઈ જાય તો તે પણ 'ગયબિતે મુન્કતઆ'ની જેમ છે એટલા માટે એમાં પણ 'ગયબતે મુન્કતઆ'નો હુકમ છે. એના કાઈલ (માનનાર) હનફી ફિક્હના જલીલુલકદર ઈમામો તથા ફકીહો છે.

**(૪)** પ્રથમ આપણા મઝહબ (મસ્લક)ના વર્તુળ માં રહીને કાંઈક અસરકારક તદબીરો અજમાવવામાં આવે. તે અસરવિહોણી થઈ જાય તો કોઈ હનફી કાઝીને ત્યાં કેસ દાખલ કરે અને તે તહકીક કર્યા બાદ નિકાહ રદ કરવાનો ફેંસલો કરી આપે.

પ્રથમ, બીજી તથા ત્રીજી સ્થિતિમાં પણ હુકમ

એ જ છે કે પ્રથમ મુશ્કેલી દૂર કરવાની તદબીરો પોતાના મઝહબ (મસ્લક)ના વર્તુળ હેઠળ રહીને અપનાવવામાં આવે. તે અસરવિહોણી થઈ જાય તો અંતિમ પગલા રૂપે નાચાર થઈને નિકાહ રદ કરવાના ફૈંસલાની ગુંજાઈશ પણ છે.

તદબીરો આ પ્રમાણે છે :–

**(૧)** પ્રથમ છોકરીને સબ્ર તથા શુક્ર અને ખૌફે ખુદાની તલ્કીન કરે, રોઝા રાખવાની હિદાયત આપે. સાથોસાથ તેના ઘરવાળાંઓને અને અમુક ભલા માણસોને તેના ભરણ પોષણની વ્યવસ્થા માટે પ્રોત્સાહિત કરે. દુનિયા ભલા માણસોથી ખાલી નથી, કાંઈ ન કાંઈ વ્યવસ્થા કરે જ છે. અને હાલ પણ હજારો સ્ત્રીઓ સાબિરા, શાકિરા, ખાઈફા, ખાઈશા (સબ્ર શુક્ર તથા ખુદાના ડરવાળી) જોવા મળે છે. શક્ય છે તેણી તેઓમાંથી બને અને તલ્ક઼ીન ક઼બૂલ કરી લે. પછી જો તેણી બીજીવાર ફરિયાદ કરે તો પણ હિદાયત તથા તલ્ક઼ીન કરીને ક઼ાઝી તેણીને પાછી મોકલી આપે. પરંતુ જો તેના પછી પણ ઔરત ફરિયાદ કરે અને તેની ઉમર, હાલત, આદત (ચાલ ચલન)ને લક્ષમાં લઈને ખાત્રીનો અંદાજો થાય કે તેણી હદથી બહાર જઈ શકે છે અથવા ભરણ પોષણની વ્યવસ્થા ન થવાના કારણે સતત તકલીફનો શિકાર થતી રહેશે અથવા બંનેવ વાતો એકઠી છે તો હવે હંબલી મઝહબ પર ફત્વો તથા કુઝાની ઈજાઝત થશે.

ચોથી સ્થિતિ પર અધિક ચર્ચા તથા પ્રારંભિક તદબીરોનું બયાન હઝરત મુફતી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી સદર–ફતવા વિભાગ, અલ્ જામિઆ અશ્રફિયાના મક઼ાલા (લખાણ)માં છે. અલ્લાહ બેહતર જાણનાર છે. (તે તદબીરો આ પ્રમાણે છે) :–

જે ઔરત આફતોમાં સપડાઈ ચૂકી તેના છૂટકારાની તદબીર ફતાવા રઝવિય્યહ્, ભાગ–પમાં વિવિધ સ્થળે એ બતાવવામાં આવી છે કે ઔરત ઈસ્લામી હાકિમને ત્યાં ફરિયાદ કરે. તે (હાકિમ) પતિને એ વાત માટે મજબૂર કરે કે પોતાની પત્નીને ભરણ પોષણ આપે, પત્નીત્વનો વઝીફો અદા કરે, નહીં તો તલાક઼ આપે. જો ન માને તો કેદ કરે. તેમ છતાં ન માને તો મારે, ત્યાં સુધી કે તે બે વાતોમાંથી એક અપનાવી લે.

આ'લા હઝરત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانْ ના જમાનામાં રામપુર વગેરે ઈસ્લામી શહેરોમાં એવા સત્તાધારી હાકિમો હતા જેઓ આ રીતની જુલ્મપીડિત (મઝલૂમ) સ્ત્રીઓના પતિના જુલ્મ તથા તેના પંજાથી પોતાની શક્તિ તથા સત્તાના બળે છોડાવી શક્તા હતા, પણ આજના દૌરમાં કોઈ એવો સત્તાધારી શરઈ કાઝી નથી જે જાલિમ પતિને કેદ કરે, મારે અને સદ્વર્તાવ માટે અથવા તલાક માટે મજબૂર કરે, એટલા માટે હવે તેના ક્રમસર ત્રણ ઉપાયો છે :–

**(૧)** એક એ કે પતિનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે અને તેમાં જરા પણ ઢીલ રાખવામાં ન આવે. આ શિક્ષા (તઅઝીર) થકી સરકશ તથા તૌફીક઼હિન શખ્સ સિવાય દરેક તે માણસ સુધરી શકે છે જેનું ઝમીર કાંઈક પણ જીવંત હોય અને તેમાં જરા પણ ઈસ્લામી હમિય્યત તથા ગૈરત (શરમ) મૌજૂદ હોય.

**(૨)** પરંતુ જો તે કઠણ હૃદયી, મુર્દા ઝમીર તથા બેતૌફીક઼ જ નીકળ્યો અને (સરકશીથી) નાફર્માનીથી ન અટકયો તો ઔરતને સબ્ર તથા શુક્ર તથા અલ્લાહની રઝામાં રાજી રહેવા તેમજ રોઝા રાખવાની હિદાયત કરવામાં આવે અને એના પર મજબૂતીથી ક઼ાયમ રહે.

**(૩)** પરંતુ જો ઔરત તેમ છતાં પણ અધૈર્યની શિકાયત કરે અને તેની ઉમર, સ્થિતિ, આદત (ચાલચલન) તેની સાક્ષી પૂરે તો હવે શરઈ જરૂરત તેહક઼ીક઼યુક્ત થઈ ચૂકી. આ સંજોગોમાં ક઼ાઝીને નિકાહ રદ કરવાની ઈજાઝત છે. *[(હવાલો : મુંબઈ ખાતે* ***"સુન્ની દા'વતે ઈસ્લામી"****ના આયોજન હેઠળ* ***"જામિઆ અશ્રફિયા–મુબારકપુર"*** *થકી જમાદિઉલ અવ્વલ ૧૮, ૧૯, ૨૦ હિ.સ. ૧૪૨૬ (૨૯, ૩૦, ૩૧ જુલાઈ–૨૦૦૫)માં ઉલમાએ એહલે સુન્નતના ઉલમા તથા મુફતીઓએ યોજેલ* ***૧૧મા ફિક્હી સેમીનાર****માં રજૂ થયેલ ફૈંસલાઓ* ***હુઝૂર મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન મિસ્બાહી સાહબ****ના શબ્દોમાં રજૂ કર્યા છે.)]*

# દેવજંદના ફ઼દયાનીનો પ્રિન્ટ લેવલ પર મહેલ !!

::: રજૂકર્તા :::
મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી
(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

કુર્આને કરીમની સ્પષ્ટ તથા નસ્સે કતઈ (કુર્આનનો અંતિમ સ્પષ્ટ આદેશ) અને ઘણીયે મુતવાતિર હદીષો તથા ઈજમાએ ઉમ્મત (સર્વ ઉમ્મતની એકમતિ) દ્વારા એ વાત સાબિત થઈ ચૂકેલ છે કે હુઝૂરે અક઼દસ ﷺ આખરી નબી છે. આપ ﷺ પછી હવે કોઈ બીજા નબી અથવા રસૂલ મબ્ઊષ થશે નહીં.

## "ખાતમુન્નબીય્યીન"નો અર્થ અંતિમ નબી ન માને તે કાફિર !

મુજદ્દિદે આ'ઝમ સૈયદના ઈમામ અહમદ રઝા રحمة الله عليه એ **એકસો ત્રીસ હદીષો** અને **ઉલમાએ કિરામનાં ત્રીસ કથનો** તથા ઈર્શાદોથી નબુવ્વતની શક્યતાનાં તમામ મૂળો કાપી નાખ્યાં, અને એ રોશન કરી આપ્યું કે, **"ખાતમુન્નબીય્યીન"નો અર્થ આખરી નબી હોવું એવું અટલ તથા યક઼ીની અને ઈન્કારને અપાત્ર છે જે દરેક પ્રકારની તાવીલ (અર્થઘટન) તથા અપવાદ (ખાસ કરી દેવા)થી પાક** છે. તેમાં બિલ્કુલ શંકાની આવશ્યક્તા નથી. **આ ઠોસ તથા યક઼ીની અક઼ીદાનો ઈન્કાર કરવા** અથવા **તેમાં શંકાને માર્ગ આપનાર એવો ખુલ્લો કાફિર છે** કે, **"જે તેના કાફિર હોવા તથા અઝાબમાં શક કરે તે કાફિર છે."**

હુજ્જતુલ ઈસ્લામ ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمة الله عليه એ કિતાબુલ ઈક્તેસાદમાં ફર્માવ્યું કે, "તેમાં શંકા નથી કે ઉમ્મતે "ખાતમુન્નબીય્યીન"નો અર્થ એ સમજ્યો કે હુઝૂર ﷺ પછી ક્યારે પણ કોઈ નબી તથા રસૂલ નહીં થાય. આ દરેક પ્રકારની તા'વીલ તથા અર્થઘટનથી પાક છે. જે તેમાં **કોઈ અર્થઘટન તથા તખ્સીસ કરે તો તે** અસ્થિરતાનું પરિણામ છે, અને **તેને કાફિર કહેવામાં કોઈ વાંધો નથી.** કારણ કે તે કુર્આને પાકના સ્પષ્ટ આદેશને જૂઠલાવે છે જેના સંબંધમાં ઈજમાઈ (સર્વમાન્ય) ફેંસલો છે કે તેમાં (ખાતમુન્નબીય્યીન એટલે કે આખરી નબી હોવાના અક઼ીદામાં) અર્થઘટન તથા કોઈ અપવાદને રજમાત્ર અવકાશ નથી.

## મુસ્લિમોમાં તીરાડો પાડવા યહૂદી ઈસાઈ કાવતરાં

પરંતુ આ સર્વમાન્ય સામૂહિક તથા અટલ યક઼ીની અક઼ીદા ઉપર સહાબાના યુગથી જ છાપો મારવાનું અસફળ કૃત્ય ચાલતું આવ્યું છે.

યહૂદી તથા ઈસાઈઓ બંનેવ પોતાના દરેક આંતરીક વિખવાદ તથા નિફાક છતાં હમેશાંથી દીને ઈસ્લામ, પયગંબરે ઈસ્લામ તથા મુસલમાનોના વિરોધી તથા દુશ્મન રહ્યા છે, અને રહેતી દુનિયા સુધી આ દુશ્મની ચાલુ રહેશે. ઈસ્લામની ના'બૂદી તથા મુસલમાનો વિરુદ્ધ તેમના ગુપ્ત તથા જાહેર કાવતરાંઓ જગ જાહેર છે, જે મદીના તરફ હિજરત પછી શરૂ થઈ ગઈ હતી.

પ્રારંભથી જ આ બે તાક઼તોએ પોતાના મક઼સદની પ્રાપ્તિ માટે કેટલાયે તરીક઼ાઓ અપનાવ્યા : (૧) ઈસ્લામ દુશ્મન શક્તિઓને ઈસ્લામના વિરોધમાં શક્ય બને તેટલી સહાયતા કરી. (૨) મુનાફિકોના રૂપમાં મુસલમાનોની સફોમાં ખારજી એજન્ટ દાખલ કરી આપ્યા. (૩) મુસલમાનોના અંદર અક઼ીદા પ્રત્યે ભ્રમ તથા શંકા પેદા કરવાની કોશિશ કરી. (૪) ધન દૌલત તથા સત્તાની લાલચ આપીને મુસલમાનોના અંદરથી જ મુસલમાનોના વેશમાં ઈસ્લામી અક઼ીદા તથા એકતા વિરુદ્ધ ષડયંત્રો રચનાર માણસો તથા ફિર્ક઼ા પેદા કર્યા અને તેમને ભરપૂર પ્રોત્સાહન તથા ટેકો આપ્યો જેના કારણે મુસલમાનોમાં પ્રારંભિક યુગથી નવા નવા ફિર્ક઼ા જન્મ પામવા લાગ્યા, જેમ કે મર્જીયા, ક઼દરીયા,

ખારજી, શીઆ, મોઅતઝલા... વગેરે અને તેના પછી સબાઈયત, વહાબિયત, દેવબંદિયત, કાદયાનિયત, નેચરિયત જેવા ફિર્કા જાહેર થયા અને તેના જ પરિણામે નબુવ્વતના યુગથી જ જૂઠા નબુવ્વતના દાવેદારો મુસૈલ્મા કઝ્ઝાબ, અસ્વદ ઉન્સી અને સજાહ બિન્તે હારિષ (એક સ્ત્રી) જેવા લોકોએ નબુવ્વતના બંધ દરવાજા ઉપર છાપો મારવાની કોશિશ કરી. ત્યાર પછીથી આજ સુધી આ પરંપરા ચાલુ છે અને આવનાર સમયમાં ત્યાં સુધી ચાલુ રહેશે જ્યાં સુધી કે હદીષના પ્રકાશમાં ત્રીસની ગણતરી ન પૂરી થઈ જાય. હુઝૂર ખાતમુલ અંબિયા ﷺનું ફર્માન છે : (અર્થાત) : **"બેશક ! મારી ઉમ્મતમાં ત્રીસ જૂઠા (લોકો) થશે કે તેમાંથી દરેક પોતાને નબી કહેશે, જ્યારે કે હું આખરી નબી છું, મારા પછી કોઈ નબી નથી."** *(મુસ્નદે અહમદ, પેજ–૨૭૮, ભાગ–૭)*

## દરેક યુગમાં જૂઠા નબીઓનો સફાયો થયો

હુઝૂર ﷺ તથા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ અને ખાસ કરીને હઝરત સૈયદના સિદ્દીકે અકબર, હઝરત શહર બિન બાઝાન, હઝરત અબૂ મૂસા અશ્અરી, હઝરત મઆઝ બિન જબલ, હઝરત ખાલિદ બિન વલીદ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ એ તે જ સમયે પગલાં ભરીને દીનના આંત્રિક દુશ્મનો વિરુદ્ધ સખત કાર્યવાહી કરી. નબુવ્વતના જમાના પછી સિદીકી યુગમાં નબુવ્વતનો જૂઠો દાવેદાર "તુલયહા" પણ હતો જે પછી મુસલમાન થઈ ગયો. આ (નબુવ્વતના દાવેદારો)ના ગૃપમાં એક નામ "મુખ્તાર ષકફી"નું પણ છે જેની કત્લ હઝરત મુસ્અબ બિન ઝુબૈર رضی اللہ عنہ એ કરી.

ખિલાફતે રાશિદા પછી પણ અમુક લોકોએ નબુવ્વતનો દાવો કર્યો અને ઈર્તેદાદ તથા નબુવ્વતના દાવાના કારણે તે લોકોને તે યુગના મુસ્લિમ બાદશાહો તથા ઉલમા, મશાઈખે ઈસ્લામથી બહાર ઠરાવી દઈને ધરપકડ કરીને મૌતને ઘાટ ઉતાર્યો અને ઈસ્લામ તથા મુસલમાનોને તેમના ફિત્નાથી સુરક્ષિત રાખ્યા. ઉમ્વી ખલીફા અબ્દુલ મલીકના યુગમાં હારિષ નામના વ્યક્તિએ તથા અબ્બાસી ખલીફા હારૂન રશીદના યુગમાં પણ એક વ્યક્તિએ નબુવ્વતનો દાવો કર્યો.

## અંગ્રેજોના ગુલામ જૂઠા નબી કાદયાનીની દાસ્તાન

ઈ.સ. ૧૯૦૦માં મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ અંગ્રેજોના કાવતરા હેઠળ કાદયાન પંજાબમાં ધીરે ધીરે મક્કારી સાથે નબુવ્વતનો દાવો કર્યો, મિર્ઝાએ લગભગ ચોવીસ વરસની ઉંમરમાં અંગ્રેજી શાસનના ડિપ્ટી કમિશ્નર સિયાલકોટની ઓફિસમાં પંદર રૂપિયા માસિક પગાર ઉપર કર્લાક તરીકે નોકરી શરૂ કરી અને આ પ્રમાણે તેણે બ્રિટનની સત્તાની નિકટતા પ્રાપ્ત કરી. અને અંગ્રેજ સામ્રાજ્યે મિર્ઝાને પોતાના મતલબનો આદમી ગણીને મુસલમાનો દરમિયાન વિખવાદ તથા ફૂટ ફાટ માટે તેનો ખૂબ ઉપયોગ કર્યો.

પહેલાં તેણે આર્યો તથા પાદરીઓ વિરુધ્ધ મુનાઝિર તથા સુધારક તરીકે કામ શરૂ કર્યું જેથી ખાસ લોકો તથા અવામનું એક ગૃપ તેનાથી પ્રભાવિત થઈ ગયું. ત્યાર બાદ તેણે મુજદ્દિદનો દાવો કર્યો. ઈ.સ. ૧૮૮૮માં મેહદી મૌઊદ બન્યો, ત્યાર બાદ ઈ.સ. ૧૮૯૦માં ઈસા علیہ السلામના જીવિત હોવાનો ઈન્કાર કર્યો તથા મસીહ علیہ السلامની બરાબર બન્યો અને પછી શરીઅત વિનાનો નબી અને પછી અસ્લી નબી હોવાનો દાવો કર્યો.

૨૯ મે ૧૯૦૮માં એકાએક હૈઝા (એક પ્રકારની ખતરનાક બીમારી)માં સપડાયો. **લાહોરમાં શૌચાલય (જાજરૂ)ની અંદર મરી ગયો** અને કાદિયાનમાં દફન કરી દેવામાં આવ્યો.

## કાદયાનીની બદ્અકીદગીઓનો ચિતાર

મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીની કાદયાની તેહરીકે સામાન્ય પબ્લિકની સાથે સાથે પઢેલા ગણેલા અમુક ખાસ લોકોને પણ પ્રભાવિત કર્યા. તેની સૌથી પહેલી કિતાબ "બરાહીને અહ્મદિયા" પ્રકાશિત થઈ. **તેણે એ કિતાબને અલ્લાહનું કલામ કહ્યું,**

એ કિતાબની એક વહાબી મૌલ્વી મુહમ્મદ હુસૈન બટાલ્વીએ પ્રશંસા કરી અને તેના પક્ષમાં તરફદારીભરી સમીક્ષા તથા બચાવ કર્યો, ત્યાં સુધી કે મિર્ઝા કાદયાની આ મૌલ્વીની મસ્જિદમાં લાહોરમાં કેટલાયે દિવસો સુધી મહેમાન પણ રહ્યો.

મિર્ઝા ગુલામ અહમદ કાદયાનીએ નબુવ્વતનો દાવો કરવા માટે કેટલાયે માર્ગો અપનાવ્યા. પહેલાં તો તે મુજદ્દિદ બન્યો, જેમ કે પોતે જ લખે છે :–

"આ આજિઝને (ગુલામ અહમદ કાદયાનીને) મુજદ્દિદનો દાવો હોવા ઉપર અત્યારે અલ્લાહના ફઝ્લથી અગ્યારમું વરસ ચાલે છે." *(નિશાને આસ્માની, પેજ–૩૪)*

ત્યાર બાદ મેહદી હોવાનો દાવો કર્યો, જેમ કે કહે છે : "હું મેહદી છું." *(મઅ્યારુલ્ ઈજતેહાદ, પેજ–૧૧)*

હઝરત **ઈસા** عليه السلام**ના જીવંત હોવાનો ઈન્કાર** કર્યો, જ્યારે કે ઉમ્મતે મુસ્લેમાનો ઈજમાઈ તથા અટલ તરીકો છે કે આપ صلى الله عليه وسلم જીવંત છે, ચોથા આસ્માન તરફ ઉઠાવી લેવામાં આવ્યા છે, ન તો આપને કત્લ કરવામાં આવ્યા છે અને ન તો ફાંસી આપવામાં આવી છે. જેમ કે કુર્આનમાં ઈર્શાદ છે :

**وما قتلوه وما صلبوه..... يقينا بل رفعه الله إليه**

**(અર્થાત)** : "અને તે લોકોએ તેમને (હઝરત ઈસાને) કત્લ નથી કર્યા અને ન તો તેમને ફાંસી આપી, બલ્કે તેઓ માટે તેમનો હમશકલ એકને બનાવી આપ્યો, અને જેઓ વિખ્વાદ કરે છે નક્કી તેઓ શકમાં છે તેઓને આ વાતની કાંઈ ખબર નથી, ફક્ત પોતાના વહેમની પેરવી છે, અને બેશક ! તેઓએ તેમને કત્લ નથી કર્યા બલ્કે અલ્લાહ તઆલાએ પોતાની તરફ ઉઠાવી લીધા." *(સૂ. નિસાઅ્, પા.૫, આ. ૧૫૭)*

ત્યાર પછી મસીહ عليه السلامની બરાબર હોવાનો દાવો કર્યો. એટલે કે હદીષોમાં જે હઝરત ઈસા عليه السلامના બીજીવાર આગમનનું વર્ણન છે તે હું જ છું. જ્યારે કે ક્યાં મિર્ઝા દજ્જાલ અને ક્યાં હઝરત ઈસા عليه السلام પયગંબર ?! ધૂળનો પાક આલમ સાથે શું સંબંધ ? જૂઠો મસીહ દજ્જાલ તો થઈ શકે છે પરંતુ હઝરત ઈસા عليه السلامની બરાબર હરગિઝ નથી થઈ શકતો.

**મિર્ઝા દજ્જાલ માત્ર મુજદ્દિદ તથા મહેદી જ ન બન્યો બલ્કે મઆઝલ્લાહ ! એ દાવો પણ કર્યો કે અલ્લાહની ઝાત તેના અંદર પ્રવેશી આવી છે !** જેમ કે કહે છે, **"મૈં સ્વપ્નમાં પોતાને હુબહુ અલ્લાહ જોયો અને મને યકીન થઈ ગયું હું પોતે અલ્લાહ છું."** *(આઈનએ કમાલાતે ઈસ્લામ, પેજ–૫૬૪)*

આ ઉપરાંત તેણે લખ્યું છે કે અલ્લાહ તઆલાએ તેને ફર્માવ્યું, **"તું મારા પુત્રનું સ્થાન ધરાવે છે."** *(હકીકતુલ્ વહી, પેજ–૬, લેખક મિર્ઝા)*

ત્યાર બાદ તેણે અંતમાં પોતાના નબી હોવા માટે ખુદાઈ વહી તથા ઈલ્હામો ઘડી કાઢયા અને પોતાને અલ્લાહનો નબી તથા રસૂલ ખ્યાલ કર્યો. જેમ કે કહે છે કે, "ખુદાએ તઆલાએ બરાહીને અહમદિયા (જે મિર્ઝા દજ્જાલનું બનાવટી અલ્લાહનું કલામ છે)માં આ આજિઝનું (પોતાનું) નામ **ઉમ્મતી પણ** રાખ્યું છે અને **નબી પણ.**" *(બરાહીને અહમદિયા)*

આ ઉપરાંત કહ્યું, "હું તો ખુદાની કસમ ખાઈને કહું છું કે જેના હાથમાં મારી જાન છે ! કે તેણે જ મને મોકલ્યો છે અને મારું નામ નબી રાખ્યું છે." *(તતિમ્મા હકીકતુલ્ વહી, પેજ–૬૮)*

આ પ્રમાણે પણ કહ્યું, **"સાચો ખુદા એ જ છે જેણે કાદિયાનમાં પોતાનો રસૂલ મોકલ્યો."** *(દાફેઉલ્ બલા, પેજ–૨૬)*

તેણે કહ્યું, "હું **અહમદ** છું જે આયત **مبشرا برسول ياتى من بعدى اسمه أحمد** માં મુરાદ છે." *(એક ગલ્તી કા ઈઝાલા, પેજ–૬૭૩)*

આયતનો અર્થ : અને તે રસૂલની બશારત (ખુશખબરી) સંભળાવું છું જે મારા પછી તશરીફ લાવશે તેમનું નામ અહમદ છે. *(સૂ. સફ, પા. ૨૮)*

એક જગાએ કહ્યું, "અલ્લાહ તઆલા

**કાદયાનને** આ તાઉન (પ્લેગ)ની ભયાનક તબાહીથી સુરક્ષિત રાખશે કેમ કે **આ તેના રસૂલની તખ્તગાહ** (રહેઠાણની જગ્યા ) છે." *(દાફેઉલ બલા, પેજ–૧૦)*

મિર્ઝા દજ્જાલ ઈસાઈયત તથા યહૂદિયતના સંરક્ષણ હેઠળ બનાવટી નબુવ્વતના દરજ્જાને પ્રાપ્ત કરવામાં સફળ તો થઈ ગયો, પરંતુ જ્યારે ઉમ્મતે મુસ્લેમાના અકીદાઓમાં એક અટલ અકીદો એ હતો કે હુઝૂર અકદસ ﷺ ખાતમુન્નબીય્યીન અર્થાત આખરી (અંતિમ) નબી છે, આપ ﷺ પછી હવે કોઈ બીજા નબી અથવા રસૂલ નહીં આવે. આપ ﷺ ઉપર નબુવ્વતનો દરવાજો બંધ થઈ ચૂક્યો છે. તો આ અડગ અકીદાને આશંકિત કરવા માટે "ખાતમુન્નબીય્યીન"નો એવો અર્થ ઘડી કાઢયો જેના દ્વારા નબુવ્વતના દાવાનો માર્ગ સમતલ થાય અને સમર્થકોની એક જમાઅત તૈયાર થાય જેમ કે "ખાતમુન્નબીય્યીન"ના મનઘડત અર્થની સ્પષ્ટતા કરતાં મિર્ઝા કાદિયાની લખે છે કે :–

"નબી કરીમ ﷺના ખાતમુલ્ અંબિયા હોવાનો મતલબ એ છે કે આપ જ સાહિબે ખત્મ (અંગૂઠીવાળા) છે. અન્ય કોઈપણ વ્યક્તિ આપની અંગૂઠી (ખાતમ)થી ફયૂઝ પ્રાપ્ત કર્યા વિના વહીની નેઅમતથી લાભ નથી ઉઠાવી શકતો, ઉમ્મતે મુહમ્મદિયા અલ્લાહ તઆલા સાથે વાતચીત તથા સંબોધનની સઆદતથી ક્યારે પણ મેહરૂમ ન થાત. કેમ કે ખતમ કરનાર (અંગૂઠી વડે મોહર કરનાર) માત્ર આપ જ છે. **આપની જ અંગૂઠી દ્વારા નબુવ્વતની પ્રાપ્તિ શક્ય છે.** જેથી આવનાર નબી માટે ઉમ્મતે મુહમ્મદિયામાંથી હોવું જરૂરી છે." *(હકીકુલ્ વહી, પેજ–૨૭, ઈસ્લામી મઝાહિબ–૩૮૦ ના હવાલાથી)*

એક બીજી જગ્યાએ લખે છે કે, "જો હું આપની ઉમ્મતમાંથી ન હોત અને આપ (ﷺ)ના તરીકાની પૈરવી ન કરતો હોત તો **અલ્લાહ તઆલા સાથે વાતચીતના શરફ (માન)થી મુશર્રફ (સન્માનિત) ન થાત,** ભલે ને મારા અમલો પહાડ બરાબર હોય. કેમ કે નબુવ્વતે મુહમ્મદીના કારણે તમામ નબુવ્વતોનો સંબંધ તૂટી ગયો છે. જેથી આપના પછી કોઈ સાહિબે શરીઅત (નવી શરીઅત સાથે આવનાર) નબી નહીં થાય. પરંતુ **ગૈર તશરીઈ (નવી શરીઅત સાથે ન આવનાર) નબી આવી શકે છે.** પરંતુ તેનું આપની ઉમ્મતમાંથી હોવું જરૂરી છે." *(અત્તજલ્લિયાતુલ્ ઈલાહિયાત, પેજ–૨૪, ઈસ્લામી મઝાહિબ, પેજ–૩૮૧ના હવાલાથી)*

આ લખાણોથી જાહેર થાય છે કે મિર્ઝા કાદયાનીએ મુજદ્દિદ તથા મેહદી હોવાનો જ માત્ર દાવો નથી કર્યો, બલ્કે ખુદાઈ વહી તથા ઈલ્મહામો ઘડીને "ખાતમુન્નબીય્યીન"ના એક એવા અર્થનું અર્થઘટન કર્યું જેથી તેના નબુવ્વતના દાવાની રાહ સમતલ થઈ શકે અને તેની આ નાપાક યોજનાને પ્રગતિ મળે તથા નબીએ પાક ﷺ પછી તેનું રસૂલ તથા નબી હોવું આવશ્યક બને અને ઉમ્મતે મુસ્લેમાના દિમાગોમાંથી ખત્મે નબુવ્વતનો સર્વ સમંત તથા અટલ અકીદો આશંકિત તથા ડગુમગુ થઈ જાય.

## નાનોત્વી દેવબંદી તથા મિર્ઝા કાદયાની બંનેવ હમ મસ્લક !

હવે જુઓ દારુલ ઉલૂમ દેવબંદના કહેવાતા સ્થાપક, "કાસિમુલ ઉલૂમ" **મૌલ્વી કાસિમ નાનોત્વી મહાશયનું કથન** જેમણે પણ આ જ ફરજ બજાવી હતી. **મિર્ઝા કાદયાની કરતાં પણ પહેલાં તેમણે "ખાતમુન્નબીય્યીન"નો અર્થ આખરી નબી હોવું અવામ (સાધારણ લોકો) તથા નાસમજ લોકોનો વિચાર જાહેર કર્યું અને આ કતઈ તથા અટલ અકીદાને કેટલાયે કમજોર પુરાવાઓ થકી રદ કરીને હુઝૂર ﷺ પછી બીજા નબીના આગમનને જાઈઝ તથા શક્ય કહ્યું.** નાનોત્વી મહાશયે નબુવ્વતનો **દરવાજો તો ખોલી આપ્યો પણ તેમાં દાખલ ન થઈ શક્યા !** પરંતુ **મિર્ઝા દજ્જાલ તેમનાથી ઘણો હિંમતવાળો સાબિત થયો કે તેણે નબુવ્વતનો દરવાજો પણ ખોલ્યો અને તેમાં દાખલ પણ થઈ ગયો.** જેમ કે મિર્ઝા દજ્જાલ લખે છે :–

## દેવબંદના પાયા પર કાદયાનીની ઈમારત રચાઈ

"મારો દાવો છે કે **હું રસૂલ તથા નબી છું."** *(બદર સામયિક, ૫–માર્ચ–૧૦૯૮)*

મોલ્વી યૂસુફ લુધ્યાન્વી દેવબંદીએ કાદયાનિયતનો રદ કરતાં જે સ્પષ્ટતા કરી છે તેનાથી સાફ જાહેર થાય છે કે **નાનોત્વી તથા મિર્ઝા બંનેય આ વિષયમાં એકમત છે** કે આપ ﷺ પછી નબુવ્વતનો દરવાજો બંધ નથી. જેમ કે લખે છે : "કાદયાની મિર્ઝાઈ કહે છે કે, "ખાતમુન્નબીય્યીન"નો મતલબ એ નથી કે આપ ﷺ આખરી નબી છે ન તો એ મતલબ છે કે આપ ﷺ પછી નબુવ્વતનો દરવાજો બંધ છે બલ્કે મતલબ એ છે કે આઈન્દા (હવે પછીના નબી) હુઝૂર ﷺની મોહર (ખાતમ, અંગૂઠી)થી જ બન્યા કરશે." *(તહફ્ફુઝે નામૂસે રિસાલત ઔર ગુસ્તાખે રસૂલ કી સજા, પેજ–૩૯૨)*

મને ઘણુ આશ્ચર્ય થાય છે કે કાદયાની પહેલાં નાનોત્વી સાહેબે નબુવ્વતનો દ્વાર ખોલ્યો અને "ખાતમુન્નબીય્યીન"નો અર્થ અંતિમ નબી હોવું આમ પ્રજા તથા નાસમજ લોકોનો ખ્યાલ બતાવ્યો અને સાફ શબ્દોમાં કહ્યું કે :–

**"જો હુઝૂર ﷺના જમાનામાં કોઈ નબી પેદા થઈ જાય તો પણ આપ ﷺનું ખાતમ હોવું બદસ્તૂર (કાયદેસર) બાકી રહે છે. બલ્કે જો બિલફર્ઝ (ધારો કે) નબીના જમાના પછી પણ કોઈ નબીના પેદા થઈ જાય તો પણ ખાતમિય્યતે મુહમ્મદી (મુહમ્મદ ﷺના છેલ્લા અંબિયા હોવા)માં કોઈ ફરક નહીં પડે.** *(તેહઝીરુન્નાસ, પેજ–૨૮)*

## દેવબંદીઓ નાનોત્વીને કાફિરનો ફત્વો કેમ નથી આપતા ?!

બતાવો કે, "નબીના જમાના પછી પણ કોઈ નબી પૈદા થઈ જાય તો પણ ખાતમિયતે મુહમ્મદીમાં કોઈ ફરક નહીં પડે !" **કાદયાની નબી ﷺના જમાના પછી જ પૈદા થયો અને પોતાને નબી જાહેર કર્યો તો કાદયાનીને કાફિર કહેવામાં આવ્યો પરંતુ નાનોત્વી મહાશયની તકફીર (કાફિર ઠરાવવું) કેમ ન કરવામાં આવી અને નથી કરવામાં આવતી ?!** જ્યારે ખાતમુલ્ અંબિયાનો મતલબ નાનોત્વી મહાશય તે જ કહે છે કે :–

**"પબ્લિકની માન્યતામાં તો રસૂલુલ્લાહ ﷺનું ખાતમ (અંતિમ નબી) હોવું એ અર્થમાં છે કે આપનો જમાનો પહેલાંના અંબિયાના જમાના પછી અને આપ સર્વમાં અંતિમ નબી છે, પરંતુ સમજદારો માટે સ્પષ્ટ હશે કે જમાનાના આધારે આગળ પાછળ હોવામાં પોતે (સ્વંય) કાંઈ ઉત્તમતા (ફઝીલત) નથી."** *(તેહઝીરુન્નાસ, પેજ–૩)*

શું આ ઈજમાઈ તથા યકીની અકીદાનો અસ્વીકાર નથી ? છે અને જરૂર છે ! તો પછી ઝબાનો કેમ ગુંગી છે ? તેમની તકફીર (કાફિર ઠરાવવું) કેમ ન કરવામાં આવી ? જ્યારે તેમનું લખાણ કુફ્રના અર્થમાં સ્પષ્ટ તથા નિશ્ચિત છે જેની તાવીલ (અર્થઘટન કરવું) એ તાવીલ ન કહેવાય બલ્કે તેમના આ લખાણનું અસલીરૂપ બગાડી તેમાં અર્થ પરિવર્તન કરવું કહેવાય ! જે વાસ્તવમાં નાનોત્વી મહાશયને જ પસંદ નથી કે તેમના આ લખાણના નિશ્ચિત મતલબના વિરુદ્ધ છે.

સારાંશ એ કે **કાદયાનીથી પહેલાં નાનોત્વી મહાશયે એક સર્વ માન્ય અકીદા ઉપર છાપો માર્યો અને કાદયાનીએ ત્યાર બાદ નાનોત્વી મહાશયની માત્ર હિમાયત (સમર્થન) જ ન કરી બલ્કે તેમનાથી બે ડગલાં આગળ વધીને પોતે જ નબી તથા રસૂલ બની બેઠો !** આમ છતાં **નબુવ્વતનો દરવાજો ખોલવામાં બંનેય બરાબર છે** અને નાનોત્વી મહાશયે પહેલાં ખોલ્યો જેથી તેમની તકફીર (કાફિર ઠરાવવું) જરૂરી હતી. જેમ કે એહલે સુન્નતના ઉલમાએ ખાસ કરીને આ'લા હઝરતે તેની સ્પષ્ટ તકફીર કરી છે.

## હઝરત ઈસા عليه السلامની શાનમાં ગુસ્તાખીઓ !

ક઼ાદયાની દજ્જાલે માત્ર કાલ્પનિક ખુદાઈ વહી દ્વારા ખુલ્લમ ખુલ્લા પોતાના નબી તથા રસૂલ હોવાનો દાવો જ ન કર્યો, બલ્કે જ્યારે જૂઠો તથા બનાવટી નબી બની ગયો તો હવે બીજા નબીઓની શાનમાં ખાસ કરીને હઝરત ઈસા عليه السلامની શાનમાં સખત ગુસ્તાખીઓ તથા ભૂંડાપણાનું સબૂત આપવા માંડયો, જ્યારે કે **કોઈ નબીની શાનમાં અદના ગુસ્તાખી કરનાર પણ કાફિર છે** કેમ કે **દરેક નબીની તા'ઝીમ ઈમાનના ફર્ઝો તથા દીનના મૂળભૂત અક઼ીદાઓમાંથી છે.**

હવે વાંચો હઝરત ઈસા પૈગંબર عليه السلامની મહાન શાનમાં આ ક઼ાદયાની દજ્જાલ ઉદ્ધતના ગુસ્તાખીભર્યા લખાણો :—

૧. ''આપ (હઝરત ઈસા) عليه السلامનું કજરીઓ (વેશ્યાઓ) તરફ આકર્ષિત થવું અને (તેમની સાથે) સોહબત (સહવાસ) પણ કદાચ એ જ કારણે હોય કે જદ્દી મુનાસબત (બાપદાદા જેવા સંબંધો) વચમાં છે.'' *(ઝમીમા અંજામે આથમ, પેજ—૫)*

૨. આ ગુસ્તાખે રસૂલે તો ગુસ્તાખી તથા બેશરમીની પણ હદ કરી નાખી. લખે છે કે, ''મસીહ (ઈસા عليه السلامનું) ચાલ ચલન શું હતું ?! એક ખાઉં, પીઉં, શરાબી, કબાબી, ન પરહેઝગાર, (ન) ઈબાદત ગુઝાર, ન હક઼્ક઼નો પરસ્તાર, અભિમાની, ખુદાઈ દાવો કરનાર.'' (મઆઝલ્લાહ !) *(મક્તૂબાતે અહમદિયા, પેજ—૨૧, ભાગ—૩)*

૩. આ વાંચો અને લા'નત કરો આવા દજ્જાલ ઉપર કે જેણે આપ صلى الله عليه وسلمની દાદીઓ તેમજ નાનીઓની શાનમાં પણ પોતાના ખબીષ હોવાનું સબૂત આપ્યું. લખે છે કે, **''આપ (صلى الله عليه وسلم)ની ત્રણ દાદીઓ તથા નાનીઓ ઝિનાકાર (વ્યભિચારી) તથા કસબી સ્ત્રીઓ (વેશ્યાવૃત્તિથી સંબંધિત) હતી જેમના લોહીથી આપ (صلى الله عليه وسلم)નું અસ્તિત્વ થયું.''** (મઆઝલ્લાહ !) *(ઝમીમા અંજામે આથમ, પેજ—૫)*

ઉમ્મતનો સર્વ માન્ય અક઼ીદો એ પણ છે કે કોઈ ગૈર નબી (નબી સિવાય) નબી કરતાં અફઝલ નથી થઈ શક્તો, પરંતુ મિર્ઝા ક઼ાદયાનીએ નબુવ્વત તથા રિસાલતના દાવાના નશામાં કેટલાયે અંબિયાએ કિરામ તથા મહાન રસૂલોની શાનમાં પણ સખત ગુસ્તાખીઓ તથા બદ્ઝબાનીઓ કરી અને તેમની ઉપર પોતાની ફઝીલત (ઉત્તમતા) પણ જાહેર કરી. જેમ કે ક઼ાદયાની દજ્જાલ લખે છે કે :—

૪. **''હું અમુક નબીઓથી પણ અફઝલ છું.''**

તેમજ આ પ્રમાણે પણ કહ્યું :—

*''ઈબ્ને મરયમ કે ઝિક્ર કો છોળો*
*ઈસસે બેહતર ''ગુલામ અહમદ'' હૈ*
*મુહમ્મદ દેખને હોં જિસ્ને અકમલ*
*''ગુલામ અહમદ'' કો દેખે ક઼ાદયાન મેં''*

*—(બદર સામયિક)*

જ્યારે આ ગુસ્તાખે રસૂલ, ખત્મે નબુવ્વતનો મુન્કિર, ઈસા عليه السلامની બરાબરીના દાવેદારની જ્યારે પકડ કરી પૂછવામાં આવ્યું કે તું ઈસા પયગંબર عليه السلامના બરાબર હોવાનો દાવો કરે છે તો તે જાહેર તથા સ્પષ્ટ નિશાનીઓ જે હઝરત ઈસા عليه السلام લઈને આવ્યા જેમ કે મુડદાઓ ઝિંદા કરવાં, જન્મજાત આંધળાઓ તથા કોઢીઓને સાજા કરી આપવા, માટીથી ખંપીઓની શક્લ બનાવવી, ત્યારબાદ તેમાં ફૂંક મારીને અલ્લાહના હુકમથી પક્ષીઓ ઉડતાં કરવાં વગેરે તારી પાસે છે ? તો તેણે જવાબ આપ્યો કે, ''ઈસા આ કામ મેસ્મેરિઝમથી કરતા હતા.'' *(મેસ્મેરિઝમ, અંગ્રેજીમાં એક પ્રકારનું જાદૂ, અલ્ મુસ્તનદુલ્ મો'તમદ, પેજ—૩૯૯)*

આ ઉપરાંત મો'જિઝાઓને મકરૂહ તથા નાપસંદ ઠરાવીને હઝરત ઈસા عليه السلامની શાનમાં તૌહીનના હેતુથી લખે છે કે, ''જો આ પ્રકારના મો'જિઝાઓને (હું) મકરૂહ (નાપસંદ) ન જાણતો હોત તો (હું) ઈબ્ને મરયમથી ઓછો ન હોત.'' *(ઈઝાલએ અવહામ, પેજ—૧૧૬)*

આમ કહ્યું કે, **''ગૈબી ખબરો (છુપી વાતોની**

**ખબર)માં જૂઠનું (સામેલ) હોવું નબુવ્વતના વિરુદ્ધ નથી. કેમ કે આ (ગૈબી ખબરોમાં જૂઠ) બેશક ! ચારસો નબીઓની ખબરોમાં જાહેર થયું છે અને સૌથી વધુ જેમની ખબરો જૂઠી થઈ તે હઝરત ઈસા (علیہ السلام) છે."**

હુદૈબિયાની સુલહના વાક્યાને આવી જ જૂઠી ખબરોમાં ગણે છે. અને આ સ્પષ્ટ કર્યું કે, "**હઝરત ઈસા (علیہ السلام)ની નબુવ્વત ઉપર કોઈ દલીલ (પુરાવો) નથી.**" તથા કહ્યું કે, "**બલ્કે ઘણીયે દલીલો (પુરાવાઓ) તેમની નબુવ્વતના રદ (બાતિલ હોવા)માં ઉપસ્થિત છે.**" *(અલ્ મુસ્તનદુલ મુઅ્તમદ, પેજ–૪૦૦નો સારાંશ)*

ઉપરોક્ત તમામ વાસ્તવિક વાતો રજૂ કરવાનો હેતુ તથા મક્સદ એ છે કે મિર્ઝા ગુલામ અહમદ **કાદયાનીએ માત્ર મુજદ્દિદ, મેહદી તથા મુહદ્દિષ હોવાનો જ દાવો નથી કર્યો બલ્કે હઝરત ઈસા علیہ السلامના જીવંત હોવાનો ઈન્કાર કર્યો, પોતાને હઝરત ઈસા علیہ السلامના બરાબર કહ્યો, ગૈબી ખબરોમાં જૂઠ હોવાનો આક્ષેપ કર્યો, પોતાને અફઝલ બતાવ્યો. હઝરત ઈસા علیہ السلامના મો'જિઝાઓને મકરૂહ તથા મેસ્મેરિઝમ કહ્યા, આપની ઉચ્ચ શાનમાં સખત અપશબ્દો તથા ગાળો ભાંડી, આપની દાદીઓ તેમજ નાનીઓને ઝિનાકાર (વ્યભિચાર) કહ્યાં, અને રસૂલે આ'ઝમ ખાતિમુન્નબીય્યીન ﷺ પછી સાફ તથા સ્પષ્ટ શબ્દોમાં પોતાને નબી તથા રસૂલ કહ્યો**. આ આયતે કરીમા **مبشرا برسول یاتی من بعدی اسمه أحمد**ના પાત્ર પોતાને ઠરાવી દીધો. અને તે ઉપરાંત અસંખ્ય કુફ્રી વાતો બકી ચૂક્યો **જેના કારણે ઉલમાએ ઈસ્લામે તેને કાફિર કહ્યો અને ઈસ્લામથી બહાર ઠરાવી દીધો અને એવો કાફિર મુર્તદ ઠરાવ્યો કે તેની કુફ્રભરી વાતો તથા તેના મુર્તદ હોવા પર આગાહ તથા સૂચિત થયા પછી જો કોઈ તેના કાફિર તથા મુર્તદ હોવામાં થોડો પણ શક કરે તે કાફિર છે.** મુજદ્દિદે આ'ઝમ સૈયદના આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, "કાદયાની તો એવો મુર્તદ છે જેનાં સંબંધમાં તમામ હરમૈન શરીફૈનના ઉલમાએ એકમત થઈને તેહરીર ફર્માવ્યું છે કે, "જે તેના કાફિર હોવા તથા અઝાબમાં થોડી પણ શંકા કરે તે કાફિર છે. તેને મઆઝલ્લાહ ! મસીહ મૌઉદ (હઝરત ઈસા علیہ السلام) અથવા મેહદી અથવા મુજદ્દિદ અથવા એક છેલ્લા દરજ્જાનો મુસલમાન સમજવું તો ઘણી દૂરની વાત જે **તેના કાફિર હોવામાં થોડી પણ શંકા કરે તે પોતે કાફિર મુર્તદ** છે. *(ફતાવા રઝવિય્યા, પેજ–૩૩૪, ભાગ–૫)*

## કાદયાનીનો મુકાબલો કરવા સુન્નીઓ જાગે !

આથી સ્પષ્ટ જાહેર થાય છે કે મિર્ઝા ગુલામ અહમદ કાદયાની પોતાના લા'નતભર્યા કથનોના કારણે એવો કાફિર તથા મુર્તદ છે કે તેના કુફ્ર તથા ઈર્તેદાદ પર માહિતગાર થયા બાદ જો કોઈ તેના કાફિર હોવામાં શક કરે તો તે પણ કાફિર છે. તમામ ઉલમાએ ઈસ્લામે આ જ ફત્વો આપ્યો. આ જે કાદયાનિયતનો ફિત્નો કાંઈ ઓછો નથી બલ્કે સંપૂર્ણ આલમે ઈસ્લામમાં ફિત્નાની જાળ ફેલાવી દેવામાં આવી છે. આજે જગ્યા જગ્યાએ કાદયાનિયતનાં મર્કઝો (કેન્દ્રો) સ્થાપિત છે. **A.M.T.V.**ના નામથી એક આખી ટી.વી. ચેનલ કાદિયાનિયતના પ્રચાર માટે વકફ કરી આપી છે. આ ચેનલ દ્વારા ચોવીસ કલાક કાદિયાનિયતની તબ્લીગ તથા પ્રસિદ્ધિ થઈ રહી છે. આપણા અસ્લાફે કિરામ (પહેલાંના બુઝુર્ગો) તથા મોટા મોટા આલિમોએ કાદિયાનિયતના મૂળો ઉખેડવામાં પૂરી કોશિશ કરી, તેઓના વિરુદ્ધ કુફ્રના ફત્વા જારી ફર્માવ્યા. પોતાની તકરીરો, તબ્લીગો તથા લખાણોમાં તેઓના બાતિલ કુફ્રી અકીદાઓ ખૂબ ખૂબ સ્પષ્ટ કર્યા. પરંતુ આજે જ્યારે કે કાદયાનિયત ઉમ્મતે મુસ્લેમાના અકીદાઓ તથા ઈમાનને તબાહો બરબાદ કરવા માટે ટી.વી. ચેનલનો સહારો લીધો છે અને રોજ, રોજ કાદયાનિયતના ફિત્નાની ખૂબ પ્રસિદ્ધિ કરવામાં આવી રહી છે. તો આવી

પરિસ્થિતિમાં ઈસ્લામના દાઈઓ (દા'વત આપનાર, મુબલ્લિગો)ની મહત્વની ઝિમ્મેદારી છે કે તેઓ ક઼ાદયાનિયતના ફિત્નાનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરે અને આ ફિત્નાના મૂળો ઉખેડવા માટે એવા અસરકારક આધારોનો ઉપયોગ કરે જેનાથી ક઼ાદયાનિયતની આશાઓનો જનાઝો નીકળી જાય અને મઝહબે હક્ક઼નો પરચમ આખી ઈસ્લામી દુનિયામાં લહેરાય અને ઉમ્મતે મુસ્લેમા ક઼ાદયાનિયતના ફિત્નાથી સુરક્ષિત રહે. અલગ અલગ ભાષાઓમાં સુંદર લખાણ તથા આકર્ષક છાપકામ સાથે દલીલો તથા પુરાવાઓથી ભરપૂર અને અસરકારક લેખો ઉપર આધારિત કિતાબો પ્રકાશિત કરવામાં આવે અને સમયની માંગો તથા આવશયક્તાઓ અનુસાર શરીઅતની સીમાઓને ધ્યાનમાં રાખીને ઈસ્લામના દુશ્મનોના અવરોધક બનવા માટે ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આવે અને ક઼ાદયાનિયતને તેના ઘર સુધી એવી રીતે પહોંચાડો કે ક઼ાદયાનિયત હમેશાં હમેશાં માટે દફન થઈ જાય અને બીજીવાર માથુ ઉઠાવવાની હિંમત ન કરે. જાહેર છે કે આજે આપણા ઈસ્લામી અક઼ીદાનો દુશ્મન સર્વ રીતે કાર્યરત છે અને આપણા અક઼ીદા તથા ઈમાનને તબાહ કરવા માટે એકદમ તૈયાર છે, આવા સંજોગોમાં આ ફિત્નાનો મુક઼ાબલો કરવા માટે આપણે અમલના મેદાનમાં ઉતરવું પડશે અને તેના સ્વપ્નોના શીશ મહેલને ધ્વસ્ત કરવા માટે આયોજનપૂર્વક ભરપૂર કોશિશ સાથે કાર્યો કરવાં પડશે. એક દા'વત આપનાર તથા આમંત્રિત કરનારની દા'વતના સિદ્ધાંતો તથા તેના મૂળભૂત નિયમો શું છે જેના દ્વારા ઈસ્લામી જગતમાં દા'વતનું કામ ખૂબ ખૂબ આમ થાય અને ફિત્નાઓનો કિલ્લો ભોંય ભેગો થાય, તે ધ્યાનમાં રાખી કામ કરવાનું છે. ત્યારબાદ દુશ્મન કયા સિદ્ધાંતો પર કાર્યરત થઈને પોતાના ફિત્નાઓને ફેલાવે છે ? આ તમામ વાતો ઉપર ન માત્ર વિચાર કરવાની જરૂરત છે બલ્કે તેનો ધ્યાનપૂર્વક અભ્યાસ કરી તેના ઉપર કાર્યરત થવાની પણ જરૂરત છે. આજે આપણે ત્યાં વિચારવિમર્શ તથા ચિંતન મનન તો ઘણુ કરવામાં આવે છે, પરંતુ વિચારો તથા ચિંતનોને વ્યવસ્થિત તથા એક જગ્યાએ કરીને અમલના મેદાનમાં લાવવાની કોશિશ ઓછી થાય છે. શારેએ ઈસ્લામ નબીએ આખિરુઝ્ઝમાં ﷺએ પોતાના યુગમાં તબ્લીગના એવા સિદ્ધાંતો અપનાવ્યા જેના દ્વારા જગત ઈસ્લામી તા'લીમતથી પરિચિત થયું અને બાતિલોના મહેલોમાં ભૂંકપ આવી ગયો. તે યુગમાં આજની જેમ નિકાસ વિકાસના માધ્યમો ન હતાં, ઈલેક્ટ્રોનિક મિડિયા ન હતું, તો પણ ઈસ્લામનો પ્રકાશ ઘરે ઘર પહોંચ્યો. આજના યુગમાં ઉલમાએ ઈસ્લામ તથા નબવી દીપકના ઈલ્મી વારસો નબીએ અકરમ ﷺના નાઈબો છે તેઓની અતિ અગત્યની જિમ્મેદારી છે કે આ ફિત્નાને કચડવા માટે સંસ્થારૂપે મંડળ બનાવી જઝબા તથા નિખાલસતાની સાથે મેદાનમાં ઉતરે અને જે ઈસાઈયત તથા યહૂદિયતના પીઠબળ તથા સહાયતા પ્રાપ્ત કરીને આ ફિત્નાએ માથુ ઊંચક્યું છે અને ઈસ્લામના શત્રુઓની છત્રછાયામાં તે ઉછરી રહ્યો છે, તેમની નાપાક યોજનાઓને ધૂળમાં મેળવી દેવા સતર્ક રહી કામ કરે. દા'વતને અસરકારક બનાવવા માટે યોગ્ય ઉપાયો મુજબ અમલ કરે તથા અસરકારક અંદાજમાં દા'વતને આમ કરે. અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે : كلمة الله هى عليا ''અલ્લાહનો કલમો (વાત) જ સરબુલંદ રહેશે.'' *(અશ્રફિયા–મુબારકપુર, ફેબ્રુ–૦૯ના સૌજન્યથી)*

*નૂરે ખુદા હૈ કુફ્ર કી હરકત પે ખદાંઝન*
*ફૂંકો સે યે ચિરાગ બુઝાયા ન જાએગા*

## ખુશ અક઼ીદા સુન્નીઓને ખુશખબર !

ફિક઼્હની મશ્હૂર કિતાબ **'બહારે શરીઅત'** જેના ગુજરાતીમાં અગાઉ **૧૦** ભાગો છપાય ચૂક્યા છીએ જે હાલ ઉપલબ્ધ નથી. જેથી અમોએ તેના અનુવાદક પીર હઝરત સૈયદ કમરુદ્દીનબાવા દરિયાઈ કારંટવી સાહબથી ઈજાઝત મેળવી **૧ થી ૫** અને **૬ થી ૧૦** આમ બે સેટમાં નવેસરથી છપાવવાનું નક્કી કર્યું છે. તો સખીદાતાઓ આ ક્ષેત્રે આગળ આવી અમોને સહકાર કરશો જેથી કામ વહેલી તકે મંઝિલે મક઼સૂદ સુધી પહોંચે. લિ. *–તંત્રી*

# નઅતની મેહફિલો અને આપણી વાસ્તવિક સ્થિતિ

લેખક
અલ્લામા મુહમ્મદ અબ્દુલહકીમ શરફ ક઼ાદરી رحمۃ اللہ علیہ
રજૂકર્તા
મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી
(મુદર્રિસ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

*મીલાદુન્નબી ﷺ મનાવવા સંબંધે વહાબી દેવબંદી ગુસ્તાખે રસૂલ ફિર્કાવાળાએ ફેલાવેલી ગુમરાહીનો ઈમાન અફરોઝ લાજવાબ જડબાતોડ જવાબ* **બરકાતે ખ્વાજા (માસિક)** *ડિસેમ્બર–૨૦૦૮ના તંત્રી લેખમાં વાંચી લેશો. પણ મીલાદુન્નબી મનાવવા સંબંધે પણ કાંઈક નીતિ નિયમો હોવા જોઈએ કે જેથી અતિશયોક્તિભરી વાતો કે શરીઅત વિરુદ્ધ કામો આ પ્રોગ્રામોમાં ન ઘૂસે. જેમ કે આજકાલ* **જુલૂસોમાં બેન્ડ બાજા** *તથા ક્યાંક તો વળી* **નાચકૂદ** *પણ તથા* **ફટાકડાબાજી** *પણ થતી હોય છે,* **તો એ સૌ કામો હરામ** *છે અને એનાથી સુન્નિયત બદ્નામ થાય છે, સ્ટાન્ડર્ડ હવાલાથી બયાનો તથા જુલૂસોમાં ખૂબ જ અદબભેર નઅતો સલામો પઢાવી જોઈએ. અત્રે મહાન સુન્ની આલિમ મુસન્નિફે તસાનીફે કષીરા હઝરત* **અલ્લામા મુહમ્મદ અબ્દુલહકીમ શરફ ક઼ાદરી** رحمۃ اللہ علیہ *નો લેખ કેટલીક ગલત વાતોની સુધારણા કાજે રજૂ કરીએ છીએ જેને વાંચો અને ફયૂઝ પામો.*

*.......................................–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

અલ્લાહ તઆલાની હમ્દો ષના અને નબીએ કરીમ ﷺની નઅત તથા આપનું ઝિક્ર કરવું તથા સાંભળવું એ રૂહની ગિઝા અને ઈમાનની તાજગી છે. આ અલ્લાહ તઆલાની સુન્નત છે, ફરિશ્તાઓનો વઝીફો છે, અંબિયાએ કિરામનો પસંદીદા અમલ છે, સહાબાએ કિરામ, અવલિયાએ કામિલીન અને અઈમ્મએ મુજતહિદીનનો સરમાયએ હયાત (જીવન મૂડી) છે.

હઝરત હસ્સાન બિન ષાબિત, અલ્લામા જામી, સઅદી, બુસૈરી, અને ઈમામ અહમદ રઝા رضوان اللہ تعالیٰ علیہم اجمعین આ સૌ ઈશ્કો મહ્બ્બતના કાફલાના એ સરદારો છે જેમણે પોતાના દર્દમાં ડૂબેલા નગ્માઓથી એક જગતને જોશમાં લાવી દીધેલ છે.

હદીષ શરીફમાં છે કે **જે વ્યક્તિમાં ત્રણ ચીજો હશે તે એના સબબે ઈમાનની મીઠાશ પામશે**, એ ત્રણમાંથી એક એ છે કે :–

"અલ્લાહ તઆલા તથા તેના હબીબે મુકર્રમ ﷺ તેને સર્વ લોકોથી અધિક મહબૂબ હોય."

### ★ ઈમાનની મીઠાશ એટલે શું ? ★

ઈમાનની મીઠાશ પામવાનો મતલબ શું છે ? ઈમામ નુવવી શારેહે મુસ્લિમ ફર્માવે છે કે, એનો અર્થ એ છે કે **ઈમાનની મીઠાશ પામનાર મુસ્લિમ બંદા પર અલ્લાહ અને તેના રસૂલ ﷺના અહકામ પર અમલ કરવું મુશ્કેલ નથી રહેતું બલ્કે સરળ થઈ જાય છે.**

આ હદીષથી અમુક મસાઈલ જાણવા મળ્યા :–

**(૧)** બંદએ મો'મિન માટે જરૂરી છે કે દુનિયાની દરેક વ્યક્તિ તથા સર્વ માલો દૌલતથી અધિક અલ્લાહ અને તેના હબીબ ﷺ સાથે મહોબ્બત રાખે.

**(૨)** સર્વ શ્રેષ્ઠ અને સર્વ પ્રથમ અલ્લાહ તઆલાની મહ્બબત છે અને અલ્લાહ તઆલા પછી અલ્લાહ તઆલાના હ઼બીબે અકરમ ﷺની મહ્બ્બત છે.

એક બુઝુર્ગે આ જ ફર્માવ્યું છે :–

*બાદ અઝ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર*

**(૩)** અલ્લાહ તઆલા અને તેના હબીબ ﷺની **મહ્બ્બતનો તકાઝો** છે કે બંદએ મો'મિન **અલ્લાહ તઆલાનો ફર્માબરદાર** રહે, તેના **ફરાઈઝ** અને **વાજિબો**ને અદા કરે, હુઝૂર નબીએ કરીમ ﷺની **સુન્નતો પર અમલ કરે**, તેનું રહન સહન, બોલચાલ, લિબાસ નબીએ કરીમ ﷺ, સહાબાએ કિરામ, અહલે બૈતે એઝામ અને ઔલિયાએ કિરામ જેવા હોય.

એક અરબી શાયરે કેટલું સરસ કહ્યું છે :–

"તું અલ્લાહ તઆલાની નાફર્માની કરે છે અને દેખાવ એ કરે છે કે તું તેનાથી મહોબ્બત કરનાર છે ! મારી જિંદગીના માલિકની કસમ ! આ વર્તન આશ્ચર્યજનક છે ! જો તારી મહોબ્બત સાચી હોત તો તું અલ્લાહ તઆલાની ફર્માંબરદારી કરતો, બેશક ! મુહિબ્બ (મહોબ્બત કરનાર) પોતાના મહબૂબનો ફર્માબરદાર હોય છે."

### ★ નઅત લખનારાએ રાખવાની કાળજીઓ ★

ઈમાનની મીઠાશ અને શાયરીની સલાહિયત (ક્ષમતા)નો જ્યારે સંગમ થાય છે તો નઅત બને છે, હવે નઅત લખનારનો ઈલ્મ અને અભ્યાસ જેટલો અધિક હશે તેના કલામમાં એટલી જ ગહરાઈ હશે અને જો શાયર મકામે ઊલૂહિયતની નઝાકત તથા શાને રિસાલતનો સંપૂર્ણ ખયાલ રાખશે તો તેની નઅત મહોબ્બત અને શરીઅતની કસોટી પર ખરી ઉતરશે. હઝરત કઅબ બિન ઝુહૈર رضی اللہ عنہએ જ્યારે પોતાનો મશહૂર નઅતિયા કસીદો સરકાર ﷺની બારગાહમાં રજૂ કર્યો તો સરકાર ﷺએ એમની નઅતને પસંદ ફર્માવી પરંતુ સાથે જ એક શેઅરની સુધારણા પણ કરી દીધી. હઝરત કઅબ رضی اللہ عنہએ ફર્માવ્યું હતું :–

"આપ એ અગ્નિ સમાન છે જેનાથી પ્રકાશ અને માર્ગદર્શન લેવામાં આવે છે અને આપ હિંદુસ્તાનની ઉત્તમ તલ્વારોમાંથી એક તલવાર છે."

અહીંયાં એ વાતની સ્પષ્ટતા કરવી જરૂરી છે કે હઝરત કઅબ رضی اللہ عنہએ આગની સમાન એટલા માટે કહ્યા કે અરબસ્તાનના અમીર ઉમરાવો રાતના સમયે પોતાના મકાનોની બહાર ઊંચી જગ્યાએ આગ સળગાવતા જેનાથી રાતના અંધકારમાં ભટકતો કોઈ વટેમાર્ગુ અગ્નિ જોઈ એ સમજી જાય કે અહીંયાં એવું સ્થળ છે જ્યાં રાત્રી રોકાણ પણ થઈ શકે છે અને જમણ પણ. આ રીતે અગ્નિ માર્ગદર્શનનું કામ આપતી. અને હિંદુસ્તાની તલ્વાર પોતાની મજબૂતી અને ધારદાર હોવાના લીધે ઈસ્લામ પહેલાંથી જ મશહૂર હતી, માટે આગથી સખાવત અને તલવારથી બહાદુરી બતાવવા આપને આગ અને તલ્વારની જેમ બતાવ્યા. અર્થમાં જો કે આ બરાબર હતું પરંતુ આગ અને હિંદુસ્તાની તલ્વાર સાથે સમાનતા શાને રિસાલત અને મકામે નબુવ્વતના યોગ્ય ન હતી, એટલા માટે આપ ﷺએ એ રીતે ઈસ્લાહ ફર્માવી કે આ શેઅર જમીનથી આસ્માનની બુલંદીઓ સુધી પહોંચી ગયો, આપે ફર્માવ્યું, કઅબ બિન ઝુહૈરા ! તમે પોતાના શેઅરમાં આ પ્રમાણે ફેરફાર કરી લો :–

"હુઝૂર ﷺ એવું નૂર છે જેનાથી રોશની પ્રાપ્ત કરવામાં આવે છે અને આપ અલ્લાહ તઆલાની તલ્વારોમાંથી એક બેનિયામ તલ્વાર છે." અને નબીએ કરીમ ﷺએ આપને ચાદર પણ અતા ફર્માવી દીધી.

કસીદા બુર્દા શરીફના લેખક ઈમામ બુસૈરી رضی اللہ عنہએ નઅતિયા શાયરીમાં મકામે ઉલૂહિયતનો સંપૂર્ણ ખ્યાલ રાખવા તરફ ઘણી જ સારી રીતે ધ્યાન દોર્યું છે. ફર્માવે છે :–

"ઈસાઈઓએ પોતાના નબી ઈસા علیہ السلام વિશે જે કાંઈ કહ્યું તેને છોડી દો અને એ સિવાય નબીએ કરીમ ﷺની તા'રીફમાં જે કાંઈ કહેવું હોય તે કહો, અને તેને સ્વીકારી લો." (ઈસાઈઓએ હઝરત ઈસા علیہ السلامને ખુદા, ખુદાના પુત્ર કહ્યા. મઆઝલ્લાહ !)

ઈમામ બુસૈરી رضی اللہ عنہ નઅત લખનાર શાયરોના પેશ્વા છે માટે નઅતિયા શાયરી લખનાર શાયરોએ પણ આપની આ નસીહતને હમેશાં ધ્યાનમાં રાખી અને આપણા સમક્ષ એવા અનેક મુસ્તનદ શોઅરા (વિશ્વસનીય શાયરો) છે જેમની લખેલી નઅતોમાં સહેજ ચૂક જોવા નથી મળતી. એવા જ શાયરોમાં એક ઈમામ અહમદ રઝા કાદરી رضی اللہ عنہ પણ છે જેમણે મકામે ઉલૂહિયતનો ખ્યાલ રાખવાની નસીહત પોતાની વિશિષ્ટ શૈલીમાં ફર્માવી છે.

### ★ નઅત કહેવું તલ્વારની ધાર પર ચાલવા સમાન ! ★

પાકિસ્તાનના મશહૂર સ્કોલર અને નઅતગો શાયર અલ્લામા કૌષર નિયાઝી અને એનું વર્ણન કરતાં લખે છે :–

"શાયરી એક બીજુ મેદાન છે જ્યાં બેઈખ્તિયાર (અનાયાસે) અદબ અને સાવધાનીનું દામન હાથોથી

છૂટી જાય છે, અને શાયરીમાં નઅતગોઈ તો એટલી મુશ્કેલ છે કે જેમાં એક એક કદમ પુલસિરાત પર રાખવો પડે છે ! એમાં એકબાજુ મહોબ્બત છે તો બીજી બાજુ શરીઅત." એક શાયરે રોઝએ રસૂલ ﷺ પર પોતાની હાજરીનો નક્શો આ રીતે ખેંચ્યો છે :–

*કિસ બીમો રજા કે આલમ મેં તૈબા કી ઝિયારત હોતી હૈ*
*એક સિમ્ત મહબ્બત હોતી હૈ એક સિમ્ત શરીઅત હોતી હૈ*
*(બીમો રજા–ડર તથા ઉમ્મીદ, સિમ્ત–તરફ)*

પરંતુ હકીકતમાં આ સ્થિતિ ફક્ત રોઝએ રસૂલ ﷺની ઝિયારત કરતાં જ નથી હોતી બલ્કે નઅત લખતી વેળા એક એક શેઅર પર આ ઈમ્તિહાન અને કસોટીમાં પસાર થવું પડે છે. અહીંયાં પણ એક બાજુ મહોબ્બત હોય છે અને બીજી બાજુ શરીઅત ! જો એક માત્ર શરીઅતનો લેહાઝ રાખવામાં આવે તો શેઅર શેઅર ન રહે, વાએઝ અને તકરીર બની જાય અને માત્ર મહોબ્બતના જ તકાઝા પૂરા કરવામાં આવે તો એક એક શબ્દ શરીઅતની પકડમાં આવે. ઊર્ફી શીરાઝીએ આ નાઝુક સ્થિતિને પોતાના એક શએરમાં વર્ણવી છે :

*ઉર્ફી મશિતાબ કે ઈ રહે નઅત ન સહરા*
*આહિસ્તા કે રહ બર દમે તૈગ અસ્ત કદમ રા*

**(અર્થાત)** : "ઉર્ફી (શાયર) જલ્દી જલ્દી કદમ ન ઉપાડ કે આ નઅતનું મેદાન છે, જંગલ નથી ! ધીમે ધીમે ચાલ ! કારણ કે તું તલ્વારની ધાર પર પગ મૂકી રહ્યો છે."

સૈયદી ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ મલ્ફૂઝાતમાં ફર્માવે છે : –"નઅત કહેવું (લખવું) તલ્વારની ધાર પર ચાલવા સમાન છે, (નઅત કહેનાર) આગળ વધે છે તો ઉલૂહિયત સુધી પહોંચી જાય છે અને કમી કરે છે તો ગુસ્તાખી થાય છે."

નઅતગોઈમાં આપની સાવચેતી તથા સાવધાનીનો ઉલ્લેખ આપે પોતાના એક શેઅરમાં આ રીતે કર્યો છે :–

*હું અપને કલામ સે નિહાયત મહઝૂઝ,*
*બેજા સે હે અલ્ મિન્નતુ લિલ્લાહ મહફૂઝ*
*કુર્આન સે મૈંને નઅતગોઈ સીખી,*
*યઅની રહે આદાબે શરીઅત મહફૂઝ*

નઅતગોઈ માટે ઈલ્મ તથા અમલની સાથે શાયરને મકામે ઉલૂહિયતનો એહસાસ અને શાને રિસાલતનું સંપૂર્ણ જ્ઞાન હોવું અત્યંત અનિવાર્ય છે. દિલો દિમાગ જાગૃત હોય અને અક્કલનો રખેવાળ દિલની પાસે રહે, ત્યારે જ ઉચ્ચ કક્ષાની નઅતિયા શાયરી સામે આવી શકે છે. કોઈ શાયરે ઘણુ જ સરસ કહ્યું છે :–

*દર કફે જામે શરીઅત દરે કફે સદાને ઈશ્ક*
*હર હવસનાકે નદાનદ જામો સંદા બાખ્તન*

**(ભાવાર્થ)** : "એક હાથમાં શરીઅતનો જામ અને એક હાથમાં એરણ (જેના પર લોહાર લોખંડ મૂકી ઘા મારે છે) દરેક હવસ પરસ્ત એક સાથે જામ અને એરણ સાથે નથી ખેલી શકતો."

## ★ નઅતના પ્રોગ્રામમાં રાખવાની કાળજીઓ ★

નઅત શરીફ, નઅતખ્વાં અને નઅત સાંભળનારાઓ માટે અમુક આદાબ અત્રે રજૂ કરવામાં આવે છે જેથી તેના પર અમલ કરી આપણે સંપૂર્ણપણે નઅતના ફુયૂઝો બરકાતથી માલામાલ થઈ શકીએ.

**(૧)** સૌથી અગત્યની વાત એ છે કે **નઅતખ્વાં માત્ર મધૂર અવાજવાળો ન હોય**, બલ્કે **સુન્નતે મુબારકા તેના માથા અને ચેહરા પર જલ્વાગર હોય**, જો તે નમાઝ નથી પઢતો અથવા સુન્નતે મુબારકા તેના ચહેરા અને માથા પર સજેલી નથી તો તેનો અવાજ શરીઅત પર અમલ કરવા બીજાઓને કઈ રીતે પ્રેરિત કરશે ?!

**(૨)** આપણી નઅતમાં હમ્દે ઈલાહી પઢવાની પણ વ્યવસ્થા હોવી જોઈએ.

**(૩)** આપણી નઅતની મેહફિલોનો પ્રારંભ તિલાવતે કુર્આનથી થાય છે, જેને સામાન્ય શ્રોતાઓ સમજી નથી શકતા કે અલ્લાહ તઆલાના કયા પયગામની તિલાવત કરવામાં આવી ? માટે તિલાવતની સાથે તર્જુમો પણ થવો જોઈએ.

**(૪)** મુસ્તનદ (ભરોસાપાત્ર) ઉલમાની નઅતો પઢવામાં આવે, જેમ કે હઝરત હસ્સાન બિન ષાબિત, ઈમામ બુસૈરી, અલ્લામા જામી, અલ્લામા રૂમી, શૈખ સઅદી, ઈમામ અહમદ રઝા, અલ્લામા હસન રઝા, હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ (رضوان الله تعالى عليهم اجمعين)

વિગેરે અને આવા જ બીજા ઉલ્માની લખેલ હોય, નહીં તો બેઈલ્મ અથવા કમ ઈલ્મ શાયરો એવા એવા શેઅર લખી મારે છે જેનાથી ફાયદાના બદલે નુકસાન જ થાય છે !

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની સામે કોઈએ આ શેઅર પઢયો :–

*કબ હૈં દરખ્ત હઝરતેવાલા કે સામને*
*મજનૂં ખળે હૈં ખૈમએ લૈલા કે સામને*

આપે તુરત જ મના ફર્માવ્યું અને કહ્યું કે આ શેઅર શાને રિસાલતથી નિમ્ન (ઉતરતી) કક્ષાનો છે, આ રીતે પઢો :–

*કબ હૈં દરખ્ત હઝરતે વાલા કે સામને*
*કુદ્સી ખળે હૈં અર્શે મુઅલ્લા કે સામને*

એક મેહફિલમાં કોઈએ આ શેઅર પઢયો :–

*ખુદા હૈ મુહમ્મદ, મુહમ્મદ ખુદા હૈ !* (નઊઝબિલ્લાહ !)

મૈં તે જ સમયે મના કરી દીધું :–

એક કિતાબમાં એક શેઅરનો ટુકડો હતો :–

*બ બાતિન ખુદા હૈ, બઝાહિર મુહમ્મદ*

આવા શેઅર લખનાર અને પઢનાર તો રહ્યા, સાંભળીને સુબ્હાનલ્લાહ ! કહેવાવાળાની પણ ખૈર નથી ! (ઈમાન ખતરામાં પડી જશે !) એક મેહફિલમાં આ શેઅર પઢવામાં આવ્યો :–

*ખુદા હાફિઝ સહી નાસિર સહી લેકિન*
*હમેં કાફી હૈ બસ તેરા સહારા યા રસૂલલ્લાહ !*

મૈં સાંભળતાં જ રોકી દીધો, આ શેઅરનો સ્પષ્ટ મતલબ એ છે કે ભલે ખુદા હાફિઝ તથા નાસિર (હિફાઝત કરનાર તથા મદદગાર) છે પરંતુ યા રસૂલલ્લાહ ! ﷺ અમને તો આપનો જ સહારો પૂરતો છે ! (નઊઝુબિલ્લાહ !)

જ્યારે કે એક મુસલમાનનો અકીદો એ છે અને હોવો જોઈએ કે નબીએ અકરમ ﷺની મદદ અલ્લાહ તઆલાની જ મદદ છે, પરંતુ આપના વસીલા અને વાસ્તાથી છે.

એક મશહૂર પંજાબી નઅતનો મિસ્રો છે :–

*કી કી ન કીતા યારને ઈક યાર વાસ્તે*
*રબ મેહફિલાં સજાયાને સરકાર વાસ્તે*

આનાથી એ ગુમાન થાય છે કે બે હસ્તીઓ સમાન છે, જેમાંથી એકે હસ્તી બીજા માટે મેહફિલો સજાવી છે, એવા દરેક શબ્દથી બચવું જોઈએ જેનાથી સમાનતાનો વહેમ પણ થાય.

પંજાબી શાયરો સામાન્યતઃ નબીએ અકરમ માટે "સોંહનિયા" શબ્દનો ઉપયોગ કરે છે એ નથી સમજતા કે આ શબ્દ વડે કોને સંબોધવામાં આવે છે, નાનાને કે બરાબરને, કોઈ મોટી વ્યક્તિને માટે આ શબ્દનો ઉપયોગ નથી થતો, દા.ત. કોઈ પોતાના બાપ કે પીર સાહબને આ રીતે નહીં સંબોધે "સોંહનિયા" કિથો આયા ઈ ?" જ્યારે આ રીતે પોતાના બાપને સંબોધવામાં નથી આવતો તો ફખ્રે કાઈનાત, સરવરે મૌજૂદાત ﷺને આવા તોછડા શબ્દથી સંબોધન કરવું કેમ કરી યોગ્ય થશે ? હા ! "સોહંના" શબ્દનો ઉપયોગ કરી શકાય છે, જેમ કે :–

*સાડા આકા સબ સોંહનિયા તૂં 'સોહના'* ﷺ

આજના બદ્અમલીભર્યા માહોલમાં મુસલમાનોના દિલોમાં ખૌફે ખુદા અને આખેરતની ફિક્ર પેદા કરવાની સખ્ત જરૂરત છે. જો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ જેવા મુત્તકી, પરહેઝગાર, મો'મિને કામિલ આવું કહે તો યોગ્ય છે :–

*ખૌફ ન રખ "રઝા" ઝરા તૂ તો હૈ અબ્દે મુસ્તફા*
*તેરે લિયે અમાન હૈ તેરે લિયે અમાન હૈ*

પરંતુ જો દરેક પરહેઝગાર અને ગુનેહગાર, દરેક નેક અને બદ્ માત્ર આ જ વાતને પૂરતી સમજી બેસે તો વિચારો તેનું પરિણામ શું આવશે ?

જેમ કે :–

*ક્યૂં ફિક્ર કરેં યારા, માશહ વી અગીરે દા*
*ઔહનૂં સત્તે ઈ ખૈરાં નીં જેહદા સાંઈ મગર હોવે*

જેનો ભાવાર્થ એ થાય છે કે, "જેના પાછળ સરકાર ﷺની શફાઅત હોય એને કોઈ પરેશાની નથી." બેશક ! આ સત્ય છે પરંતુ આનાથી એક મોટી વિચારધારા પણ પેદા થાય છે કે ગુનાહ પર ગુનાહ કર્યે જાવ ! આપણા માટે તો સરકાર ﷺની શફાઅત છે જ ! પરંતુ **આપણે ગરેવાનમાં ડોક્યું કરી સોચવું જોઈએ કે સરકાર ﷺની શફાઅતના હક્કદાર**

**થવા માટે આપણે શું કર્યું ?** આપણી જેવા ગુનાહોમાં લથપથ લોકો સરકાર ﷺની શફાઅતના હક્કદાર છે ?

હદીષ શરીફમાં છે :–

"ઊંટોની ઝકાત ન આપવાવાળાની ગરદન પર ઊંટ સવાર થશે અને મેદાને મેહશરમાં તેની મદદ કરનાર કોઈ નહીં હોય." એક જ હસ્તી તરફ તેની નિગાહ હશે અને પોકારશે, યા રસૂલલ્લાહ ! ﷺ અગિષ્ની યા રસૂલલ્લાહ ! મારી મદદ કરો ! આપ ફર્માવશે :–

"હું અલ્લાહના અઝાબથી તને નથી બચાવી શકતો કેમ કે મેં તને અલ્લાહ તઆલાના આદેશો પહોંચાડી દીધા છે !" (તો તેં શા માટે જાણવા છતાં તેના પર અમલ ન કર્યો ?! તેં મારું શું માન રાખ્યું !)

કદાચ આ જ હદીષ સામે રાખી એક શાયરે કહ્યું છે :

*ઉસ દિન વેખાંગા મેં આકળતે તેરી મગરૂરી*
*જિસ દિન કહ્યા નબી સરવરને ઈહદ્ નઈ ઉમ્મત મેરી*

**★ કેવળ મેહફિલો જ ન સજાવો પણ...★**

મેહફિલે મીલાદ સજાવવી ખૈરો બરકતનો સબબ છે, નિઃસંકોચ ! પરંતુ એ હકીકત પણ નજરો સમક્ષ રહેવી જોઈએ કે મેહફિલે મીલાદનું આયોજન મુસ્તહબ અને મુસ્તહસન છે પરંતુ **સૌ પ્રથમ "ફર્ઝ" પછી "વાજિબ" પછી "સુન્નત" અને ત્યાર પછી "મુસ્તહબ" છે, જે લોકો ફર્ઝ અને વાજિબ અદા નથી કરતા, માત્ર મીલાદ શરીફના આયોજનને જ પૂરતુ સમજે છે, તેઓ મેહફિલે મીલાદની સંપૂર્ણ બરકતોથી કઈ રીતે ફયૂઝયાબ થઈ શકે છે ?**

વિચારો ! આપણે ઘણી જ ધુમધામથી નબી ﷺની આમદનો જશ્ન મનાવીએ છીએ પરંતુ હાદીએ આલમ ﷺ શા માટે આ દુનિયામાં તશરીફ લાવ્યા હતા એ આપણે ભૂલી ગયા !

મેહ્‌ફિલે નઅત રાત્રે બહુ મોડે સુધી ન ચાલવી જોઈએ જેથી સવારની નમાઝ કઝા ન થાય. કેટલી જગ્યાએ સવારો સવાર મેહફિલ ચાલે છે અને ફજરની નમાઝના સમયે લોકો સૂવાની તૈયારી કરતા હોય છે !

નઅતની મેહફિલો પર સામાન્ય ખર્ચ કરવો જોઈએ અને તે પણ હલાલ કમાઈમાંથી હોવું જરૂરી છે. જોવામાં આવે છે કે એક એક મેહફિલે નઅત પર લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે !

**★ ઈલ્મે દીન પાછળ પણ ખર્ચ કરો ! ★**

યાદ રાખો ! ઈલ્મને ચાહનાર તથા ઈલ્મ પરવર કૌમો ઈલ્મ શીખવાડનાર ઉસ્તાદને પાયાનું મહત્વ આપે છે, ઉસ્તાદ જે તે વ્યક્તિઓ તૈયાર કરે છે જે કૌમોની આગેવાની કર્યા કરે છે, પરંતુ **અમારો અનુભવ છે કે કુર્આન તથા હદીષ તથા દીની ઈલ્મો પઢાવનારા ઉસ્તાદોને એટલું મહેનતાણુ આપવામાં આવે છે જેનાથી તેઓ પોતાની તથા પોતાનાં બીવી બચ્ચાંનું ભરણ પોષણ પણ નથી કરી શકતા ! જ્યારે મક્‌બૂલે આમ નઅતખ્વાં તથા મુકર્રિરો એક એક મેહફિલમાં એનાથી અધિક બલ્કે હજારોમાં નઝરાણા સમેટીને લઈ જાય છે.** એનું ઘણુ મોટુ નુકસાન એ છે કે આપણા તલબા દીની મુદર્રિસ બનવા તૈયાર નથી થતા, જેથી આપણા મદરસાઓએથી ઈલ્મો ફઝ્‌લવાળા હઝરાત તૈયાર નથી થતા. **ગૈરો (બાતિલ ફિર્કવાળાઓ) અરબી ભાષામાં કિતાબો ૧૦–૧૦, ૧૧–૧૧ જિલ્દોમાં છપાઈ રહી છે અને પૂરા જગતમાં ફેલાઈ રહી છે જ્યારે કે આપણે ત્યાં અરબીમાં એક જિલ્દ કે એક ભાગનું છાપવું પણ મુશ્કેલ છે. અને જો કોઈ દીવાનગીભરી હિંમત કરી છાપી પણ નાખે તો કોઈ તેને ખરીદવા માટે તૈયાર નથી થતું !** હદ તો એ કે આપણા બારામાં ગૈરનો દુષ્પ્રચાર (પ્રોપેગન્ડો) છે કે "આ જાહિલોની જમાઅત છે !", "આ બધા જાહિલો છે !".... છેવટે આપણે કયારે ગફલતની નિંદમાંથી જાગીશું ?!

**★ ન્યાઝવાળાની તા'લીમાત પર પણ ચાલો ! ★**

આપણે તે **ટૂંકા પગારો પર ગુજારો કરનારા મુદર્રિસોની ખિદમત કરવાના બારામાં નથી વિચારતા, આપણો સરમાયો બુઝુર્ગો બલ્કે મજઝૂબોના મઝારો પર ખર્ચ થતો રહ્યો છે, કવ્વાલો તથા નઅતખ્વાનો પર નોટોનો વરસાદ કરવામાં આવી રહ્યો છે. આપણે કેવળ અવાજ**

**તથા સૂરતને જોઈએ છીએ, આપણે કેવળ ભપકાને સ્ટાઈલને જોઈએ છીએ. આપણે મીલાદ શરીફ, ગ્યાહરવી શરીફના નામ પર સૈંકડો દેગો તથા રંગબેરંગી ખાણાઓ તથા ફળો વહેંચી કાઢીએ છીએ, અને તે પણ ગરીબોને નહીં ! બલ્કે માલદારો, દોસ્તોને ખવડાવીને તેમજ વહાબી દેવબંદીઓને પણ દા'વતે આમ કરીને ખવડાવી દેવામાં આવે છે ! કે જેઓ નબી વલીના ગુસ્તાખો છે ! તેમ છતાં સંતોષી થઈ જઈએ છીએ કે આપણે જન્નતના મુસ્તહિક઼ (હક્ક઼દાર) થઈ ગયા છીએ !**

આપણે નથી વિચારતા કે :–

- આ મેહફિલોથી આપણામાં શો ઈન્ક઼ેલાબ આવ્યો ?
- કેટલો ખૌફે ખુદા આપણા દિલમાં પેદા થાય છે ?
- સૈયદે આલમ صلی اللہ علیہ وسلم જે મિશનને લઈ તશરીફ લાવ્યા હતા એને અને આપની તા'લીમાતને ફેલાવવા અને તેના પર અમલ કરવાનો કેટલો જઝ્બો પેદા થયો છે ?
- અહલે સુન્નત વલ જમાઅતનું કેટલું લિટરેચર ખરીદીને વિના મૂલ્યે લોકો સુધી પહોંચાડયું ?
- કેટલાક બાસલાહિયત તથા ગરીબ તલબાની ઈમદાદ કરીને તેમના ઈલ્મી સફરને આસાન કર્યો !
- અહલે સુન્નતના કયા મદરસાની ઈમદાદ કરી ?
- કઈ દીની લાયબ્રેરીની સ્થાપ્ના કરી ? અથવા કઈ લાયબ્રેરીની સહાય કરી ?
- આપણા અક઼ીદામાં કેટલી મજબૂતી આવી અને સુન્નિયતની રક્ષા કાજે કેટલા વહાબી સગાંથી દોસ્તોથી આપણે સંબંધો કટ કર્યા ?!

### ★ ખૂબ કડવી પણ સાચી વાત ! ★

જો એમાંથી એક પણ કાર્ય નથી કર્યું તો સમજી લો કે **વર્તમાન યુગના તમામ તકાઝાઓથી આપણે આંખો બંધ કરી લીધી છે.** તફસીરે નઈમી, જાઅલ હક્ક઼ તથા પુષ્કળ કિતાબોના કર્તા હઝરત **અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી** رحمۃ اللہ علیہ એ કેટલી કડવી અને કેટલી સાચી વાત ફર્માવી છે :–

*માલે સુન્ની બહરે ક઼વ્વાલી વ ઉર્સ*
*માલે નજદી બહરે તા'લીમ અસ્ત વ દર્સ*
*માલે સુન્ની બર ક઼ુબૂરો ખાનક઼ાહ*
*દેવબંદી બર ઉલૂમો દર્સગાહ*

"સુન્નીનો માલ ક઼વ્વાલી અને ઉર્સ પર ખર્ચ થાય છે જયારે નજદી વહાબીનો માલ તા'લીમ પર ખર્ચ થાય છે. સુન્નીનો માલ ક઼બ્રો અને ખાનકાહો પર ખર્ચ થાય છે જયારે કે વહાબી દેવબંદીનો માલ ઈલ્મ અને દર્સગાહો પર ખર્ચ થાય છે."

એટલે કે હઝરત **અલ્લામા મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી** رحمۃ اللہ علیہ કહેવા માંગે છે કે તેઓ પૈસા રૂપિયા જમા કરીને તેનું યોગ્ય આયોજન કરીને મોટા મોટા મદરસા, બચ્ચોં કા ઘર ઔરતોના મદરસા, સ્કૂલો.... વગેરે બનાવી **તમારાં જ બાળકોની તથા બાળકીઓની તેમાં ભરતી કરીને દેવબંદિયત વહાબિયત ફેલાવી રહ્યા છે, જ્યારે આપણે ત્યાં કોઈ આવું આયોજન વિચારતું નથી.** (ઈલ્લામાશા અલ્લાહ !) તો આપણે પણ હવે સમયની રગ પારખીને સુન્નિયતને આબાદ રાખવા માટે આ ક્ષેત્રે જાગૃત થઈ આયોજનપૂર્વક કામ કરવું જોઈએ. **કેવળ રસ્મી પ્રોગ્રામો કરીને જ અટકી જવું ન જોઈએ** બલ્કે સુન્નિયતને મજબૂત કરવા ઠોસ પગલાં ભરવાં જોઈએ. રબ તઆલા તૌફીક઼ આપે. આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

**બરકાતે ખ્વાજા માસિકની**

**લેખ હરીફાઈમાં ભાગ લો........ !**

**હવે કયા વિષય પર લેખ મોકલશો ?!**

## વહાબીથી નિકાહ શા માટે નહીં ?!

**નોંધ** : આ સંબંધે પબ્લિક, પીર, મોલ્વીઓનો શું રોલ છે ? અને શું હોવો જોઈએ ? મદરસાના ઉસ્તાદો તલ્બાને લેખ લખવા માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરે. ખૂબ જ દુ:ખની વાત છે કે ક઼લમ ચલાવવા ક્ષેત્રે તલબા સુસ્તી વર્તે છે તો ઉસ્તાદોએ તેમને બાક઼ાયદા ટ્રેનીંગ આપી પ્રોત્સાહિત કરવા જોઈએ.

**તા. ૧૦–૦૪–૨૦૦૯ સુધીમાં**

**આ વિષયે લેખ મોકલી આપવો.** *-તંત્રી*

# બરકાતે ખ્વાજાની ટપાલ...→→→ કાર્યાલય

## ★ નાપાડમાં જશ્ને રઝા મનાવાયો ★

**નાપાડ** : (જિ. આણંદ) મુકામે તા. ૨૧–૨–૨૦૦૯ શનિવાર ઈશા બાદ મુજદ્દિદે આ'ઝમ ઈમામ અહમદ રઝા رضی اللہ عنہના ઉર્સ નિમિત્તે "જશ્ને ઈમામ અહમદ રઝા" મનાવાયો જેમાં સુન્ની દા'વતે ઈસ્લામીના મુબલ્લિગ "તર્બિયતી સેન્ટર" આમોદથી પધારેલા જનાબ ઈમ્ત્યાઝભાઈ ભીવંડીવાળાએ આ'લા હઝરતની ફિક્હાહત, તજદીદી કારનામાં તથા ઈશ્કે રસૂલ પર શાનદાર બયાન કર્યુ હતું. *(રજૂ. મૌલાના મુહમ્મદ અન્વર રઝા અમજદી)*

**ખોજબલ** : જનાબ અબ્બાસ પટેલની શાદીના મુબારક અવસરે ૧–૨–૨૦૦૯ રવિવારે તારીખે મેહફિલે મીલાદ બોલ્ટનથી પધારેલ મૌલાના ઈસ્માઈલ સાહબના આયોજન હેઠળ રાખી જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સૈયદ અહમદ સાહબે (મુંબઈ) ખૂબ જ અનોખા અંદાઝમાં નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા.

**વાગરા** : (જિ. ભરૂચ) મુકામે જશ્ને મીલાદુન્નબી ﷺના નિમિત્તે તા. ૨૭/૨/૨૦૦૯ના રોજ "મેહફિલે સમાએ નઅત" રાખવામાં આવેલ જેમાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી મશ્હૂર નઅતખ્વાં બુલબુલે બાગે મદીના જનાબ અલ્હાજ કારી રિઝવાન સાહબે (મુંબઈ) પોતાના અનોખા અંદાઝમાં નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા તેમજ કુર્આનનો ગુમરાહુન દેવબંદી તર્જુમો તથા આ'લા હઝરતનો ઈમાન અફરોઝ તર્જુમો "કન્ઝુલ ઈમાન"ના નમૂના પેશ કરી દેવબંદીઓની બદ્અકીદગીનેજાહેર કરી તેમનાથી દૂર રહેવા તાકીદ કરી હતી તેમજ ઈસ્લાહી બયાન થકી યુવાનોને દાઢી રાખવા સુન્નતો પર ચાલવા પ્રોત્સાહિત કર્યા હતા.

**મહુધા** : મૌલાના અસ્ગરઅલી સૈયદ (દહીંઅપવાળાના)ના નેક ફરઝંદ અમારા મિત્ર મૌલાના સૈયદ મુહમ્મદ અખ્તરની શાદી આમેના ખાતૂન સાથે પેટલાદ મુકામે તા. ૧૫–૩–૨૦૦૯ના રોજ રાખવામાં આવી. મુબારકબાદ ! મૌલા કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં જોડાને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન) *–તંત્રી*

**જૂનાગઢ** : તા. ૨૨–૨–૨૦૦૯, રવિવારે સવારે ૯ કલાકે જમાલવાડી મસ્જિદે કરીમા કંપાઉન્ડમાં સંજરી સોશ્યલ ટ્રસ્ટ તરફથી ચોથા (૨૧) સમૂહ શાદી (ઈજતેમાઈ નિકાહ)નું શાનદાર આયોજન શરીઅત મુજબ ખાનકાહે રઝવિય્યહના ગાદીનશીન શહઝાદએ હુઝૂર અમીરે એહલે સુન્નત, પીરે તરીકત હઝરત મૌલાના ગુલઝારબાપુ નૂરી રઝવીના પ્રમુખ સ્થાને આયોજન કરવામાં આવેલ જેમાં ઉલમાએ કિરામ, સાદાતે એઝામ તેમજ સમાજના આગેવાનો, ડોકટરો, વકીલો, વરિષ્ઠ પત્રકારો વગેરેએ હાજરી આપી. *–રજૂકર્તા : પ્રમુખ અ. વહાબભાઈ અ. રઝ્ઝાકભાઈ કુરૈશી*

**દયાદરા** : ૨૫ સફર હિ. ૧૪૩૦ (તા. ૨૦–૨–૨૦૦૯) બરોઝ જુમ્આ ઈશા બાદ શાનો શૌકતથી "જશ્ને રઝા" મનાવાયો જેમાં હઝરત મૌલાના સાદિક સાબરી દહેગામીએ આ'લા હઝરતની શખ્સિયતના ઈલ્મી પાસા પર શાનદાર તકરીર કરી હતી.

**જંબુસર** : ખાદિમે મસ્લકે રઝા અલ્લારખા ફુટવાલા જણાવે છે કે જંબુસર જુમ્આ મસ્જિદમાં ૨૫ સફરના રોજ "જશ્ને આ'લા હઝરત" નિમિત્તે હઝરત મૌલાના સૈયદ મન્સૂર આલમ રઝવીએ પુરજોશ ખિતાબ ફર્માવ્યો. તથા ચાંદપીર મસ્જિદ પાસે હઝરત સૈયદ અહમદ હુસૈનબાવા, સૈયદ શૌકતઅલી બાવા નૂરાની, હઝરત સૈયદ હશ્મતઅલી બાવા બરકાતીની હાજરીમાં જશ્ને રઝા મનાવાયો.

**અમદાવાદ** : દારુલ ઉલુમ શાહેઆલમ ખાતે તા. ૨૧–૨–૨૦૦૯ના રોજ "જશ્ને રઝા" જનાબ હાજી ઉસ્માનભાઈ ખત્રી (તંત્રી : તયબાહ)ની નિગરાનીમાં શાનો શૌકતથી મનાવાયો. આ'લા હઝરત رضی اللہ عنہની શાનમાં અસરકારક બયાનો થયાં. પ્રોગ્રામ બાદ ન્યાઝ

જમાડવામાં આવી.

**ભાલેજ** : મૌલાના સૈયદ નૂરમુહમ્મદ સારસાવાળાને ૨૪–૧૨–૨૦૦૯ ના રોજ બોરસદ મુકામે શૈખુલ ઈસ્લામ હઝરત સૈયદ મુહમ્મદ મદની અશરફી જીલાની સાહબે ખિલાફતથી નવાજ્યા છે. એમ હાફેઝ સઈદ ભાલેજવાળાની યાદી જણાવે છે.

## ★ શાદી મુબારક ! ★

**ભરૂચ** : બિજલી નગરથી મુહમ્મદ આદમ ટેલર લખી જણાવે છે કે તેમનાં નેક ફરઝંદ મોહસિનની શાદી રોઝા ટંકારીઆના ઈબ્રાહીમ પટેલની નેક દુખ્તર અનીસાબાનુ સાથે તા. ૯/૧૧/૨૦૦૮ના રોજ અને તેમના બીજા ફરઝંદ આરિફની શાદી મછાસરાના હસન હાજી અહમદની નેક દુખ્તર સાબેરા સાથે ૧૫–૨–૨૦૦૯ના રોજ રાખવામાં આવી હતી. શાદીના આ મુબારક પ્રસંગે તેમના તરફથી "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"ને રૂા. ૧૦૦/– ઈમદાદ મળેલ છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા બંને જોડાને સલામત રાખે આમીન ! *–તંત્રી*

## ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**વાગરા** : મુકામે ફખ્રે ગુજરાત જનાબ મૌલાના યૂનુસ મિસ્બાહીના વાલિદ સાહબ અલીભાઈ ટોપીવાલા તા. ૧૭–૨–૨૦૦૯ના રોજ ઈન્તેકાલ કરી ગયા. આ ગમ્ખ્વાર સમાચાર મળતાં દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે કુર્આન ખ્વાની કરાવી મર્હૂમને ઈસાલે સવાબ કરવામાં આવી. ઉપરાંત દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ, દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા, દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ.....વગેરેમાં પણ કુર્આન ખ્વાની કરી ઈસાલે સવાબ થયો હતો.

**દયાદરા** : ના વલીભાઈ અહમદ હાજી તા. ૫–૩–૨૦૦૯ જુમેરાતના રોજ ટંકારીઆ મુકામે ઈન્તેકાલ કરી ગયા જેમની દફન વિધિ માદરે વતન દયાદરામાં કરવામાં આવી. તેમજ લંડન મુકામે ગુલામભાઈ મસ્તુનો ઈન્તેકાલ તા. ૮–૩–૨૦૦૯ના રોજ તથા મરયમબેન માનાનો ૨૮–૨–૨૦૦૯ના રોજ ઈન્તેકાલ થયો છે.

**પેટલાદ** : મુકામે અમારા પ્રિય મિત્ર જનાબ સૈયદ તાહિરબાપુનાં વાલિદા મોહતરમા સફીયન્નિસાનો તા. ૨–૩–૨૦૦૯ના રોજ ઈન્તેકાલ થઈ ગયો જેમની દફનવિધિમાં બહોળી સંખ્યામાં ઉલમાએ કિરામ, સાદાતે કિરામ તથા મુબલ્લિગો તથા ભરૂચ, વડોદરા વિવિધ જીલ્લાના નૂરાનીબાવાના મુરીદો ચાહકોએ હાજરી આપી હતી. નમાઝે જનાઝા મોઈને મિલ્લત પીર હઝરત સૈયદ મુઈનુદ્દીનબાવા (ખાનકાહે અહલે સુન્નત–વડોદરા)એ પઢાવી હતી. હઝરત સૈયદ તાહિરબાપુ તેમજ આપના મોટાભાઈ સૈયદ જુનૈદબાપુ તરફથી મર્હૂમા વાલિદાના ઈસાલે સવાબ અર્થે ૧૦૦ કોપી "નુઝહતુલ કારી શરહે બુખારી (ગુજરાતી) ભાગ–૧" વહેંચાવામાં આવશે.

**બ્લેકબર્ન** : જનાબ હાજી દાઊદભાઈ ગોરજી (નાઝિમે આ'લા દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ–થામ)ના ફરઝંદ મુહમ્મદ યાસીનનો તા. ૧૬–૨–૨૦૦૯ના રોજ હાર્ટ એટેકમાં અચાનક ઈન્તેકાલ થયો છે.


મૌલા તઆલા તેના હબીબે પાક ﷺના સદકામાં સર્વ મો'મિન મર્હૂમોની મગફેરત ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

**ભૂલ સુધારો..................**

*માર્ચ–૨૦૦૯, બરકાતે ખ્વાજા (માસિક) પેજ નં. ૧૪, કોલમ–૧માં દુરૂદ આ પ્રમાણે સુધારી લેશો :–*

*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા સૈયદી યા રસૂલલ્લાહ*
*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા મલીહલ્ વજહુ*
*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા અવ્વલ ખલ્કિલ્લાહ*
*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા અશ્રફ રસૂલલ્લાહ*
*અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા મન બિક યર્હમ્નલ્લાહ*
*વલ્ હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન.*

**મદદની અપીલ :** ખંભાત : શહેરની ૨૦૦ વરસ પૂરાણી મસ્જિદ શૈખવાડી શહીદ કરીને નવેસરથી બનાવવામાં આવી. હજી અધૂરુ કામ પૂર્ણ કરવા લગભગ **૪૦ હજાર**ની જરૂરત છે. સખીદાતાઓ મર્હૂમોના સવાબ અર્થે આટલુ કામ કરી આપે. રજૂકર્તા : મલેક મુહમ્મદવસીમ એચ. શેખવાડી મસ્જિદ, ખારોપાટ, ખંભાત, જિ. આણંદ, પિન–૩૮૮૬૨૦



## ખાનગી ટૂર થકી હજ્જમાં જનારાઓને ખાસ સૂચનાઓ...........

ઘણા લેભાગુ ટૂરવાળા હાજીઓના પૈસા ચાઉં કરી ગુમ થઈ જાય છે અને હજ્જના ઉમેદવાર મુસીબતમાં પડે છે જેથી નીચેની સૂચનાઓ ખાસ ધ્યાનમાં લેશો :–

(૧) પ્રાઈવેટ (ખાનગી) ટૂર આયોજકોનું રજીસ્ટ્રેશન (માન્યતા–કન્ફર્મેશન), મિનિસ્ટ્રી ઓફ એક્સટર્નલ એફર્સ ઓફ ઈન્ડિયા (હજ્જસેલ), ન્યૂ દિલ્હી દ્વારા કરવામાં આવતું હોય છે. ગુજરાત રાજ્ય માટે ફક્ત–૩૮ (આડત્રીસ) ટૂરોનું ક્વોટા સાથે રજીસ્ટ્રેશન થયેલું છે. આ સિવાયના ટૂર/ટ્રાવેલ્સ આયોજકો "પેટા એજન્ટ" તરીકે કામ કરતા હોય છે આવા "પેટા એજન્ટ"ની ટૂરમાં બુકીંગ ન કરાવતાં ફક્ત રજીસ્ટર્ડ ટૂરમાં જ હજ્જનો પ્રોગ્રામ ગોઠવવા વિચારવું.

(૨) રજીસ્ટર્ડ ટૂર આયોજકો, મળેલ ક્વોટા મુજબ સઉદી ગવર્નમેન્ટ પાસેથી હજ્જ વિઝાના સ્ટીકર્સ મેળવે છે. આ સ્ટીકર્સ પર રજીસ્ટર્ડ ટૂર–કંપનીનું નામ પ્રિન્ટ થયેલું હોય છે. આ વિગત ચકાસી બુકીંગ કરાવવું.

(૩) હજ્જ સેલના રજીસ્ટ્રેશનની સર્ટીફીકેટની નકલ જોઈને જ પૈસા ભરવા વિચારવું.

(૪) ટૂર કંપનીના નામજોગ ચેક/ડ્રાફ્ટ **Payee A/c** લખીને જ આપવો. રોકડ/કેશથી ચૂકવણી કોઈપણ સંજોગોમાં કરવી નહીં.

(૫) લલચામણી–ઓછા દરની અન રજીસ્ટર્ડ ટૂર/ટ્રાવેલ્સમાં જવાનું ટાળવું.

(૬) અમુક ટૂર આયોજકો પોતાના પેમ્ફલેટમાં "**Haj Cell New Delhi**"નો રજીસ્ટર નંબર લખવાને બદલે "ચેરીટી કમિશ્નર"નો નંબર લખી, હાજીઓને ગેરમાર્ગે દોરે છે. આ બાબત ખાસ ધ્યાન લેવી.

(૭) ખાનગી ટૂર આયોજકો પાસેથી શક્ય હોય તો નીચેની વિગતોએ "લેખિત કરાર" કરી લેવો હજયાત્રીઓ માટે ઈચ્છનીય છે. જેવાં કે મક્કા–મદીના ખાતે રહેવાની, જમવાની વ્યવસ્થા, લોન્ડ્રીની સગવડ, સ્ટાન્ડર્ડ હોટલથી હરમ શરીફનું અંતર, કઈ એર લાઈન્સમાં લાવવ/લઈ જવાની વ્યવસ્થા, બીમારી વખતની સેવા, હજ્જના પાંચ દિવસો દરમ્યાન સ્પે. બસની સગવડ વગેરે.

(૮) ટૂર–આયોજકોએ મક્કા/મદીના ખાતે કરાર મુજબની સવલતો–સગવડો ન આપી હોય, ઉપરાંત લે ભાગુ ટૂર–આયોજકો દ્વારા હજ્જ યાત્રીઓ ભોગ બન્યા હોય તો, તેઓને પડેલી તકલીફો ઠગાઈ, છેતરપીંડી, બેઈમાનીની સંપૂર્ણ વિગતો મોકલવા તેમજ વધુ માહિતી માટે જનાબ અકબરભાઈ રાણા, (મો.) ૯૮૨૪૦ ૦૮૭૯૮નો સંપર્ક સાધવો.

તેમજ હજ્જ વ ઝિયારતની માહિતી માટે કિતાબ "બેહતરીન હજ્જ" રૂા. ૧૦માં અને બે VCD (હજ્જ વિશે માહિતી) તથા ત્રણ કિતાબો, પેમ્ફલેટ વગેરે રૂા. ૫૦માં મોકલવામાં આવે છે, તેમજ પ્રાઈવેટ રજી. ટૂર્સવાળાની યાદી પણ મંગાવી શકશો. *–રજૂકર્તા :* ***હાજી ખાદિમહુસૈન યુ. મન્સૂરી*** *પ્લોટ નં. ૮૬૮/૧, સેક્ટર નં. ૨/સી, ગાંધીનગર–૩૮૨૦૦૭, (મો.) ૯૮૨૪૨ ૨૭૮૬૮*


**વજન વધારો/ઘટાડો શ્રેષ્ઠતમ હર્બલ ફોર્મ્યુલા દ્વારા**

વા, પગ, ગુઠણ, સાંધાના દુઃખાવા, કમરના દર્દ માટે ૧૦૦% ગેરેંટેડ ઈલાજ

સંપર્ક કરો :– **ઈસ્માઈલ સાલેહ**

મુ. **દયાદરા**, મોટા ચકલા, તા. જિ. ભરૂચ

ઈન્ડિયા ખાતે ફોન : (૦૨૬૪૨) ૨૮૦૩૨૨,

**લંડન** ખાતે સંપર્ક ફોન. : (૦૨૦૮) ૪૭૦૨૧૯૮



**★ જરૂરી એલાન ★**

અમદાવાદ શહેરમાં "**બરકાતે ખ્વાજા**" (**માસિક**) તથા "**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**"ના મેમ્બર થવા માટે સંપર્ક કરો :–

**મુહમ્મદ સલીમ રઝા મુહયુદ્દીન મલેક (પેટલાદવાળા)**

અહમદ રઝા ફેન્સી ડ્રેસીસ, ત્રણ દરવાજા, ટયૂટોરીયલ માર્કેટ, પાર્ટી પર્સની બાજુમાં, દુકાન નં. ૨૩, અમદાવાદ (મો. ૯૯૯૮૪ ૭૪૬૭૫)

## ★ લેસ્ટરમાં શાનદાર જૂલુસે મીલાદુન્નબી ★

નિષાર તેરી ચહલ પહલ પર, | સિવાએ ઈબ્લીસ કે જહાંમેં
હઝારોં ઈદે રબીઉલ અવ્વલ | સભી તો ખુશિયાં મના રહે હૈં

મીલાદુન્નબી ﷺના મુબારક અવસરની ખુશીમાં જગતભરમાં સુન્ની મુસ્લિમો પોતપોતાની રીતે ખુશી પ્રદર્શિત કરતા રહે છે એવી જ રીતે લેસ્ટર યુ.કે. ખાતે પણ તા. ૮–૩–૨૦૦૯ રવિવારે બે વાગ્યે સમગ્ર લેસ્ટરના સુન્ની ઉલમા તથા હુફ્ફાઝ તથા સર્વ સુન્ની મસ્જિદોના ઈમામોની સદારત તથા ક્યિાદતમાં સધર લેન્ડ સ્ટ્રીટ મસ્જિદથી જુલૂસ સલાતો સલામ સાથે નીકળ્યું જેમાં સુન્ની યુવાનો, વડીલો, બાળકો સૌ લગભગ ૩૦૦૦ પુરૂષોની મેદની બેનરો, ઝંડાઓ સાથે જોડાયા હતા જે સાડા ત્રણ વાગે સેન્ટ્રલ મસ્જિદ સુધી પહોંચ્યું હતું. જ્યાં છેવટમાં હઝરત અલ્લામા શાહિદ રઝા નઈમી સાહબે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો બાદમાં જનાબ કારી જવ્વાર બહાદુર સાહબે સલાતો સલામ પઢાવી અને હઝરત શાહિદ રઝા સાહબે દુઆ ગુજારી પ્રોગ્રામ ખત્મ કર્યો. ત્યારબાદ સૌને ન્યાઝ જમાડવામાં આવી હતી. જુલૂસમાં અન્ય ઉલમા તથા હુફ્ફાઝમાં મૌલાના હનીફ ખાકી (મસ્જિદે ગુલઝારે મદીના) મૌલાના ખાલિદ રઝવી (ઉષ્માની મસ્જિદ), હાફેઝ ઈકબાલ માંગરોલી, હાફેઝ સલીમ દયાદરવી, હાફેઝ ઈકબાલ કુલ્ફીવાળા, હાફેઝ સુલેમાન હલદરવી, મૌલાના ઐયૂબ કુરચનવી, મૌલાના મુફતી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી દયાદરવી તથા સર્વ સુન્ની મસ્જિદોના ઈમામોએ હાજરી આપી. અલ્હમ્દુલિલ્લાહ ! આ જુલૂસ લેસ્ટરની સુન્ની એકતાનું અનોખું પ્રતીક બની ગયું. સર્વ સુન્ની મસ્જિદોમાં પણ મીલાદુન્નબી ﷺ નિમિત્તે તક્રીર, નઅત, કુર્આખ્વાનીના પ્રોગ્રામો થયા હતા. તેમજ લેડીઝ માટે સેન્ટર મસ્જિદ લેડીઝ ગેલેરીમાં પ્રોગ્રામ થયો જેમાં ૧૫૦૦ જેટલી સુન્ની બહેનોએ હાજરી આપી હતી.

## ★ દારુલ ઉલૂમ ગુલશને અજમેરમાં જશ્ને દસ્તારબંદી ★

**ભરૂચ** : તા. ૫–૩–૨૦૦૯ના રોજ ઈશા બાદ ભરૂચની મશ્હૂર ઈલ્મી દર્સગાહ દારુલ ઉલૂમ ગુલશને અજમેરમાંથી ફારિગ થનાર ૯ હાફિઝ તથા ૨ કારીની દસ્તારબંદીનો શાનદાર પ્રોગ્રામ હઝરત મૌલાના હાફિઝ ઈબ્રાહીમ કાપોદ્રવીની સદારતમાં તથા મૌલાના કલીમુલ્લાહ નિઝામી (સદર મુદર્રિસીન)ની નિઝામત હેઠળ યોજાયો. જેમાં દારુલ ઉલૂમમાં ચાલતા મકતબના બાળકો તથા દારુલ ઉલૂમના તલબા થકી નઅત, મુકાલેમા, તકરીર વગેરેની શાનદાર રજૂઆત થઈ. છેવટમાં હઝરત સૈયદ અમીનુદ્દીન સાહબ માલેગાંવી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાવ)એ નબી કરીમ ﷺ ની નૂરાની હકીકત સંબંધે ઈમાન અફરોઝ બયાન કર્યું તેમજ હિફઝે કુર્આનની ફઝીલતના બારામાં પણ શાનદાર બયાન કર્યું હતું. અંતમાં ઉલમા તથા સાદાતે કિરામના હાથે દસ્તારબંદી બાદ સલાતો સલામ, સૈયદ સાહબની દુઆ સાથે જલસો પૂર્ણ થયો હતો. ભરૂચ શહેરની વિવિધ મસ્જિદોના ઈમામો મૌલાના હઝરાત પણ રોનકે સ્ટેજ હતા.

## ★ ખિલાફત અર્પણ દિલી મુબારકબાદ ! ★

**અમદાવાદ** :થી હાજી મુહમ્મદયાસીન હાજી અબ્દુર્રહમાન ખંભાતી લખી જણાવે છે કે થામ ગામના વતની હાલ રહેવાસી અમદાવાદ આલી જનાબ હાજી દાઊદભાઈ હાજી વલીભાઈ પટેલને પીરે તરીકત હઝરત કિબ્લા હાજી ડો. મુહમ્મદ સાદિક કુરૈશી નક્શબંદી મુજદ્દિદી સાહેબ મદ્દઝિલ્લહુલઆલીએ તા. ૦૧/૦૨/૨૦૦૯ રવિવારના રોજ મસ્જિદે હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ આસ્તાનએ આલીપાક કુત્બેઝમાં આરિફ બિલ્લાહ હઝરત અલ્હાજ શાહ મુહમ્મદ ઉષ્માન સરકાર કુરૈશી નક્શબંદી મુજદ્દિદી رحمۃ اللہ علیہમાં યોજાયેલી મેહફિલે ખત્મે ખ્વાજગાં શરીફ પછી સિલસિલએ આલીયા નક્શબંદી મુજદ્દિદીયાની ખિલાફતો ઈજાઝતથી નવાજ્યા હતા. આ પ્રસંગે હાજી સાદિકહુસૈન મલેક સાહેબ નક્શબંદી મુજદ્દિદી (ગાંધીનગર), આલી જનાબ રફીકભાઈ નક્શબંદી મુજદ્દિદી (રંગવાલા–અમદાવાદ), આલી જનાબ હાજી ઈકબાલહુસૈન ટિંટોઈયા નક્શબંદી મુજદ્દિદી (મોડાસા) તથ ડો. અબ્દુલ રહીમ લાખાણી નક્શબંદી મુજદ્દિદી (બેંગ્લોર)ને પણ ખિલાફતો ઈજાઝતથી નવાજવામાં આવ્યા હતા. અમારા સૌ તરફથી તમાને દિલી મુબારકબાદ પેશ કરીએ છીએ. રજૂ. *એમ. એ. ખંભાતી, જમાલપુર–અમદાવાદ*